SUPREME AUDIT INSTITUTION OF INDIA

लोकहितार्थ सत्यनिष्ठा

Dedicated to Truth in Public Interest

ગુજરાતમાં જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટ સહિત પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાના અમલીકરણના કામગીરી ઑડિટ પર ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો અહેવાલ

ગુજરાત સરકાર

2025 નો અહેવાલ નં. 3

(કામગીરી ઑડિટ-મુલ્કી)

ગુજરાતમાં જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટ સહિત
પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાના
અમલીકરણના કામગીરી ઑડિટ પર
ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો અહેવાલ

ગુજરાત સરકાર

2025 નો અહેવાલ નં. 3

વિષય-સૂચિ

વિગતો	સંદર્ભ	
	ફકરો	પૃષ્ઠ સંખ્યા.
પ્રસ્તાવના		v
કાર્યવાહક સંક્ષેપ		vii-x
પ્રકરણ – I		
પરિચય અને ઑડિટ માળખું		
પરિચય	1.1	1
ઑડિટના ઉદ્દેશો	1.2	1
ઑડિટના માપદંડો	1.3	1-2
ઑડિટનો વ્યાપ અને કાર્યપધ્ધતિ	1.4	2
ઑડિટ માટે નમૂના પસંદગી	1.5	2-3
ઋણ સ્વીકાર	1.6	3
ગુજરાતમાં જિલ્લા ખનીજ નિધિનું કાનૂની માળખું	1.7	3-4
પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના માટે સંસ્થાકીય વ્યવસ્થા અને આયોજન	1.8	4-5
ભાગ – ક		
પ્રકરણ – II		
સમગ્ર રાજ્યમાં પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાનું અમલીકરણ		
જિલ્લા ખનીજ નિધિ કચેરીઓની ટ્રસ્ટ તરીકે નોંધણી	2.1	7
પ્રત્યક્ષ રીતે અસર પામેલા વિસ્તારોની યાદીનું અદ્યતનીકરણ	2.2	7-8
પરોક્ષ રીતે અસર પામેલા વિસ્તારોની યાદી તૈયાર કરવી	2.3	8
ખાણકામથી અસર પામેલા લાભાર્થી/લોકોની ઓળખ કરવી	2.4	8-9
કરાર આધારિત ઓછામાં ઓછા મહેકમની ભરતી	2.5	9-10
જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટનું વ્યાપક (મેક્રો) વિશ્લેષણ	2.6	10
જિલ્લા ખનીજ નિધિ દ્વારા હાથ ધરવામાં આવેલી પરિયોજનાઓ માટે જિલ્લા ખનીજ નિધિનો ફાળો અને ખર્ચ	2.6.1	11
પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળની પરિયોજનાઓ માટે જિલ્લા ખનીજ નિધિના ભંડોળનો ઉપયોગ	2.6.2	12
પર્યાવરણીય વળતર ભંડોળનો ઉપયોગ	2.6.3	13-14
જિલ્લા ખનીજ નિધિનો ફાળો અને વસૂલાતની પદ્ધતિ	2.7	14-15
જિલ્લા ખનીજ નિધિના ફાળાની આવક વસૂલ કરવાની પદ્ધતિ	2.7.1	15
જિલ્લા ખનીજ નિધિઓ હેઠળ આવકની આકારણી, માંગણુ અને વસૂલાત	2.7.2	15-16
જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટોમાં હિસાબી નિરૂપણ	2.7.3	16-17
પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની પરિયોજનાઓનું અમલીકરણ	2.8	17
મંજૂર થયેલી પરિયોજનાઓનું વર્ગીકરણ	2.8.1	17-18
પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ દેખરેખની પદ્ધતિ	2.9	19
જવાબદારી અને પારદર્શકતાની પદ્ધતિ	2.9.1	19

વિગતો	સંદર્ભ	
	ફકરો	પૃષ્ઠ સંખ્યા.
જિલ્લા ખનીજ નિધિઓનું વહીવટી માળખું	2.9.2	19-21
જિલ્લા ખનીજ નિધિઓની કારોબારી સમિતિ અને વહીવટી પરિષદની બેઠકો	2.9.3	21-22
વાર્ષિક અહેવાલ અને ઑડિટ થયેલા હિસાબોની તૈયારી અને મંજૂરી	2.9.4	22
રાજ્ય વિધાનસભા સમક્ષ વાર્ષિક અહેવાલ અને ઑડિટ થયેલા હિસાબો રજૂ કરવા	2.9.5	22-23
જિલ્લા ખનીજ નિધિનું સામાજીક ઑડિટ કરવું	2.9.6	23-24
ભાગ – ખ		
પ્રકરણ – III		
પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓમાં પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાનું અમલીકરણ		
પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓમાં સંસ્થાકીય વ્યવસ્થા અને આયોજન	3.1	25
જિલ્લા ખનીજ નિધિ કચેરીઓની ટ્રસ્ટ તરીકે નોંધણી	3.1.1	25-26
પસંદગીના જિલ્લા ખનીજ નિધિઓના પ્રત્યક્ષ રીતે અસર પામેલા વિસ્તારોની યાદીનું અદ્યતનીકરણ	3.1.2	26-27
વાર્ષિક યોજનાઓની તૈયારી	3.1.3	27-29
પસંદગીના જિલ્લા ખનીજ નિધિઓમાં કરાર આધારિત લઘુત્તમ મહેકમની નિમણૂક	3.1.4	29-30
પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓમાં ભંડોળનું વ્યવસ્થાપન	3.2	30
પસંદગીના જિલ્લા ખનીજ નિધિઓમાં પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ પરિયોજનાઓ માટે જિલ્લા ખનીજ નિધિના ભંડોળનો ઉપયોગ	3.2.1	30-31
વણવપરાયેલા ભંડોળનું રોકાણ	3.2.2	31-32
પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિ હેઠળ આવકની આકારણી, માંગણા અને વસૂલાત	3.3	33
જિલ્લા ખનીજ નિધિની ઓછી વસૂલાત – મુખ્ય ખનીજો	3.3.1	33-34
જિલ્લા ખનીજ નિધિની ઓછી વસૂલાત – ગૌણ ખનીજો	3.3.2	34-35
બાકી જિલ્લા ખનીજ નિધિ ફાળા પર વ્યાજની વસૂલાત	3.3.3	35-36
પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા ઇચ્છિત પરિણામો પ્રાપ્ત કરવા માટે યોજનાનો અમલ	3.4	36-37
ભૌતિક પ્રગતિ અને પરિયોજનાઓ રદ્દ કરવી	3.4.1	37-38
પરિયોજનાની મંજૂરીમાં બિન-કાર્યક્ષમતા	3.4.2	38-39
ઉચ્ચ પ્રાથમિકતાવાળા વિસ્તારો અને અન્ય પ્રાથમિકતાવાળા વિસ્તારોમાં જિલ્લા ખનીજ નિધિનો ખર્ચ	3.4.3	39-40
કામ માટે એજન્સીની પસંદગીની પ્રક્રિયામાં ખામીઓ	3.4.4	40-41
ટેન્ડર આમંત્રિત કર્યા વિના નામાંકનના આધારે એજન્સીને પરિયોજના આપવી	3.4.4.1	41-42
ટેન્ડર પ્રક્રિયાને બાજુ પર રાખવા માટે કામનું વિભાજન	3.4.4.2	42-43

વિગતો	સંદર્ભ	
	ફકરો	પૃષ્ઠ સંખ્યા.
છોટાઉદેપુર ખાતે રક્ત બેંક માટે પરિયોજના	3.4.5	43-44
ઉપલબ્ધ ભંડોળનો ઉપયોગ કરવા માટે એજન્સીને વારંવાર ઓર્ડર આપવાનો અનુચિત લાભ	3.4.6	44-46
શૈક્ષણિક સિરામીક ચાર્ટની પરિયોજના માટે એજન્સીને અધિક ચુકવણી	3.4.7	47
પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા દેખરેખ અને મૂલ્યાંકન	3.5	47-48
જિલ્લા ખનીજ નિધિઓની કારોબારી સમિતિ અને વહીવટી પરિષદની બેઠકો	3.5.1	48-49
જિલ્લા ખનીજ નિધિની પરિયોજનાઓના અમલીકરણમાં અનુસૂચિત વિસ્તારોની જોગવાઇનું પાલન	3.5.2	49-50
નિયત કરેલા રજિસ્ટરો જાળવવા	3.5.3	50
પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓમાં વાર્ષિક અહેવાલો અને ઑડિટ થયેલા હિસાબોની તૈયારી અને મંજૂરી	3.5.4	51
માહિતી, શિક્ષણ અને સંચાર પ્રવૃત્તિઓ	3.5.5	51-52
ઉપસંહાર	3.6	52
ભલામણો	3.7	52-53

પરિશિષ્ટો			
પરિશિષ્ટ નં.	**વિષય**	**આ ફકરો જૂઓ**	**પૃષ્ઠ નં.**
I	કામગીરી ઑડિટ હેઠળ વિગતવાર સમીક્ષા માટે પસંદ કરેલા જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતોના નમૂનાની યાદી	1.5	55-56
II	જાહેરનામાની તારીખથી જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટની નોંધણી માટે લેવાયેલો સમય	2.1	57
સંક્ષેપોની શબ્દસૂચિ			58

પ્રસ્તાવના

માર્ચ 2024 ના અંતિત સમયગાળાનો આ અહેવાલ ભારતના બંધારણની કલમ 151 હેઠળ રાજ્યની વિધાનસભા સમક્ષ મુકવા માટે ગુજરાત રાજ્યના રાજ્યપાલને રજૂ કરવા માટે તૈયાર કરવામાં આવ્યો છે.

આ અહેવાલમાં 2016-17 થી 2023-24 ના સમયગાળા માટે ગુજરાતમાં "પ્રધાનમંત્રી ખનિજ ક્ષેત્ર કલ્યાણ યોજનાના અમલીકરણ સહિત જિલ્લા ખનિજ નિધિ ટ્રસ્ટ" ના કામગીરી ઓડિટના નોંધપાત્ર પરિણામોનો સમાવેશ થાય છે. આ ઓડિટ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971 અને તેના હેઠળ બહાર પડાયેલ ઓડિટ અને હિસાબો પરના નિયમો, 2007 (2020 માં સુધારેલા) ની જોગવાઈઓ હેઠળ હાથ ધરવામાં આવ્યું છે.

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા બહાર પાડવામાં આવેલા ઓડિટના ધોરણો અનુસાર આ કામગીરી ઓડિટ હાથ ધરવામાં આવ્યું છે.

કાર્યવાહક સંક્ષેપ

કાર્યવાહક સંક્ષેપ

કેન્દ્ર સરકારે સપ્ટેમ્બર, 2015 માં જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા એકત્ર કરાયેલા ભંડોળનો ઉપયોગ કરીને ખાણકામ સંબંધિત કામગીરીથી અસર પામેલા વિસ્તારો અને લોકોનું કલ્યાણ સુનિશ્ચિત કરવા માટે પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના શરૂ કરી હતી. ગુજરાત સરકારે 01 એપ્રિલ 2016 ના રોજ ગુજરાત રાજ્યમાં 32 જિલ્લા ખનીજ નિધિઓની સ્થાપના કરી.

ગુજરાત ખનીજ સંશોધન અને વિકાસ સોસાયટી (GMRDS) એ કેન્દ્રવર્તી સંસ્થા છે જે રાજ્યના વિવિધ જિલ્લા ખનીજ નિધિ સાથે સંકલન કરે છે. ભૂસ્તરશાસ્ત્રી/સહાયક ભૂસ્તરશાસ્ત્રીઓ જિલ્લા ખનીજ નિધિની આવકની આકારણી, માંગણું અને વસૂલાત કરવા માટે જવાબદાર છે. ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોમાં જણાવાયું છે કે જિલ્લા ખનીજ નિધિમાં ફાળા માટે ચૂકવણી રોયલ્ટીની ચુકવણી સાથે કરવામાં આવશે અને દરેક જિલ્લા ખનીજ નિધિ ને ચૂકવવાપાત્ર રકમ સરકાર દ્વારા નિર્દિષ્ટ રીતે તેના બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

આ યોજના હેઠળના કામો/પરિયોજનાનું અમલીકરણ લાઇન વિભાગો/કાર્યપાલક એજન્સીઓ જેમ કે, તાલુકા વિકાસ અધિકારી; કાર્યપાલક ઇજનેર, માર્ગ અને મકાન પ્રભાગ; કાર્યપાલક ઇજનેર, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના પ્રભાગો; સિંચાઈ પ્રભાગો; જિલ્લા શિક્ષણ કચેરીઓ વગેરે દ્વારા કરવામાં આવ્યું હતું. ગુજરાત ખનીજ સંશોધન અને વિકાસ સોસાયટીમાં જિલ્લા ખનીજ નિધિ -રાજ્ય કેન્દ્રવર્તી એકમ ગુજરાતના 32 જિલ્લા ખનીજ ફાઉન્ડેશનો પાસેથી મળેલી માહિતીના આધારે પ્રધાન મંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની પરિયોજનાઓની સ્થિતિનું સંકલન અને અદ્યતનીકરણ કરે છે

'જિલ્લા ખનિજ નિધિ ટ્રસ્ટ સહિત પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાના અમલીકરણ' પર કામગીરી ઓડિટ 2016-17 થી 2023-24 ના સમયગાળા માટે હાથ ધરવામાં આવ્યુ હતું. આ કામગીરી ઑડિટ પ્રધાન મંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની માર્ગદર્શિકા, ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) (MMDR) સુધારા અધિનિયમ, 2015 અને તેના નિયમો, ગુજરાત જિલ્લા ખનિજ નિધિ નિયમો, 2016 અને અન્ય સંબંધિત માપદંડોના આધારે હાથ ધરવામાં આવ્યું હતું. આ કામગીરી ઓડિટના ઉદ્દેશ્યો જિલ્લા ખનીજ નિધિનું આયોજન અને સંસ્થાકીય વ્યવસ્થા, જિલ્લા ખનીજ નિધિ દ્વારા ભંડોળ વ્યવસ્થાપન, જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટના ફાળાની આકારણી અને વસૂલાતની પદ્ધતિ, પ્રધાન મંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાના પરિયોજનાઓનું અમલીકરણ અને દેખરેખ પદ્ધતિ અમલમાં છે તેની સમીક્ષા કરવાનો હતા. ઓડિટમાં ગુજરાત રાજ્યમાં પ્રધાન મંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાના અમલીકરણની અસરકારકતાની સમીક્ષા માટે જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ અને ભાવનગર, મહેસાણા, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને સુરતના પાંચ જિલ્લા ખનીજ નિધિના રેકર્ડની તપાસ કરવામાં આવી હતી.

જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ અને પાંચ પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓની કામગીરીની સમીક્ષા પર કામગીરી ઑડિટ ના પરિણામો, જેમાં મહત્વપૂર્ણ તારણો અને ભલામણોનો સમાવેશ થાય છે, તે નીચેના ફકરામાં સંક્ષિપ્તમાં વર્ણવવામાં આવ્યા છે.

આયોજન અને સંસ્થાકીય વ્યવસ્થા

ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો, 2016 મુજબ જિલ્લા ખનીજ નિધિની સ્થાપના માટે કોઈ ચોક્કસ સમય મર્યાદા નહોતી. વિભાગે સૂચનાની તારીખ (01 એપ્રિલ 2016) થી 32 જિલ્લા ખનીજ

નિધિઓની નોંધણીમાં છ થી 48 મહિનાનો સમય લીધો હતો. બે જિલ્લા ખનીજ નિધિઓ[1]માં પ્રત્યક્ષ રીતે અસર પામેલા ગામોની યાદી અદ્યતન કરવામાં આવી ન હતી જેના કારણે 39 પ્રત્યક્ષ રીતે અસર પામેલા ગામોમાં વિવિધ વિકાસલક્ષી અને કલ્યાણકારી પરિયોજના/કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા ન હતા. ગુજરાતના કોઈપણ ગામની પરોક્ષ રીતે અસર પામેલા ગામ તરીકે ઓળખ કરવામાં આવી ન હતી; જેના કારણે તેઓ પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળના લાભથી વંચિત રહ્યા હતા. જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટમાં અસર પામેલા લોકો/લાભાર્થીઓ સંબંધિત કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હતા. પાંચ જિલ્લા ખનીજ નિધિઓમાં વાર્ષિક યોજનાઓ નિયત સમયમાં તૈયાર કરવામાં આવી ન હતી અને તેથી વાર્ષિક યોજના તૈયાર કરવા માટે **₹** 1.58 કરોડનો ખર્ચ અફળદાયી રહ્યો હતો. વધુમાં, જિલ્લા ખનીજ નિધિની શરૂઆતથી વર્ષ 2023-24 સુધી ખાણકામથી અસર પામેલા વિસ્તારોમાં મંજૂર વાર્ષિક યોજના વિના પરિયોજના હેઠળ કામો હાથ ધરવામાં આવ્યા હતા. રાજ્ય સ્તરીય સંકલન સમિતિ દ્વારા લેવાયેલા નિર્ણય મુજબ, જિલ્લા ખનીજ નિધિઓએ જિલ્લા ખનીજ નિધિઓમાં જરૂરી ન્યૂનતમ મહેકમ રાખ્યું ન હતું, જેના કારણે જિલ્લા ખનીજ નિધિઓના રોજિંદા કામકાજ પર અસર પડી હતી.

<u>ભંડોળનું વ્યવસ્થાપન</u>

માર્ચ 2024 સુધીમાં, ગુજરાતના 32 જિલ્લા ખનીજ નિધિઓને ₹ 1,608.08 કરોડનો જિલ્લા ખનીજ નિધિ ફાળો મળ્યો હતો, પ્રધાન મંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળની પરિયોજનાઓ માટેનો ખર્ચ ₹ 756.62 કરોડ (47.05 ટકા) હતો અને ₹ 851.46 કરોડ (52.95 ટકા)નો જિલ્લા ખનીજ નિધિ ફાળો વણવપરાયેલો રહ્યો હતો. પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની માર્ગદર્શિકા મુજબ, જિલ્લા ખનીજ નિધિએ ઉચ્ચ પ્રાથમિકતાવાળા ક્ષેત્રો અને અન્ય પ્રાથમિકતાવાળા ક્ષેત્રો પર ₹ 756.62 કરોડનો ખર્ચ કર્યો હતો. ઉચ્ચ પ્રાથમિકતાવાળા ક્ષેત્રોમાં, પાંચ સદરો હેઠળ 93 ટકા ખર્ચ થયો હતો, જેમ કે, શિક્ષણ, મહિલા અને બાળ કલ્યાણ, આરોગ્ય, કૌશલ્ય વર્ધન અને પીવાના પાણીનો પુરવઠો જેમાં શિક્ષણ સદર હેઠળ સૌથી વધુ 43 ટકા હતો. બાકીના ત્રણ સદરો હેઠળ, જેમ કે, પર્યાવરણ સંરક્ષણ, વૃદ્ધ અને દિવ્યાંગ લોકોનું કલ્યાણ અને સ્વચ્છતા પર 7 ટકા ખર્ચ થયો હતો. અન્ય પ્રાથમિક ક્ષેત્રોમાં, ભૌતિક માળખા પર 76 ટકા ખર્ચ થયો હતો અને બાકીના 24 ટકા ખર્ચ સિંચાઈ, ઊર્જા અને જળવિભાજક વિકાસ અને અન્ય પર થયો હતો.

પાંચ જીલ્લા ખનીજ નિધિઓના માર્ચ 2024ના માસિક પ્રગતિ અહેવાલ (MPR) મુજબ, ઓડિટે અવલોકન કર્યું હતું કે ₹ 142.78 કરોડની મંજૂર રકમ સામે 2489 પૂર્ણ અને અમલીકરણ હેઠળની પરિયોજનાઓમાં ₹ 134.35 કરોડ થયા હતા. જો કે, પાંચ જીલ્લા ખનીજ નિધિઓમાં, વૃદ્ધ અને દિવ્યાંગ લોકોનું કલ્યાણ સદર હેઠળ કોઈ ખર્ચ ન હતો અને પર્યાવરણ સંરક્ષણ અને ઊર્જા અને જળવિભાજક વિકાસના સદરો હેઠળ ખર્ચ નહિવત હતો.

2016-17 થી 2023-24 દરમિયાન જિલ્લા ખનીજ નિધિ ફાળાનો ઓછો ઉપયોગ થયો હોવાનું ઓડિટમાં જણાયું હતું. ભંડોળના ઓછો ઉપયોગ દર્શાવતો હતો કે પ્રધાન મંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની પરિયોજનાઓ અને ખર્ચ હાથ ધરવામાં આવ્યા હતા તે અપૂરતા હતા જે ગુજરાત અને પાંચ જિલ્લા ખનીજ નિધિમાં પ્રાપ્ત થતા વાર્ષિક જિલ્લા ખનીજ નિધિના ફાળા સાથે સુસંગત ન હતા.

[1] જિલ્લા ખનીજ નિધિ (i) દેવભૂમિ દ્વારકા, અને (ii) પોરબંદર.

ઓડિટના ધ્યાન પર આવ્યુ હતું કે પાંચ જિલ્લા ખનીજ નિધિઓમાં કુલ સૈદ્ધાંતિક રીતે મંજૂર થયેલી પરિયોજનાઓમાંથી 65.36 ટકાને વહીવટી મંજૂરી આપવામાં આવી હતી, જે થકી આ પરિયોજનાઓ વાસ્તવિક પરિયોજનાઓમાં રૂપાંતરિત થાત જેનું પ્રધાન મંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ અમલ થઈ શક્યું નહતું. જિલ્લા ખનીજ નિધિ મહેસાણાના કિસ્સામાં આ રૂપાંતર ગુણોત્તર સૌથી ઓછો 49.83 ટકા જેટલો અને જિલ્લા ખનીજ નિધિ સુરતના કિસ્સામાં સૌથી વધુ 92.01 ટકાનો હતો. ઓડિટ અવલોકન કર્યું હતું કે ત્રણ મહિનાના નિયત સમયમર્યાદામાં લાઇન વિભાગો તરફથી તકનીકી વિગતવર્ણન ઉપલબ્ધ ન થવા/રજૂ ન કરવાના કારણે અને અન્ય સરકારી યોજનાઓ દ્વારા પરિયોજનાઓ હાથ ધરવામાં આવી હોવાના કારણે સૈદ્ધાંતિક રીતે મંજૂર થયેલી પરિયોજનાઓ રદ કરવામાં આવી હતી. ઓડિટનાં ધ્યાને આવ્યુ હતું કે ગુજરાતમાં ₹ 84.46 કરોડના કુલ ઉઘરાણામાંથી ₹ 83.61 કરોડનું પર્યાવરણીય વળતર ભંડોળ કે જેનો ઉપયોગ પ્રધાન મંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની પરિયોજનાઓ માટે થવાનો હતો તે વણવપરાયેલું રહ્યું. વધુમાં, જિલ્લા ખનીજ નિધિના ભંડોળનું રોકાણ ચાર[2] જિલ્લા ખનીજ નિધિ દ્વારા કરવામાં આવ્યું ન હતું જેના કારણે સરકારી ભંડોળ પર પૂરતું વ્યાજ મળતું ન હતું, જે નાણાકીય સમજદારી વિરુદ્ધ છે.

<u>જિલ્લા ખનીજ નિધિઓ હેઠળ પ્રાપ્તિની આકારણી, માંગણા અને વસૂલાત</u>

પાંચ જિલ્લા ખનીજ નિધિઓમાં જિલ્લા ખનીજ નિધિના ફાળાની ચૂકવણી ન કરવાના/ઓછી કરવાના કિસ્સાઓ હતા, જેના પરિણામે મુખ્ય ખનિજના ભાડાપટ્ટાધારકો પાસેથી ₹ 22.74 કરોડ અને ગૌણ ખનિજના ભાડાપટ્ટાધારકો પાસેથી ₹ 11.45 કરોડનો જિલ્લા ખનીજ નિધિ ફાળો બાકી હતો. વધુમાં, ચાર[3] જિલ્લા ખનીજ નિધિએ ભાડાપટ્ટાધારકોને બહાર પાડેલી નોટિસમાં નિયમો અનુસાર જિલ્લા ખનીજ નિધિ ફાળાની ચુકવણીમાં વિલંબ માટે વ્યાજની ગણતરી કરી ન હતી.

<u>ઇચ્છિત પરિણામો હાંસલ કરવા માટે યોજનાનુ અમલીકરણ</u>

કામ માટે એજન્સીની પસંદગીની પ્રક્રિયામાં ઉણપો હતી. ટેન્ડર મંગાવ્યા વિના નામાંકનના આધારે એજન્સીને ₹ 9.04 કરોડનું કામ સોંપવામાં આવ્યું હોવાનો કિસ્સો ઓડિટના ધ્યાન પર આવ્યો હતો, જે અનુચિત લાભમાં પરિણમ્યો હતો. છોટાઉદેપુર ખાતે બ્લડ બેંકની પરિયોજના ચાર વર્ષથી વધુ વિલંબ પછી પણ પૂર્ણ થઇ ન હતી અને પરિયોજના માટે ₹ 39.53 લાખની હાલમાં થયેલી ચુકવણી નિષ્ફળ રહી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લા ખનીજ નિધિમાં, એજન્સીને ₹ 155.79 લાખના ફરી વારના ઓર્ડરનો અનુચિત લાભ આપવામાં આવ્યો હતો. જિલ્લા ખનીજ નિધિ દેવભૂમિ દ્વારકા હેઠળની 42 શાળાઓમાં શૈક્ષણિક સિરામિક આલેખ સ્થાપિત કરવાના કામમાં ₹ 63 લાખની વધારાની ચુકવણી કરવામાં આવી હતી

<u>દેખરેખ અને મૂલ્યાંકન</u>

કારોબારી સમિતિ અને વહીવટી પરિષદની જિલ્લા ખનીજ નિધિઓની બેઠકો ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોમાં નિયત કરવામાં આવેલા આવર્તન મુજબ યોજવામાં આવી ન હતી. સુરતના જિલ્લા ખનીજ નિધિએ પરિયોજનાઓ હાથ ધરતા પહેલા ગ્રામ સભાની મંજૂરી મેળવી ન હતી અને સુરત જિલ્લાના અનુસૂચિત વિસ્તારોમાં પરિયોજનાઓના અમલીકરણ અંગે કોઈ

2 જિલ્લા ખનીજ નિધિ (i) દેવભૂમિ દ્વારકા, (ii) ભાવનગર, (iii) મેહસાણા અને (iv) સુરત.

3 જિલ્લા ખનીજ નિધિ (i) પોરબંદર, (ii) ભાવનગર, (iii) મેહસાણા અને (iv) સુરત.

અહેવાલ પૂરો પાડ્યો ન હતો જે ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો મુજબ ન હતું. ચાર જિલ્લા ખનીજ નિધિઓ[4]એ નિયત રજિસ્ટર[5] જાળવ્યા ન હતા. ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોમાં જણાવાયું છે કે વહીવટી પરિષદ પાછલા વર્ષના અંતથી ચાર મહિનાની અંદર જીલ્લા ખનીજ નિધિના વાર્ષિક અહેવાલ અને ઓડિટ કરાયેલ ખાતાઓને મંજૂરી આપશે. ઓડિટમાં નોંધાયું છે કે જિલ્લા સ્તરે જિલ્લા ખનીજ નિધિના વાર્ષિક ખાતા અને વાર્ષિક અહેવાલોની તૈયારી અને અંતિમકરણમાં નોંધપાત્ર વિલંબ થયો હતો. કુલ 32 વાર્ષિક ખાતા અને 30 વાર્ષિક અહેવાલો તૈયાર કરવામાં આવ્યા ન હતા (નવેમ્બર 2024 સુધીમાં).

રાજ્ય વિધાનસભા પટલ પર મુકવા માટે રાજ્ય સરકારને આગળ રજૂ કરવા જિલ્લા ખનીજ નિધિએ 2016-17 થી વાર્ષિક અહેવાલ અને ઓડિટ કરાયેલ ખાતા તૈયાર કર્યા અને જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગરને મોકલ્યા. ઓડિટમાં નોંધાયું છે કે જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમે જિલ્લા ખનીજ નિધિ દ્વારા તૈયાર કરાયેલ કોઈપણ વાર્ષિક અહેવાલ અને ઓડિટ કરાયેલ ખાતા વિધાનસભા સમક્ષ રજૂ કરવા માટે રાજ્ય સરકારને રજૂ કર્યા નથી.

જિલ્લા ખનીજ નિધિ નિયમો મુજબ, ભૂસ્તરશાસ્ત્ર અને ખાણકામ કમિશનરે જિલ્લા ખનીજ નિધિઓના સામાજિક ઓડિટનો પ્રસ્તાવ મૂકવાનો હતો, ઓડિટમાં નોંધાયું કે જિલ્લા ખનીજ નિધિઓની સ્થાપના પછી માર્ચ 2023 સુધી પાંચ પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓમાંથી કોઈપણ દ્વારા સામાજિક ઓડિટ કરવામાં આવ્યું નથી. જેના પરિણામે જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા ચલાવવામાં આવતા પરિયોજનાઓની સામાજિક અસરનું મૂલ્યાંકન કરવામાં આવ્યું ન હતું.

ભલામણો

ભલામણ 1: જિલ્લા ખનીજ નિધિઓએ ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો અનુસાર દરેક નાણાકીય વર્ષની શરૂઆત પહેલાં વાર્ષિક યોજના તૈયાર કરવાનું સુનિશ્ચિત કરવુ જોઇએ.

ભલામણ 2: જિલ્લા ખનીજ નિધિઓએ ખાણકામથી પ્રભાવિત વિસ્તારોમાં વ્યાપક જનતાની જરૂરિયાતોને પૂર્ણ કરતા પરિયોજનાઓની ઓળખ કરવા માટે એક પ્રણાલી સ્થાપિત કરવી જોઈએ, જેથી જિલ્લા ખનીજ નિધિના યોગદાનનો સમયસર અને અસરકારક ઉપયોગ સુનિશ્ચિત થાય.

ભલામણ 3:જિલ્લા ખનીજ નિધિઓએ નિયમો અનુસાર, લાગુ પડતા વ્યાજ સાથે, તમામ બાકી જિલ્લા ખનીજ નિધિના બાકી ફાળા સમયસર એકત્ર કરવાનું સુનિશ્ચિત કરવુ જોઇએ.

ભલામણ 4: પરિયોજનાની અસરકારકતાની આકારણી કરવા માટે સામાજીક ઑડિટ શરૂ કરવા માટે લેવામાં આવેલા પગલાં સહિત, વાર્ષિક અહેવાલ અને ઑડિટ થયેલા હિસાબો જીલ્લા ખનીજ નિધિ દ્વારા તૈયાર કરીને જીલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ દ્વારા સમયસર રાજ્ય વિધાનસભામાં રજૂ કરવા જોઇએ.

[4] જિલ્લા ખનીજ નિધિ (i) દેવભૂમિ દ્વારકા, (ii) ભાવનગર, (iii) મેહસાણા અને (iv) સુરત.

[5] (i) ખાણકામ સંબંધિત કામગીરીનું રજિસ્ટર, (ii) રસીદનું રજિસ્ટર, (iii) ખર્ચનું રજિસ્ટર, (iv) લાભાર્થીઓનું રજિસ્ટર અને (v) વિવિધ સમિતિઓનું રજિસ્ટર.

પ્રકરણ I

પરિચય અને ઑડિટ માળખું

પ્રકરણ I – પરિચય અને ઑડિટ માળખું

1.1 પરિચય

ભારત સરકારે જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા ઉભા કરવામાં આવેલા ભંડોળના ઉપયોગ દ્વારા, ખાણકામ સંબંધિત કામગીરી દ્વારા અસર પામેલા વિસ્તારો અને લોકોનું કલ્યાણ સુનિશ્ચિત કરવા માટે પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના રજૂ કરી હતી (16 સપ્ટેમ્બર 2015). પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાના ઉદ્દેશો આ હતા:

(ક) ખાણકામથી પ્રભાવિત વિસ્તારોમાં વિવિધ વિકાસકીય અને કલ્યાણ પરિયાજનાઓ/કાર્યક્રમોનો અમલ કરવો, અને આ પરિયોજનાઓ/કાર્યક્રમો રાજ્ય અને કેન્દ્ર સરકારની વર્તમાન યોજનાઓ/પરિયાજનાઓના પૂરક બનશે;

(ખ) ખાણકામ દરમિયાન અને પછી, ખાણકામના જિલ્લાઓમાં પર્યાવરણ, લોકોના આરોગ્ય અને સામાજીક-આર્થિક બાબતો પર થતી પ્રતિકૂળ અસરોને ઓછામાં ઓછી કરવી/ઘટાડવી; અને

(ગ) ખાણકામ વિસ્તારોમાં અસરગ્રસ્ત લોકો માટે લાંબા ગાળાની ટકાઉ આજીવિકા સુનિશ્ચિત કરવી.

1.2 ઑડિટના ઉદ્દેશો

'જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટ સહિત પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના' ના અમલીકરણ પરનું કામગીરી ઑડિટ આ મૂલ્યાંકન કરવા માટે હાથ ધરવામાં આવ્યુ હતું કે:

(i) ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો, 2016/પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના ની માર્ગદર્શિકા મુજબ યોજનાના અમલીકરણ માટે અસરકારક આયોજન અને સંસ્થાકીય વ્યવસ્થા છે;

(ii) જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટનું ભંડોળનું સંચાલન કિફાયતી અને કાર્યક્ષમ હતું;

(iii) જિલ્લા ખનીજ નિધિ હેઠળ આવકની આકારણી, માંગણાં અને વસૂલાતની પદ્ધતિ આધારભૂત અને કાર્યક્ષમ હતી;

(iv) ઇચ્છિત પરિણામો મેળવવા માટે યોજનાનો અમલ અસરકારક રીતે કરવામાં આવ્યો હતો જે અસર પામેલા વિસ્તાર અને લોકોના જીવનમાં હકારાત્મક ફેરફાર લાવી શકે, અને

(v) યોજનાના અમલીકરણનું દેખરેખ અને મૂલ્યાંકન પર્યાપ્ત અને અસરકારક હતું.

1.3 ઑડિટના માપદંડો

ઑડિટ અવલોકનો નીચેના સ્રોતો માંથી તારવેલા માપદંડો પર આધારિત છે

- પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની માર્ગદર્શિકા અને સંબંધિત જાહેરનામા;
- ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો, 2016 (વખતોવખત સુધારેલા);
- ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) સુધારા અધિનિયમ, 2015; ખનીજ છૂટછાટ નિયમો, 1960;

- ગુજરાત ગૌણ ખનીજ છૂટછાટ નિયમો, 2017;
- ભારત સરકાર દ્વારા પુરા પાડવામાં આવ્યા મુજબના રોયલ્ટીના દરના પરિપત્રો અને ભારતીય ખાણ બ્યુરો દ્વારા પ્રકાશિત ભાવના માસિક જાહેરનામા અને સાથે રોયલ્ટી માટેના સરકારના જાહેરનામા અને માર્ગદર્શિકા ;
- ગુજરાત તિજોરી નિયમો, ગુજરાત ખરીદ નીતિ, 2016;
- ગુજરાત પબ્લિક ટ્રસ્ટ અધિનિયમ, 1950 અને ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા ભાર પાડવામાં આવેલા અન્ય પરિપત્રો અને જાહેરનામા.

1.4 ઑડિટનો વ્યાપ અને કાર્યપધ્ધતિ

ગુજરાત સરકારે 01 એપ્રિલ 2016ના રોજ ગુજરાતના 33 જિલ્લાઓમાંથી 32 જિલ્લાઓ[1] માટે જિલ્લા ખનીજ નિધિ (DMF) ની રચનાની જાહેરાત કરી હતી. એપ્રિલ 2016 થી માર્ચ 2024 ના સમયગાળાને આવરી લેતું કામગીરી ઑડિટ જુલાઈ 2023થી ઓક્ટોબર 2023 દરમિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ઓડિટમાં શરૂઆતમાં જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગર અને પાંચ પ્રતિક-ચકાસણી કરાયેલ જિલ્લા ખનીજ નિધિઓ એટલે કે ભાવનગર, મહેસાણા, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને સુરતના 2016-17 થી 2022-23 ના સમયગાળા માટેના રેકર્ડની સમીક્ષા કરવામાં આવી હતી. ત્યારબાદ, જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગર પાસેથી 2023-24 ના સમયગાળા માટેની માહિતી (નવેમ્બર-2024) મંગાવવામાં આવી હતી અને તે મુજબ આ અહેવાલ અદ્યતન કરવામાં આવ્યો હતો.

જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટોની રચના કરવી, જિલ્લા ખનીજ નિધિઓની કામગીરી અને આયોજનનો વ્યાપ, જિલ્લા ખનીજ નિધિના ફાળાનું વ્યવસ્થાપન, જિલ્લા ખનીજ નિધિના ફાળાની આકારણી અને વસૂલાત માટેની પદ્ધતિ, પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની વિવિધ પરિયોજનાનું અમલીકરણ અને પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ અમલ કરાયેલ પરિયોજનાની દેખરેખની તપાસ કરવા માટે ઑડિટ દ્વારા રેકર્ડની સમીક્ષા કરવામાં આવી હતી.

ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ અને ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ કમિશનર સાથે એક પ્રારંભિક પરિષદનું આયોજન (જુલાઈ 2023) કરવામાં આવ્યુ હતું જેમાં ઑડિટનો વ્યાપ, કાર્યપધ્ધતિ અને ઉદ્દેશોની ચર્ચા કરવામાં આવી હતી. ક્ષેત્રિય ઑડિટમાં ગાંધીનગર ખાતેના જિલ્લા ખનીજ નિધિ- એકલ કેન્દ્રવર્તી એકમ અને ભાવનગર, મહેસાણા, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને સુરત ખાતેના પાંચ જિલ્લા ખનીજ નિધિઓના રેકર્ડની તપાસ સમાવિષ્ટ હતી. પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની 149 પરિયોજનાની જિલ્લા ખનીજ નિધિના પ્રતિનિધિઓ અને લાઇન વિભાગને સાથે રાખીને સંયુક્ત ભૌતિક તપાસ હાથ ધરવામાં આવી હતી. ઑડિટ અવલોકનો સંબંધિત એકમોને મોકલવામાં આવ્યા હતા અને કામગીરી ઑડિટ માટે એક સમાપન પરિષદ ઑક્ટોબર 2024 માં રાખવામાં આવી હતી. જવાબો, જ્યાં મળ્યા હતા ત્યાં, અહેવાલમાં યોગ્ય રીતે સમાવવામાં આવ્યા હતા.

1.5 ઑડિટ માટે નમૂના પસંદગી

[1] ડાંગ જિલ્લાને બાકાત કરતા 32 જિલ્લાઓમાં જિલ્લા ખનીજ નિધિની સ્થાપના કરવામાં આવી છે કારણ કે ત્યાં ખાણ સંબંધિત કામગીરી હાથ ધરવામાં આવતી નથી.

પ્રતિનિધિ નમૂનો મેળવવા માટે, બધા જિલ્લાઓને નીચેની ગણતરીની પદ્ધતિ અનુસાર અંક આપવામાં આવ્યા હતા – જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટ ભંડોળનું એકત્રીકરણ (40 ટકા ભારાંક), જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટ ખર્ચ (40 ટકા ભારાંક), અસરગ્રસ્ત વિસ્તારોની સંખ્યા (10 ટકા ભારાંક), અને આદિવાસી વસ્તી (10 ટકા ભારાંક).

પાંચ જિલ્લા ખનીજ નિધિઓ એટલે કે મહેસાણા, ભાવનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા અને સુરત સ્તરીકૃત યાદચ્છિક નમૂનાચયન દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા (ઉંચા ભારાંક વાળા ત્રણ જિલ્લા, મધ્યમ અને નીચા ભારાંકવાળા જિલ્લાઓમાંથી પ્રત્યેકમાંથી એક જિલ્લો).

એ જ રીતે, પ્રત્યેક જિલ્લામાંથી ત્રણ તાલુકા[2]ની પસંદગી કરવામાં આવી હતી (સૌથી વધુ પૂર્ણ થયેલી પરિયોજનાઓ હોય એવા બે તાલુકા અને યાદચ્છિક નમૂના પસંદગી આધારિત એક તાલુકો) અને યાદચ્છિક નમૂના પસંદગીના આધારે દરેક તાલુકામાંથી ત્રણ ગ્રામ પંચાયતોની પસંદગી કરવામાં આવી હતી. પસંદ કરેલા જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતોની યાદી ***પરિશિષ્ટ I*** માં આપી છે.

ઓડિટ ટુકડીએ, નમૂનાના જિલ્લા ખનીજ નિધિ અને સંબંધિત લાઇન વિભાગોના પ્રતિનિધિઓ સાથે, પસંદ કરેલ ગ્રામ પંચાયતોમાં પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ અમલમાં મુકાયેલી પાંચ પરિયાજનાઓનું સંયુક્ત ભૌતિક નિરીક્ષણ કર્યું. ઓડિટ ટુકડીએ 43 ગ્રામ પંચાયતોમાં લાભાર્થી સર્વે પણ કર્યો હતો જેમાં દરેક ગ્રામ પંચાયતમાંથી 15 રહેવાસીઓની પસંદગી કરવામાં આવી હતી. જો કે, યોજનાના અમલીકરણ અંગે લાભાર્થીઓ તરફથી અસંતોષકારક ટીકા-ટિપ્પણના અભાવે, તેના પરના અવલોકનોનો અહેવાલમાં સમાવેશ કરવામાં આવ્યો ન હતો.

1.6 ઋણ સ્વીકાર

પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના માટે ગાંધીનગર ખાતેના જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ અને ભાવનગર, મહેસાણા, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને સુરતના જિલ્લા ખનીજ નિધિ દ્વારા આપવામાં આવેલા સહયોગ અને સહાયનો ઓડિટ સ્વીકાર કરે છે.

1.7 ગુજરાતમાં જિલ્લા ખનીજ નિધિનું કાનૂની માળખું

ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) (MMDR) સુધારા અધિનિયમ, 2015 મુજબ, રાજ્ય સરકારો જાહેરનામા દ્વારા ખાણ કામગીરીથી અસર પામેલા દેશના દરેક જિલ્લામાં એક જિલ્લા ખનિજ નિધિની (DMF) સ્થાપના કરશે. વધુમાં, DMF ની કામગીરી માટેના નિયમો રાજ્ય સરકાર દ્વારા નિયત કરવાના છે.

ખાણ અને ખનિજ (નિયમન અને વિકાસ) અધિનિયમ, ૧૯૫૭ ની કલમ ૯ખ, ૧૫ક અને ૧૫(૪) દ્વારા મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને, ગુજરાત સરકારે ભારત સરકાર ના નિર્દેશો અનુસાર (01 એપ્રિલ 2016) ગુજરાત જિલ્લા ખનિજ નિધિ નિયમો, 2016 ઘડ્યા હતા. ગુજરાત સરકારે ગુજરાતના 32 જિલ્લાઓમાં[3] જિલ્લા ખનીજ નિધિઓ ની સ્થાપના માટે જાહેરનામુ જારી કર્યું હતું (01 એપ્રિલ 2016).

---

2 ગુજરાતમાં જીલ્લાના એક બ્લોકને તાલુકો નામ અપાય છે.

3 એક જિલ્લામાં એટલે કે ડાંગમાં, ખાણકામની કોઇ પ્રવૃત્તિ કરવામાં આવી ન હતી. આથી, જિલ્લા ખનીજ નિધિની સ્થાપના કરવામાં આવી ન હતી.

ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો, 2016, 12 જાન્યુઆરી 2015થી અમલમાં આવ્યા હોવાનું માની લેવામાં આવ્યુ છે અને તેમાં જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટની રચના, કાર્યો અને કામગીરીની કાર્યપધ્ધતિ, જિલ્લા ખનીજ નિધિના ભંડોળમાં આપવામાં આવતા ફાળાનું નિયમન અને તેનો ઉપયોગ, જાળવવાના રેકર્ડ અને રજિસ્ટર અને ઓડિટ અને વિવિધ બાબતો સંબંધિત વિવિધ જોગવાઈઓનો સમાવેશ થાય છે.

ત્યારબાદ, ભારત સરકારના ખાણ મંત્રાલયે 15 જાન્યુઆરી 2024ના રોજ ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, 1957 ની કલમ 9(B)(3) હેઠળ પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની સુધારેલી માર્ગદર્શિકા બહાર પાડી હતી, જેમાં જિલ્લા ખનીજ નિધિ દ્વારા ભંડોળનો અસરકારક ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે નવા આદેશ આપવામાં આવ્યા હતા. આ માર્ગદર્શિકા 16 સપ્ટેમ્બર 2015ના હુકમ નંબર 16/7/2015-એમ.વી.આઈ. (ભાગ) ને રદ કરે છે સિવાય કે આવા રદ્દીકરણ પહેલાં કરવામાં આવેલી અથવા અવગણવામાં આવેલી બાબતો સિવાયની બાબતોને. મંત્રાલયે રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને જિલ્લા ખનિજ નિધિઓ માટે તેમના દ્વારા ઘડવામાં આવેલા નિયમોમાં સુધારેલા પ્રધાનમંત્રી ખનિજ ક્ષેત્ર કલ્યાણ યોજના, 2024 (પીએમકેકેકેવાય 2024) ને સામેલ કરવા અને ઉપરોક્ત યોજનાનો અમલ કરવા આદેશ આપ્યો હતો.

ઉપરોક્ત માર્ગદર્શિકા અનુસાર, ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા 12 ડિસેમ્બર 2024 ના રોજ ગુજરાત જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટ નિયમો, 2024 જાહેર કરવામાં આવ્યા હતા.

1.8 પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના માટે સંસ્થાકીય વ્યવસ્થા અને આયોજન

યોજનાના સંચાલન માટે પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ નક્કી કરેલી સંસ્થા જિલ્લા ખનીજ નિધિ છે. ગુજરાત સરકારે ગુજરાતના 32 જિલ્લાઓમાં જિલ્લા ખનીજ નિધિની સ્થાપના માટે જાહેરનામું બહાર પાડ્યું હતું (01 એપ્રિલ 2016). સંસ્થાકીય વ્યવસ્થા અને આયોજનના વિવિધ પાસાઓ નીચે વર્ણવેલ છે:

જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટની રચના: જિલ્લાઓ માટે જિલ્લા ખનીજ નિધિની સ્થાપના સરકાર દ્વારા બહાર પડાયેલ સૂચના મુજબ કરવામાં આવી હતી. તેમાં વહીવટી પરિષદ અને કારોબારી સમિતિનો સમાવેશ થાય છે. સરકાર દ્વારા બહાર પડાયેલ સૂચના મુજબ, જિલ્લા ખનીજ નિધિની જાહેર ટ્રસ્ટ તરીકે નોંધણી કરાવવાની હતી.

અસરગ્રસ્ત વિસ્તારોની ઓળખ: અસરગ્રસ્ત વિસ્તાર એ એક એવો વિસ્તાર છે જે ખાણકામ સંબંધિત કામગીરીથી અસરગ્રસ્ત થાય છે. કારોબારી સમિતિ અસરગ્રસ્ત વિસ્તારોની ઓળખ કરે છે અને તેમને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે અસરગ્રસ્ત વિસ્તારો વચ્ચે વર્ગીકૃત કરે છે.

અસરગ્રસ્ત લોકોની ઓળખ: અસરગ્રસ્ત લોકો એટલે ખાણકામની કામગીરીથી અસર પામેલા લોકો. અસરગ્રસ્ત વિસ્તારોની ઓળખ કર્યા પછી, કારોબારી સમિતિ અસરગ્રસ્ત લોકોની યાદી તૈયાર કરશે જેને આગળ અસરગ્રસ્ત પરિવાર, વિસ્થાપિત પરિવાર અને સંબંધિત ગ્રામ સભા દ્વારા યોગ્ય રીતે ઓળખ કરવામાં આવેલ અન્ય કોઈપણ વ્યક્તિઓ તરીકે વર્ગીકૃત કરવામાં આવશે.

લાભાર્થીઓની ઓળખ: લાભાર્થીઓ એટલે એવા અસરગ્રસ્ત લોકો જેમની યોજનાઓ, કાર્યક્રમો અથવા પરિયોજનાઓનાં લાભાર્થી તરીકે ઓળખ કરવામાં આવી છે.

વાર્ષિક યોજના: વાર્ષિક યોજના ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોના નિયમ 16 મુજબ કારોબારી સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવે છે અને વહીવટી પરિષદ દ્વારા મંજૂર કરવામાં આવે છે. વાર્ષિક યોજનામાં યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓ ની વિગતોનો તેના પ્રકાર, જથ્થા, અંદાજપત્ર અને તે પૂર્ણ કરવા માટેનો સમય સાથે સામેલ હોય છે. તેમાં તેના અમલીકરણ માટે સમયબધ્ધ કામગીરીના માપદંડો તથા અસરગ્રસ્ત વિસ્તારોની સ્થાનિક જરૂરિયાતો અને પ્રાથમિકતાઓને ધ્યાને લેવાવી જોઈએ. તેમાં "ઉચ્ચ પ્રાથમિકતાવાળા વિસ્તારો" અને "અન્ય પ્રાથમિકતાવાળા વિસ્તારો" માટે ફાળવવામાં આવેલા ભંડોળની વિગતો પણ હોવી જોઈએ.

સામાજીક ઑડિટ: ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો નો નિયમ 25(2) નિયત કરે છે કે નાણાકીય ઑડિટ ઉપરાંત રાજ્ય સ્તરની સંકલન સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલી રીતે વહીવટ પરિષદ દ્વારા સ્વતંત્ર સામાજીક ઑડિટ હોવું જોઇએ. આવા સામાજીક ઑડિટના પરિમાણોમાં લાભોની વહેંચણી, લાભોની ચુકવણીમાં સમયસરતા, હાથ ધરવામાં આવેલી વિકાસકીય યોજનાઓ/કામોમાં સમયસરતા, અને અન્ય આવા સંબંધિત મુદ્દાના સંબંધમાં ખાણકામથી પ્રભાવિત લોકો અને કુટુંબોનો સમાવેશ થઇ શકે છે. પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના ના કાનૂની માળખા ને સુદ્રઢ કરવા માટે લેવામાં આવેલા પગલા ની સમીક્ષા કરવા માટે જિલ્લા ખનીજ નિધિ- એકલ કેન્દ્રવર્તી એકમ અને પાંચ જિલ્લા ખનીજ નિધિઓના રેકર્ડની ઑડિટમાં સમીક્ષા કરવામાં આવી હતી.

અહેવાલ બે ભાગમાં તૈયાર કરવામાં આવ્યો છે. ભાગ ક માં રાજ્યમાં પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની એકંદર કામગીરી સંબંધિત અવલોકનો છે અને ભાગ ખ માં પસંદગીના જિલ્લા ખનીજ નિધિઓમાં પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના ના અમલીકરણ પરના અવલોકનો છે. જિલ્લામાં જિલ્લા ખનીજ નિધિઓની નોંધણી, પ્રત્યક્ષ રીતે અસર પામેલા વિસ્તારોની યાદીનું અદ્યતનીકરણ, પરોક્ષ રીતે અસર પામેલા વિસ્તારોની યાદી તૈયાર કરવી, ખાણકામથી પ્રભાવિત વિસ્તારોમાં લાભાર્થીઓની ઓળખ, વાર્ષિક અહેવાલ તૈયાર કરવા અને ઓછામાં ઓછું આવશ્યક મહેકમ રાખવા સહિતના સંબંધિત અવલોકનોની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવી છે.

ભાગ - ક

પ્રકરણ II

સમગ્ર રાજ્યમાં પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાનું અમલીકરણ

ભાગ ક

પ્રકરણ II

સમગ્ર રાજ્યમાં પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાનું અમલીકરણ

2.1 જિલ્લા ખનીજ નિધિ કચેરીઓની ટ્રસ્ટ તરીકે નોંધણી

ગુજરાત સરકારે તારીખ 01 એપ્રિલ 2016ના જાહેરનામા દ્વારા રાજ્યના 32 જિલ્લાઓમાં જિલ્લા ખનીજ નિધિની સ્થાપના કરી હતી. ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો, 2016 માં નિયત કરવામાં આવ્યુ હતું કે પેટા-નિયમ (1) હેઠળ જાહેરનામુ બહાર પાડ્યા બાદ વહીવટી પરિષદ ગુજરાત પબ્લિક ટ્રસ્ટ અધિનિયમ, 1950 ની કલમ 2 ની પેટા-કલમ (13) હેઠળ જિલ્લા ખનીજ નિધિની સખાવતી હેતુ માટે જાહેર ટ્રસ્ટ તરીકે નોંધણી કરાવવા સબબ કાર્યવાહી કરશે.

રાજ્ય સ્તરની સંકલન સમિતિએ પણ આદેશ આપ્યો હતો (નવેમ્બર 2016) કે ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ કમિશનરે જિલ્લા ખનીજ નિધિને ટ્રસ્ટ તરીકે સ્થાપિત કરવા માટે કાર્યવાહી શરૂ કરવાની છે. જિલ્લા ખનીજ નિધિની ટ્રસ્ટ તરીકે નોંધણી માટે એક એજન્સીની નિમણૂક કરવામાં આવી હતી (ડિસેમ્બર 2016).

ઑડિટે અવલોકન કર્યું હતું કે ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો, 2016 અનુસાર જિલ્લા ખનીજ નિધિઓની સ્થાપના કરવા માટે કોઇ ચોક્કસ સમયમર્યાદા ન હતી. વિભાગે જાહેરનામાની તારીખથી (01 એપ્રિલ 2016) 32 જિલ્લા ખનીજ નિધિઓની રાજ્યમાં નોંધણી માટે છ થી 48 મહિના લીધા હતા (***પરિશિષ્ટ II***)

2.2 પ્રત્યક્ષ રીતે અસર પામેલા વિસ્તારોની યાદીનું અદ્યતનીકરણ

ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોનો નિયમ 7(2) (જી) નિયત કરે છે કે કારોબારી સમિતિએ પ્રભાવિત વિસ્તારો અને અસર પામેલા લોકોની યાદી તૈયાર કરવાની, જાળવવાની અને અદ્યતન રાખવાની છે. વધુમાં, ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોનો નિયમ 12(1) માં નિયત કરવામાં આવ્યુ છે કે અસરગ્રસ્ત વિસ્તારોને બે વર્ગોમાં વર્ગીકૃત કરવામાં આવશે (ક) પ્રત્યક્ષ રીતે અસર પામેલા અને (ખ) પરોક્ષ રીતે અસર પામેલા.

નિયમ 12 (1) (એ) અનુસાર, પ્રત્યક્ષ રીતે અસર પામેલા વિસ્તારો એવા વિસ્તારો છે જ્યાં ખાણકામ સંબંધિત કામગીરી (જેવી કે ખોદકામ, ખાણકામ, સ્ફોટન, ધાતુશોધન અને કચરાનો નિકાલ જેમ કે વધારાના ઢગલા, અવશિષ્ટ તળાવો, પરિવહન કોરીડોર વગેરે) આવેલા હોય.

આ ગામોમાં વિવિધ વિકાસલક્ષી અને કલ્યાણકારી પરિયોજના/કાર્યક્રમોના અમલીકરણ માટે, જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટે ખાણકામ સંબંધિત કામગીરીથી પ્રભાવિત પ્રત્યક્ષ રીતે અસર પામેલા ગામોની યાદી તૈયાર કરી હતી. અસરગ્રસ્ત ગામોની યાદીનું એકત્રીકરણ જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ દ્વારા કરવામાં આવ્યુ હતું અને ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યુ હતું. 31 માર્ચ 2024ના રોજ, ગુજરાતમાં પ્રત્યક્ષ રીતે અસર પામેલા ગામો તરીકે કુલ 2,103 ગામોની ઓળખ કરવામાં આવી હતી.

પસંદગીના જિલ્લા ખનીજ નિધિઓના ઑડિટ દરમિયાન, એવું અવલોકન કરવામાં આવ્યુ હતું કે કેટલાક ગામો, જ્યાં સક્રિય ખાણકામ ચાલુ છે, તેને પ્રત્યક્ષ રીતે અસર પામેલા ગામોની યાદીમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા નથી. આ રીતે બાકાત રાખવું તે ગંભીર ચિંતાઓ ઉભી કરે છે, કારણ કે આ ગામોને ખાણકામની પ્રવૃત્તિઓમાંથી પ્રત્યક્ષ સામાજીક-આર્થિક અને પર્યાવરણીય અસરોનો અનુભવ થવાની શક્યતા છે. આ અહેવાલના ભાગ ખ ના ફકરા 3.1.2 માં વિગતવાર અવલોકનોની વ્યાપક ચર્ચા કરવામાં આવી છે. આ ગામોને યાદીમાંથી બાકાત રાખવાથી જિલ્લા ખનીજ નિધિ ભંડોળની સમાન ફાળવણી અને ખાણકામથી પ્રત્યક્ષ અસર પામેલા સમુદાયો માટે ઇચ્છિત લાભોનું નુકસાન છે.

2.3 પરોક્ષ રીતે અસર પામેલા વિસ્તારોની યાદી તૈયાર કરવી

નિયમ 12(1) (બી) માં જોગવાઇ છે કે પરોક્ષ રીતે અસર પામેલા વિસ્તારો એવા વિસ્તારો હશે જ્યાં સ્થાનિક વસ્તીને ખાણકામ સંબંધિત કામગીરીના કારણે આર્થિક, સામાજીક અને પર્યાવરણીય પરિણામોના હિસાબે પ્રતિકૂળ અસર થાય છે. આવી પ્રતિકૂળ અસર પાણી, માટી અને હવાની ગુણવત્તાનો બગાડ, ઝરણાના પ્રવાહમાં અને ભૂગર્ભ જળમાં ઘટાડો, ખાણકામના કારણે ગીચતા અને પ્રદૂષણ, ખનીજોનું પરિવહન અથવા હયાત માળખુ અને સંસાધનો પરના બોજાના કારણે હોઇ શકે છે.

ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ કમિશનરે પરોક્ષ રીતે અસર પામેલા ગામોને 'ખાણકામની કામગીરીના 5 કિ.મી. ની ત્રિજ્યામાં આવતા ગામો' તરીકે વ્યાખ્યાયિત કરવાનો તમામ જિલ્લા કલેક્ટરોને આદેશ આપ્યો હતો (ડિસેમ્બર 2019). જિલ્લા ખનીજ નિધિની કારોબારી સમિતિએ પ્રત્યક્ષ રીતે અસર પામેલા વિસ્તારો અને પરોક્ષ રીતે અસર પામેલા વિસ્તારોની સમીક્ષા કરવાની હતી અને "પ્રત્યક્ષ રીતે અસર પામેલા વિસ્તારો અને પરોક્ષ રીતે અસર પામેલા વિસ્તારો" ના વર્ગ હેઠળના ગામો (જિલ્લો, બ્લોક મુજબ) ની યાદી રજૂ કરવાની હતી.

ઑડિટના ધ્યાન પર આવ્યુ હતું કે જિલ્લા ખનીજ નિધિઓએ અપ્રત્યક્ષ રીતે અસર પામેલા ગામોની યાદી રજૂ કરી ન હતી. આમ, માર્ચ 2024 ની સ્થિતિએ, પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના ની માર્ગદર્શિકા /ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો મુજબ, ગુજરાતના ગામો પૈકી કોઇ પણ ગામની પરોક્ષ રીતે અસર પામેલા ગામ તરીકે ઓળખ કરવામાં આવી ન હતી. આનાથી પરોક્ષ રીતે અસર પામેલા ગામોને પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળના વિવિધ વિકાસકીય અને કલ્યાણ પરિયાજનાઓ/કાર્યક્રમોના લાભોથી વંચિત રાખવામાં આવ્યા હતા,

જિલ્લા ખનીજ નિધિ- એકલ કેન્દ્રવર્તી સંસ્થા, ગાંધીનગરે હકીકતોનો સ્વીકાર કર્યો હતો અને જવાબ આપ્યો હતો (નવેમ્બર 2024) કે 2024 માં બહાર પાડવામાં આવેલી નવી માર્ગદર્શિકા અનુસાર સુધારેલા જિલ્લા ખનીજ નિધિ નિયમો, 2024માં આ જરૂરિયાતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

2.4 ખાણકામથી અસર પામેલા લાભાર્થી/ લોકોની ઓળખ કરવી

પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની માર્ગદર્શિકાના ફકરા 1 માં પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ આવરી લેવાના અસરગ્રસ્ત વિસ્તારો અને લોકોની ઓળખ કરવાનું નિયત કરવામાં આવ્યું છે. ફકરા 1.2માં જોગવાઇ છે કે અસરગ્રસ્ત લોકોમાં પ્રત્યક્ષ રીતે અસર પામેલી વ્યક્તિઓ, અસરગ્રસ્ત કુટુંબો, વિસ્થાપિત કુટુંબો અને સંબંધિત ગ્રામ સભા દ્વારા ઓળખ કરવામાં

આવેલી અન્ય વ્યક્તિઓ/ કુટુંબોનો સમાવેશ થાય છે. એમાં એવી પણ જોગવાઇ છે કે જિલ્લા ખનીજ નિધિએ આવી અસરગ્રસ્ત વ્યક્તિઓ/ સ્થાનિક સમુદાયોની યાદી તૈયાર કરવી જોઇએ અને જાળવવી જોઇએ.

એ જ રીતે, ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોનો નિયમ 13 નિયત કરે છે કે કારોબારી સમિતિએ અસર પામેલા લોકોની યાદી તૈયાર કરવી જોઇએ અને વખતો વખત યાદીને અદ્યતન કરવી જોઇએ. ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોનો નિયમ 14 નિયત કરે છે કે કારોબારી સમિતિએ લાભાર્થીઓ (ચોક્કસ વ્યક્તિઓ અને વસ્તીનો વર્ગ) ની યાદી તૈયાર કરવી જોઇએ અને અનુસૂચિત વિસ્તાર[1] ના કિસ્સામાં લાભાર્થીઓની ઓળખ માટે ગ્રામ સભાની મંજૂરી આવશ્યક હોવી જોઇએ.

ઑડિટના ધ્યાન પર આવ્યુ હતું કે ગુજરાતમાં કોઇ પણ જિલ્લા ખનીજ નિધિ દ્વારા અસરગ્રસ્ત લોકો/લાભાર્થીઓની યાદી તૈયાર કરવામાં આવી ન હતી. વધુમાં, એવું ધ્યાન પર આવ્યુ હતું કે અસરગ્રસ્ત લોકો/લાભાર્થીઓની આવી યાદી તૈયાર કરવા માટે ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ કમિશનર/જિલ્લા ખનીજ નિધિ- એકલ કેન્દ્રવર્તી એકમ દ્વારા જિલ્લા ખનીજ નિધિઓને કોઇ સૂચના બહાર પાડવામાં આવી ન હતી.

જિલ્લા ખનીજ નિધિ- એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગરે હકીકતોનો સ્વીકીર કરીને જણાવ્યુ હતું (નવેમ્બર 2024) કે 2024 માં બહાર પાડવામાં આવેલી નવી માર્ગદર્શિકા અનુસાર સુધારેલા જિલ્લા ખનીજ નિધિ નિયમો, 2024 માં આવશ્યકતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

2.5 કરાર આધારિત ઓછામાં ઓછા મહેકમની ભરતી

ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોનો નિયમ 7(2)(1) નિયત કરે છે કે કારોબારી સમિતિ સરકારની નીતિ અને સૂચનાઓ અનુસાર જિલ્લા ખનીજ નિધિની બાબતો માટે કરાર આધારિત મહેકમની નિમણૂંક કરશે. રાજ્ય સ્તરની સંકલન સમિતિની પ્રથમ બેઠકમાં જિલ્લા ખનીજ નિધિઓ માટે કરાર આધારિત મહેકમની નિમણૂંક કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું (નવેમ્બર 2016). સમિતિએ મહેકમનુ સ્પરૂપ નક્કી કરવા માટે જિલ્લાઓને સમૂહોમાં વિભાજીત કરતા પહેલા ચોક્કસ જિલ્લા અને ખાણકામ પ્રભાવિત વિસ્તારો પાસેથી ભંડોળ પ્રાપ્ત થયાના આધારે જિલ્લાઓનું વર્ગીકરણ કરવાનું સૂચન કર્યું. તદ્અનુસાર, રાજ્ય સ્તરની સંકલન સમિતિ દ્વારા મહેકમનુ સ્વરૂપ નક્કી કરવા માટે જિલ્લાઓને સમૂહોમાં વહેંચવામાં આવ્યા હતા તે **કોઠો 2.1** માં દર્શાવ્યા મુજબ હતું.

કોઠો 2.1: જિલ્લાઓનું વર્ગીકરણ અને જરૂરી મહેકમ

ક્રમાંક	વર્ગ	નાણાકીય વર્ષ 2015-16 ના આધારે ફાળાનું નાણાકીય મૂલ્ય	કરાર આધારિત જરૂરી મહેકમની સંખ્યા	રાજ્ય સ્તરની સંકલન સમિતિ દ્વારા નિયત ધોરણો મુજબ જિલ્લાની સંખ્યા (નાણાકીય વર્ષ 2015-16 ના ફાળા પર આધારિત)
1	એ	₹ 10 થી ₹ 35 કરોડ	6 થી 7	05
2	બી	₹ 2 થી ₹ 10 કરોડ	4-5	11
3	સી	₹ 2 કરોડ સુધી	1-2	16

સ્રોત: જિલ્લા ખનીજ નિધિ- એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલ રેકર્ડ.

[1] અનુસૂચિત વિસ્તારમાં ભારતના બંધારણના અનુચ્છેદ 244 ની કલમ (1) માં સંદર્ભિત આદિજાતિ વિસ્તારો અને અનુસૂચિત વિસ્તારોનો સમાવેશ થાય છે.

જિલ્લા ખનીજ નિધિ– એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગર અને સમગ્ર જિલ્લા ખનીજ નિધિમાં મંજૂર થયેલી જગ્યાઓ, નિયુક્ત માનવશક્તિ અને ખાલી જગ્યાઓની વિગતો **કોઠો 2.2**માં દર્શાવી છે.

કોઠો 2.2: 06 નવેમ્બર 2024ના રોજ માનવશક્તિની સ્થિતિ

જિલ્લો	મંજૂર થયેલી જગ્યા	તૈનાત માનવશક્તિ	ખાલી જગ્યા	ખાલી જગ્યાની ટકાવારી
તમામ 32 જિલ્લાઓમાં	116	66	50	43
જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગર	7	2	5	71

સ્રોત: જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલ રેકર્ડ.

32 જિલ્લા ખનીજ નિધિઓમાં મહેકમની એકંદર ઘટ 43 ટકા હતી અને જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગરમાં ઘટ 71 ટકા હતી.

જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગરે હકીકતોનો સ્વીકાર કર્યો હતો અને જવાબ આપ્યો હતો (નવેમ્બર 2024) કે જિલ્લાઓના વર્ગીકરણની સુધારણા રાજ્ય સ્તરની સંકલન સમિતિની હવે પછીની બેઠકમાં કરવામાં આવશે અને જિલ્લા ખનીજ નિધિઓને ખાલી જગ્યાઓ ભરવા માટે ટૂંક સમયમાં જાણ કરવામાં આવશે. જિલ્લા ખનીજ નિધિઓમાં અપૂરતા મહેકમના કારણે તેમના રોજિંદા કામકાજમાં વિક્ષેપ પડ્યો હતો, જેના કારણે ખાણકામની પ્રતિકૂળ અસરો દૂર કરવાના અને અસરગ્રસ્ત સમુદાયોની સામાજિક-આર્થિક સ્થિતિમાં સુધારો કરવાના ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવામાં તેમની અસરકારકતા વધુ અવરોધાઈ હતી.

આમ, જિલ્લા ખનીજ નિધિઓની નોંધણીમાં વિભાગે છ થી 48 મહિનાનો સમય લીધો હતો કારણ કે જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટની સ્થાપના માટે ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોમાં કોઇ સમય મર્યાદા નિયત કરવામાં આવી ન હતી. પ્રત્યક્ષ અસર પામેલા વિસ્તારોની યાદી અદ્યતન ન કરવાને લીધે કેટલાક ગામો બાકાત રહેવા તરફ દોરી ગઇ હતી જેથી તેઓ આવશ્યક વિકાસ અને કલ્યાણ પરિયોજનાથી વંચિત રહ્યા હતા. એ જ રીતે, પરોક્ષ રીતે અસર પામેલા વિસ્તારો/ગામોની યાદી તૈયાર ન કરવાથી આ પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળના વિવિધ લાભો અને કલ્યાણ કાર્યક્રમોના લાભો લેવાથી અટકાવવામાં આવ્યા હતા.

2.6 જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટનું વ્યાપક (મેક્રો) વિશ્લેષણ

આ કામગીરી ઑડિટનો બીજો ઉદ્દેશ એ મૂલ્યાંકન કરવાનો હતો કે જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટના ભંડોળનું વ્યવસ્થાપન યોજનાના અમલીકરણને ટેકો કરવા માટે કિફાયતી અને કાર્યક્ષમ રીતે કરવામાં આવ્યુ હતું. ભંડોળનું અસરકારક વ્યવસ્થાપન યોજનાના ઉદ્દેશો હાંસલ કરવા માટેની મૂળભૂત આવશ્યકતા છે. જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા હાથ ધરવામાં આવેલી પરિયોજનાઓ માટે મળેલો ફાળો અને કરવામાં આવેલો ખર્ચ, જિલ્લા ખનીજ નિધિના ભંડોળો એકત્ર કરવા અને ઉપયોગ કરવો, અને પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ પર્યાવરણીય વળતર ભંડોળના વ્યવસ્થાપનની ચર્ચા નીચે કરવામાં આવી છેઃ

2.6.1 જિલ્લા ખનીજ નિધિ દ્વારા હાથ ધરવામાં આવેલી પરિયોજનાઓ માટે જિલ્લા ખનીજ નિધિનો ફાળો અને ખર્ચ

ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી સૂચનાઓ અને ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો મુજબ, જિલ્લા ખનીજ નિધિને આપવાના ફાળાની રકમ એ મુખ્ય અને ગૌણ ખનીજો પર ચુકવેલી રોયલ્ટી આધારિત ટકાવારી છે. જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી/સહાયક ભૂસ્તરશાસ્ત્રી મુખ્ય અને ગૌણ ખનીજોની આકારણી અને વસૂલાત કરે છે અને આથી, તેના પર જિલ્લા ખનીજ નિધિના ફાળાની આકારણી અને વસૂલાત માટે પણ સત્તાધિકારી છે.

પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના ની માર્ગદર્શિકા અને ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો મુજબ, જિલ્લા ખનીજ નિધિના ફાળાનો ઉપયોગ જિલ્લા ખનીજ નિધિના ઉદ્દેશો પૂર્ણ કરવા માટે કરવાનો છે. જિલ્લા ખનીજ નિધિના ભંડોળનો ઉપયોગ ખાણકામથી પ્રભાવિત વિસ્તારોમાં વિવિધ વિકાસકીય અને કલ્યાણ પરિયોજનાઓના અમલીકરણ માટે કરવાનો હતો. માર્ચ 2024ની સ્થિતિએ જિલ્લા ખનીજ નિધિના ભંડોળની સ્થિતિ **કોઠો 2.3** માં દર્શાવી છે.

કોઠો 2.3: માર્ચ 2024ના રોજ જિલ્લા ખનીજ નિધિના ભંડોળની સ્થિતિ

(₹ કરોડમાં)

જિલ્લાની સંખ્યા	જિલ્લાની કુલ સંખ્યા જેમાં જિલ્લા ખનીજ નિધિની સ્થાપના કરવામાં આવી	કોલસો અને લિગ્નાઇટની બાબતમાં એકત્રિત રકમ	મુખ્ય ખનીજો (કોલસો અને લિગ્નાઇટ સિવાય) ની બાબતમાં એકત્રિત રકમ	ગૌણ ખનીજોની બાબતમાં એકત્રિત રકમ	જિલ્લા ખનીજ નિધિ હેઠળ એકત્રિત કુલ રકમ
33	32	217.83	690.03	700.22	1,608.08

સ્રોત: જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલી માહિતી.

માર્ચ 2024 સુધીમાં, ગુજરાતમાં તમામ જિલ્લા ખનીજ નિધિમાં મળેલ કુલ જિલ્લા ખનીજ નિધિ ફાળો અને વિવિધ મંજૂર પરિયોજનાઓ થયેલ ખર્ચ **કોઠો 2.4** માં દર્શાવવામાં આવ્યો છે.

કોઠો 2.4: મળેલો જિલ્લા ખનીજ નિધિ ફાળો અને મંજૂર થયેલી પરિયોજનાઓ પર કરવામાં આવેલો ખર્ચ

વર્ષ	વર્ષ દરમિયાન મળેલો જિલ્લા ખનીજ નિધિફાળો (₹ કરોડમાં)	મંજૂર થયેલી પરિયોજનાઓ પર વર્ષ દરમિયાન થયેલો ખર્ચ (₹ કરોડમાં)
2016-17	153.44	0
2017-18	186.41	37.44
2018-19	195.60	116.34
2019-20	164.99	106.44
2020-21	192.01	88.74
2021-22	230.89	92.91
2022-23	242.54	154.89
2023-24	242.20	159.86
કુલ	**1,608.08**	**756.62**

સ્રોત: જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલી માહિતી.

2.6.2 પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળની પરિયોજનાઓ માટે જિલ્લા ખનીજ નિધિના ભંડોળનો ઉપયોગ

રાજ્યના 32 જિલ્લામાં જિલ્લા ખનીજ નિધિને મળતા ભંડોળનો ઉપયોગ કરીને જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના લાગુ કરવામાં આવી હતી. જિલ્લા ખનીજ નિધિ દ્વારા એકત્રિત ફાળાનો ઉપયોગ ખાણકામથી અસર પામેલા વિસ્તારોમાં લોકોના લાભ માટે વિકાસલક્ષી અને કલ્યાણકારી પરિયોજનાઓ/કામોના અમલીકરણ માટે થાય છે. પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાના ઉદ્દેશોની અસરકારક સિદ્ધિ સુનિશ્ચિત કરવા માટે આ પરિયોજનાઓની ભૌતિક અને નાણાકીય પ્રગતિ બંનેનું નિરીક્ષણ કરવું જરૂરી છે.

માર્ચ 2024 ની સ્થિતિએ, ગુજરાતના 32 જિલ્લા ખનીજ નિધિઓને ₹ 1,608.08 કરોડનો જિલ્લા ખનીજ નિધિ ફાળો મળ્યો હતો અને પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળની પરિયોજનાઓ માટે કરવામાં આવેલો ખર્ચ ₹ 756.62 કરોડ (47.05 ટકા) હતો.

રાજ્યના જિલ્લા ખનીજ નિધિઓમાં એકંદર ખર્ચની ભાતની ઑડિટમાં સમીક્ષા કરી હતી અને એવું અવલોકવામાં આવ્યુ હતું કે ફાળો અને તેના ઉપયોગ વચ્ચેનો ગાળો વર્ષ-દર-વર્ષના આધારે વધતો જતો હતો. **આલેખ 2.1** ગુજરાતનો વર્ષ-વાર ફાળો અને ખર્ચની વિગતો દર્શાવે છે.

આલેખ 2.1: ગુજરાતના જિલ્લા ખનીજ નિધિના ફાળા અને 32 જિલ્લા ખનીજ નિધિના ખર્ચની વિગતો



સ્રોત: જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગર દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતી.

માર્ચ 2024ની સ્થિતિએ, ગુજરાતમાં કુલ વણવપરાયેલો જિલ્લા ખનીજ નિધિ ફાળો ₹ 851.46 કરોડ (52.95 ટકા) હતો.

2.6.3 પર્યાવરણીય વળતર ભંડોળનો ઉપયોગ

ઉદ્યોગ અને ખાણ વિભાગે પર્યાવરણને નુકસાન કરતા ગેરકાયદે ખાણકામ પરિવહન અને સંગ્રહના કેસમાં પર્યાવરણીય વળતર લાદવા બાબતમાં સરકારી ઠરાવ બહાર પાડ્યો હતો (સપ્ટેમ્બર 2018).

આ સરકારી ઠરાવમાં નિયત કર્યા મુજબ પર્યાવરણીય વળતર ભંડોળ ગુજરાત રાજ્યમાં કોઇ પણ ખનીજના ગેરકાયદેસર ખાણકામ, પરિવહન અને સંગ્રહમાં સંડોવાયેલ વ્યક્તિઓ પર ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, 1957 હેઠળ ઘડવામાં આવેલા નિયમો હેઠળ ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા લાદવામાં આવેલા દંડ ઉપરાંતનો હશે. પર્યાવરણીય વળતર ભંડોળ તરીકે એકત્ર કરેલી રકમ અલગ બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

સરકારી ઠરાવમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે પર્યાવરણીય વળતર તરીકે એકત્ર કરેલ ભંડોળનો ઉપયોગ જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટ મારફત નીચેના કાર્યક્ષેત્રની અંદર પ્રવૃત્તિઓ માટે થવો જોઇએઃ (ક) પીવાના પાણીનો પુરવઠો (ખ) પર્યાવરણીય સંરક્ષણ અને પ્રદૂષણ નિયંત્રણ પગલાં (ગ) ઉચ્ચ પ્રાથમિકતાવાળા વિસ્તારોમાં આરોગ્ય સંભાળ અને (ઘ) ગેરકાયદે ખાણકામ દ્વારા થયેલા નુકસાનની ભરપાઇ કરવા માટે પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના અને ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો, 2016 હેઠળ અન્ય પ્રાથમિકતાવાળા વિસ્તારોમાં ખાણકામ જિલ્લાઓમાં પર્યાવરણીય ગુણવત્તા ઉંચી લઇ જવા માટેના અન્ય પગલા.

માર્ચ 2023 સુધી ગુજરાતમાં 32 જિલ્લા ખનીજ નિધિઓ પાસે કુલ ₹ 62.12 કરોડનું[2] પર્યાવરણીય વળતર ભંડોળ ઉપલબ્ધ હતું. આ ભંડોળમાંથી, તેની વસૂલાતથી કોઇ વપરાશ કરવામાં આવ્યો ન હતો. વર્ષ 2023-24 દરમિયાન, 32 જિલ્લા ખનીજ નિધિઓને ₹ 22.34 કરોડની રકમનું પર્યાવરણીય વળતર ભંડોળ મળ્યુ હતું. આ પૈકી, ₹ 0.85 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો અને ₹ 21.49 કરોડ વપરાયા વગરના રહ્યા હતા. આમ, ₹ 84.46 કરોડના ઉઘરાવવામાં આવેલા ફાળામાંથી કુલ ₹ 83.61 કરોડનો પર્યાવરણીય વળતર ભંડોળ વણવપરાયેલું હતું. પસંદ કરેલા પાંચ જિલ્લા ખનીજ નિધિઓમાં, 2023-24 દરમિયાન પર્યાવરણીય વળતર ભંડોળ તરીકે કુલ ₹ 10.65 કરોડ એકત્ર કરવામાં આવ્યા હતા જે નવેમ્બર 2024 સુધી વણવપરાયોલા રહ્યા હતા.

ઓડિટના ધ્યાન પર આવ્યુ હતું કે ઉદ્યોગ અને ખાણ વિભાગની સ્પષ્ટ સૂચનાઓ હોવા છતાં, રાજ્યના જિલ્લા ખનીજ નિધિઓએ માર્ચ 2023 સુધી ના તો પર્યાવરણીય વળતર ભંડોળનો ઉપયોગ કર્યો હતો ના તો જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ/ રાજ્ય સ્તરે સક્ષમ અધિકારીએ તેના ઉપયોગ માટે કોઈ સૂચના બહાર પાડી હતી. આમ, ભંડોળનો ઉપયોગ ન થવાને કારણે પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાના ઉચ્ચ પ્રાથમિકતાવાળા વિસ્તારો, અન્ય પ્રાથમિકતાવાળા ક્ષેત્રો અને રાજ્યમાં ગેરકાયદેસર ખાણકામથી થતા પર્યાવરણને થયેલા નુકસાનને પુનઃસ્થાપિત ન કરવાના ઉદ્દેશ્યો ઓછા પરિપૂર્ણ થયા હતા.

જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમે અવલોકનનો સ્વીકાર કર્યો હતો (ઓક્ટોબર 2023) અને જણાવ્યું હતું કે જિલ્લા ખનીજ નિધિને પર્યાવરણીય વળતર ભંડોળનો ઉપયોગ કરવા માટે સૂચનાઓ રવાના કરવામાં આવશે. વધુમાં, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, મહેસાણા અને સુરતના જિલ્લા ખનીજ નિધિઓએ જવાબ આપ્યો હતો (ઓક્ટોબર 2023/ ડિસેમ્બર 2023/ માર્ચ 2024)

---

2 વસૂલાતમાંથી ₹ 59.77 કરોડ અને તેના પર ઉપાર્જિત ₹ 2.35 કરોડ વ્યાજ.

કે પરિયોજનાની દરખાસ્તો ન મળવી, કારોબારી સમિતિ અને વહીવટી પરિષદની બેઠકો ન થવી અને ગુજરાત સરકાર તરફથી પર્યાવરણીય વળતર ભંડોળના ઉપયોગ માટે કોઈ સૂચના ન મળવાને કારણે પર્યાવરણીય વળતર ભંડોળ નો ઉપયોગ કરી શકાયો ન હતો. જિલ્લા ખનીજ નિધિ ભાવનગરનો જવાબ પ્રતીક્ષિત હતો (નવેમ્બર 2024).

બાદમાં આપેલો જવાબ સ્વીકાર્ય નથી કારણ કે ગુજરાત સરકાર દ્વારા બહાર પડાયેલા સરકારી ઠરાવમાં પહેલાથી જ એવી જોગવાઈ હતી કે જિલ્લા ખનીજ નિધિઓએ પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ નિયત ક્ષેત્રો પર પર્યાવરણીય વળતર ભંડોળનો ઉપયોગ કરવાનો હતો. તેથી, આ સંદર્ભમાં કોઈ વધુ સૂચના બહાર પાડવાની જરૂર નહોતી.

2.7 જિલ્લા ખનીજ નિધિનો ફાળો અને વસૂલાતની પદ્ધતિ

આ કામગીરી ઓડિટનો ત્રીજો ઉદ્દેશ જિલ્લા ખનીજ નિધિ હેઠળ પ્રાપ્તિની આકારણી, માંગણા અને વસૂલાત માટેની પધ્ધતિની વિશ્વસનીયતા અને કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરવાનો હતો. આ ઉદ્દેશ્યને લગતા અવલોકનો, જેમાં જિલ્લા ખનીજ નિધિ ફાળો વસૂલ કરવાની પદ્ધતિ અને મૂલ્યાંકન, માંગ અને પ્રાપ્તિની વસૂલાત કરવા માટેની પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે, તેની વિગતો નીચેના વિભાગોમાં આપી છે.

ભારત સરકાર અને ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો, 2016 દ્વારા બહાર પડાયેલ સૂચનાઓને ધ્યાનમાં રાખીને, જિલ્લા ખનીજ નિધિમાં ફાળો આપવાની રકમ અનુક્રમે મુખ્ય અથવા ગૌણ ખનિજો પર ચૂકવવામાં આવતી રોયલ્ટીના આધારે ટકાવારી છે. મુખ્ય અને ગૌણ ખનિજો માટે જિલ્લા ખનીજ નિધિના ફાળાની રકમની વિગતો નીચે જણાવેલ છે.

મુખ્ય ખનીજો

ભારત સરકારના જાહેરનામા (17 સપ્ટેમ્બર 2015) મુજબ, કોલસા અને લિગ્નાઈટ સિવાયની મુખ્ય ખનીજોના સંદર્ભમાં જિલ્લા ખનીજ નિધિ ફાળાની રકમ 12 જાન્યુઆરી 2015 પહેલા આપવામાં આવેલા ખાણ-પટાના સંદર્ભમાં ચૂકવવામાં આવેલી રોયલ્ટીના 30 ટકા અને 12 જાન્યુઆરી 2015 ના રોજ અથવા તે પછી આપવામાં આવેલા ખાણ-પટા અથવા પૂર્વેક્ષણ પરવાનો-સહ-ખાણપટાના સંદર્ભમાં ચૂકવવામાં આવેલી રોયલ્ટીના 10 ટકા હોવી જોઈએ. ઉદ્યોગ અને ખાણ વિભાગના પરિપત્ર (25 એપ્રિલ 2018) માં જણાવાયું હતું કે જિલ્લા કલેક્ટરોએ 17 સપ્ટેમ્બર 2015થી કોલસા અને લિગ્નાઈટ સિવાયના મુખ્ય ખનીજો માટેના પટા ધરાવતા પટેદારો પાસેથી અને 1 એપ્રિલ 2016થી ખનીજ કોલસા અને લિગ્નાઈટ માટે પટા ધરાવતા પટેદાર પાસેથી જિલ્લા ખનીજ નિધિ ફાળો વસૂલવાનો રહેશે. માનનીય સુપ્રીમ કોર્ટના 13 ઓક્ટોબર 2017ના રોજના આદેશમાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે જે લીઝ ધારકોએ 31 ડિસેમ્બર 2017 સુધીમાં જિલ્લા ખનીજ નિધિ ફાળાની સંપૂર્ણ ચુકવણી કરી નથી, તેમના પર નિયત તારીખથી વાર્ષિક 15 ટકા પ્રતિ વર્ષના દરે વ્યાજ વસૂલવામાં આવશે.

ગૌણ ખનીજો

ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોના નિયમ 21(1એ) માં નિયત કરવામાં આવ્યુ છે કે જિલ્લા ખનીજ નિધિના ફાળાની રકમ ગૌણ ખનીજોની બાબતમાં ચૂકવવામાં આવતી રોયલ્ટીના 10 ટકા હોવી જોઈએ અને તે 26 સપ્ટેમ્બર 2016 થી વસૂલવાની હતી. ગુજરાત ગૌણ ખનીજ છૂટછાટ

નિયમો, 2017 ના નિયમ 54 મુજબ, સરકારને ચૂકવવાની બાકી રકમ જે નિયત તારીખ (રોયલ્ટી ચૂકવ્યા તારીખ) થી ત્રીસ દિવસથી વધુ વિલંબિત હોય અને આવી રકમ ચૂકવવામાં ન આવે ત્યાં સુધી તેના પર વાર્ષિક 18 ટકાના દરે સાદું વ્યાજ વસૂલ કરવાનું હતું.

2.7.1 જિલ્લા ખનીજ નિધિના ફાળાની આવક વસૂલ કરવાની પધ્ધતિ

ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોના નિયમ 21(2) માં નિયત કરવામાં આવ્યુ છે કે વિના વિલંબે સરળ તબદીલી પ્રાપ્ત કરવા માટે, જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટના ફાળાની ચૂકવણી રોયલ્ટીની ચુકવણી સાથે કરવી જોઈએ અને દરેક જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટને ચૂકવવાપાત્ર રકમ સરકાર દ્વારા નિર્દિષ્ટ રીતે તેના બેંક ખાતામાં જમા થવી જોઈએ.

ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોના નિયમ 20માં જણાવાયું હતું કે જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટોએ જિલ્લા ખનીજ નિધિ ફાળા માટે બેંક ખાતું ખોલવું પડશે. જિલ્લા ખનીજ નિધિ ફાળો એકત્રિત કરવા માટે રાજ્ય સ્તરની સંકલન સમિતિની સૂચના (નવેમ્બર 2016) મુજબ, જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટોએ મુખ્ય ખનિજમાંથી પ્રાપ્ત જિલ્લા ખનીજ નિધિ ફાળો તેમજ ગૌણ ખનીજોમાંથી પ્રાપ્ત જિલ્લા ખનીજ નિધિ ફાળા માટે પણ બેંક ખાતા ખોલવા જરૂરી હતા. જિલ્લા ખનીજ નિધિ ફાળો સંબંધિત જિલ્લા ખનીજ નિધિઓના બેંક ખાતામાં જમા કરાવવાનો હોય છે.

ગુજરાત સરકારના ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ કમિશનરની કચેરી (CGM) સરકારની મહેસૂલ આવકની ઓનલાઈન વસૂલાત માટે સાયબર ટ્રેઝરી પોર્ટલ સાથે જોડાયેલ ઇન્ટિગ્રેટેડ લીઝ મેનેજમેન્ટ સિસ્ટમ (ILMS) પોર્ટલ ચલાવી રહી છે જેમાં ખનીજો પરની રોયલ્ટીનો સમાવેશ થાય છે.

જો કે, નાણા વિભાગના સાયબર ટ્રેઝરી પોર્ટલ દ્વારા જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટોના સંબંધિત બેંક ખાતાઓમાં જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટનો ફાળો અને તેની જમાનોંધ જેવી બિન-કર આવક સંબંધિત ચુકવણી શક્ય નહોતી, કારણ કે પોર્ટલમાં આ કાર્યક્ષમતા માટેની જોગવાઈ નહોતી. તેથી, ILMS દ્વારા જિલ્લા ખનીજ નિધિના ફાળાની ચુકવણીને સરળ બનાવવા માટે, ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ કમિશનરે ILMS ને સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના ઇ-પે પોર્ટલ સાથે એકીકૃત કર્યું, જે 01 જાન્યુઆરી 2021 થી કાર્યરત હતું. આ એકીકરણ પછી, જિલ્લા ખનીજ નિધિ ફાળો રોયલ્ટી ચુકવણીના આધારે આપમેળે કાપવામાં આવતો હતો અને સંબંધિત જિલ્લા ખનીજ નિધિના ખાતામાં જમા કરવામાં આવતો હતો. ILMS પોર્ટલમાં જિલ્લા ખનીજ નિધિના સદર હેઠળ પટેદાર દ્વારા પૂરતીં જમા જરૂરી છે, નહિતર 01 ફેબ્રુઆરી 2021 થી રોયલ્ટી પાસ જનરેટ કરી શકાયો નહોત. પસંદ કરેલા પાંચ જિલ્લા ખનીજ નિધિના કિસ્સામાં ભંડોળના મૂલ્યાંકન, માંગ અને વસૂલાત પર વિશ્લેષણ રિપોર્ટના ભાગ ખ ના ફકરા 3.3 હેઠળ આવરી લેવામાં આવ્યું છે.

2.7.2 જિલ્લા ખનીજ નિધિઓ હેઠળ આવકની આકારણી, માંગણું અને વસૂલાત

પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાના યોગ્ય અમલીકરણ માટે રોયલ્ટી રકમ પર જિલ્લા ખનીજ નિધિ ફાળાનું મૂલ્યાંકન, તેનું માંગણું અને વસૂલાત મહત્વપૂર્ણ છે.

જિલ્લા ખનીજ નિધિ ફાળાની આકારણી

ખાણકામની કામગીરી કરતા દરેક પટેદારના કિસ્સામાં, રોયલ્ટી રાજ્ય સરકારને ચૂકવવાપાત્ર છે. ચૂકવવામાં આવેલી રોયલ્ટીની રકમના આધારે, જિલ્લા ખનીજ નિધિનો ફાળો મુખ્ય અથવા ગૌણ ખનિજો પર ચૂકવવામાં આવતી રોયલ્ટીની ટકાવારી તરીકે નક્કી કરવામાં આવે છે.

ગુજરાતમાં, ચૂકવવામાં આવતી રોયલ્ટીની માહિતી ઇન્ટિગ્રેટેડ લીઝ મેનેજમેન્ટ સિસ્ટમના પોર્ટલની ઓનલાઈન સિસ્ટમમાં નાખવામાં આવે છે. ઇન્ટિગ્રેટેડ લીઝ મેનેજમેન્ટ સિસ્ટમ મુજબ ચૂકવવામાં આવતી રોયલ્ટીની રકમના આધારે, પટેદાર જિલ્લા ખનીજ નિધિ ફાળો ચૂકવવાનો રહેતો હતો. 01 જાન્યુઆરી 2021 પહેલા, પટેદારો જિલ્લા ખનીજ નિધિ ફાળો સીધા બેંક ખાતાઓમાં જમા કરતા હતા, જેમાં રોયલ્ટી સાથે જોડાયેલી ચુકવણીઓનું ધ્યાન રાખવા માટે કોઈ ઓનલાઈન પદ્ધતિનો ઉપયોગ થતો ન હતો. ત્યારબાદ, ચૂકવવામાં આવનાર જિલ્લા ખનીજ નિધિનો ફાળો ઇન્ટિગ્રેટેડ લીઝ મેનેજમેન્ટ સિસ્ટમ સાથે જોડવામાં આવતો હતો અને રોયલ્ટી સાથે કાપવામાં આવતો હતો.

ઓડિટે અવલોકન કર્યું હતું કે જિલ્લા ખનીજ નિધિમાં જિલ્લા ખનીજ નિધિ ફાળાની વસૂલાત માટે માટે ભૌતિક રેકર્ડ અને રજિસ્ટરો યોગ્ય રીતે જાળવવામાં આવ્યા ન હતા. તેથી, દરેક પટેદાર દ્વારા ચૂકવવાપાત્ર જિલ્લા ખનીજ નિધિ ફાળાના મૂલ્યાંકન માટે જિલ્લા ખનીજ નિધિની કચેરી દ્વારા પૂરા પાડવામાં આવેલ દરેક પટેદાર માટે ઇન્ટિગ્રેટેડ લીઝ મેનેજમેન્ટ સિસ્ટમ મુજબ કાપવામાં આવેલી ઓનલાઇન રોયલ્ટી અને જિલ્લા ખનીજ નિધિના ફાળાની માહિતી પર આધાર રાખવામાં આવ્યો હતો. પાંચ પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિના કિસ્સામાં જિલ્લા ખનીજ નિધિફાળાની ઓછી વસૂલાત પર વિશ્લેષણ અહેવાલના ભાગ ખ ના ફકરા 3.3 હેઠળ આવરી લેવામાં આવ્યું છે.

2.7.3 જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટોમાં હિસાબી નિરૂપણ

તમામ 32 જિલ્લા ખનીજ નિધિઓ જાહેર ટ્રસ્ટ તરીકે નોંધાયેલા છે. ટ્રસ્ટ ગુજરાત પબ્લિક ટ્રસ્ટ્સ એક્ટ, 1950 પ્રમાણે ભંડોળના હિસાબના ચોપડા જાળવે છે. ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોના નિયમ 20 અને 21 મુજબ, જિલ્લા ખનીજ નિધિની ફાળાની આવકમાં મુખ્ય અને ગૌણ ખનીજોમાંથી જિલ્લા ખનીજ નિધિ ફાળો, બેંક ખાતાઓમાં ઉપાર્જિત વ્યાજ અને સરકાર દ્વારા નિર્ધારિત અન્ય કોઈ પણ ફાળાનો સમાવેશ થશે. વધુમાં, જિલ્લા ખનીજ નિધિઓએ બેંક ખાતા ખોલવાના હતા અને જિલ્લા ખનીજ નિધિની વહીવટી પરિષદ બેંક ખાતાઓના સંચાલન અને બેંકોમાં બિનઉપયોગી ભંડોળના રોકાણ માટેની પદ્ધતિઓને મંજૂરી આપશે.

રાજ્ય સ્તરની સંકલન સમિતિએ દરેક જિલ્લા ખનીજ નિધિને મુખ્ય અને ગૌણ ખનિજો માટે જિલ્લા ખનીજ નિધિના ફાળા માટે અલગ બેંક ખાતા ખોલવા અને જિલ્લા ખનીજ નિધિના નિયમિત વહીવટી ખર્ચ માટે બીજું બેંક ખાતું ખોલવાનો આદેશ આપ્યો હતો (નવેમ્બર 2016). રાજ્ય સ્તરે, એક દેણગી (એન્ડોમેન્ટ) ફંડ અને કોર્પસ ફંડ રાખવામાં આવે છે જેમાં જિલ્લા ખનીજ નિધિના યોગદાન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે. પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ મંજૂર અને અમલમાં મુકાયેલી વિવિધ પરિયોજનાઓ માટેનો ખર્ચ મુખ્ય અને ગૌણ ખનિજોના જિલ્લા ખનીજ નિધિના ફાળા માટેના બેંક ખાતાઓ દ્વારા કરવામાં આવ્યો હતો.

આમ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના ઇ-પે પોર્ટલ સાથે ઇન્ટિગ્રેટેડ લીઝ મેનેજમેન્ટ સિસ્ટમના સંકલનથી જિલ્લા ખનીજ નિધિના ફાળાનું મૂલ્યાંકન કરવાની પ્રક્રિયા સંતોષકારક બની હતી. જો કે,

પસંદગીના જિલ્લા ખનીજ નિધિમાં જિલ્લા ખનીજ નિધિના ફાળાના માંગણાં અને વસૂલાતમાં ઘટના કિસ્સાઓ જોવા મળ્યા હતા, જેની વિગતો અહેવાલના ભાગ ખ ના ફકરા 3.3 માં છે.

2.8 પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની પરિયોજનાઓનું અમલીકરણ

કામગીરી ઓડિટનો ચોથો ઉદ્દેશ એ નક્કી કરવાનો હતો કે શું યોજનાનો અમલ ઇચ્છિત પરિણામો પ્રાપ્ત કરવા માટે અસરકારક રીતે કરવામાં આવ્યો છે અને તે અસરગ્રસ્ત વિસ્તાર અને લોકોના જીવનમાં હકારાત્મક પરિવર્તન લાવી શકે છે. આ યોજના હેઠળના કામો/પરિયોજનાઓનું અમલીકરણ સરકાર/ગ્રામ પંચાયતના વિવિધ લાઇન વિભાગો/કાર્યકારી એજન્સીઓ દ્વારા કરવામાં આવે છે. આ વિભાગો રાજ્યના એકંદર વિકાસ માટે અસરકારક અને ટકાઉ ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની વ્યૂહરચનાઓ વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

નીચે આપેલ **આલેખ 2.2** કામો/પરિયોજનાઓની મંજૂરી અને અમલીકરણ સંબંધિત વહીવટી પ્રક્રિયા દર્શાવે છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

આલેખ 2.2: જીલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટ દ્વારા પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાનાં અમલીકરણનું વર્કફલો



સ્રોત: જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી.

જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, 32 જિલ્લા ખનીજ નિધિઓએ પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ હાથ ધરવા માટે કુલ 26,667 પરિયોજનાઓને મંજૂરી આપી હતી. ઉપરોક્ત મંજૂર પરિયોજનાઓમાંથી, 14,516 (54 ટકા) પરિયોજનાઓ પૂર્ણ થઇ હતી, 3,141 (12 ટકા) પરિયોજનાઓ ચાલુ હતી, 3,278 (12 ટકા) પરિયોજનાઓ હજુ પણ શરૂ થવાની બાકી હતી અને 5,732 (21 ટકા) પરિયોજનાઓ પડતી મુકવામાં/રદ કરવામાં આવી હતી.

2.8.1 મંજૂર થયેલી પરિયોજનાઓનું વર્ગીકરણ

પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની માર્ગદર્શિકા અને ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો, 2016 ના નિયમો 16 (4) (એ) અને (બી) ના ફકરા 2(1) માં જણાવાયું છે કે ઓછામાં ઓછા 60 ટકા ભંડોળનો ઉપયોગ ઉચ્ચ પ્રાથમિકતાવાળા ક્ષેત્રોના આઠ નિર્દિષ્ટ સદરો[3] હેઠળ અને ભંડોળના 40 ટકા સુધીનો ઉપયોગ અન્ય પ્રાથમિકતાવાળા ક્ષેત્રોના ચાર નિર્દિષ્ટ સદરો[4] હેઠળ

[3] 1. પેય જળનો પુરવઠો 2. પર્યાવરણનું સંરક્ષણ અને પ્રદૂષણ નિયંત્રણ પગલા 3. સ્વાસ્થ્ય સંભાળ 4. શિક્ષણ 5. મહિલાઓ અને બાળકોનું કલ્યાણ 6. વૃધ્ધ અને વિકલાંગ લોકોનું કલ્યાણ 7. કૌશલ્ય વિકાસ અને 8. સ્વચ્છતા.

[4] 1. ભૌતિક માળખુ 2. સિંચાઇ 3. ઊર્જા અને વોટરશેડ વિકાસ અને 4. ખાણકામવાળા જિલ્લાઓમાં પર્યાવરણીય ગુણવત્તા સુધારવા માટેના અન્ય કોઇ પણ પગલા.

થવો જોઈએ

માર્ચ 2024ની સ્થિતિએ, પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ મંજૂર કરાયેલી પરિયોજનાના અમલીકરણ માટે 32 જિલ્લા ખનીજ નિધિ અને જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ દ્વારા કુલ ₹ 756.62 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. કુલ ખર્ચમાંથી, કુલ ₹ 566.13 કરોડ (પરિયોજનાના કુલ ખર્ચના 74.82 ટકા) ઉચ્ચ પ્રાથમિકતાવાળા વિસ્તારોમાં અને બાકીના ₹ 190.49 કરોડ (પરિયોજનાના કુલ ખર્ચના 25.18 ટકા) અન્ય પ્રાથમિકતાવાળા વિસ્તારોમાં ખર્ચવામાં આવ્યા હતા.

ઓડિટમાં ઉચ્ચ પ્રાથમિકતાવાળા ક્ષેત્રો પરના એકંદર ખર્ચની વિગતોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું જે આલેખ 2.3 માં દર્શાવવામાં આવ્યું છે.

આલેખ 2.3: ઉચ્ચ પ્રાથમિકતાવાળા વિસ્તારોમાં સદર મુજબ ટકાવારીમા ખર્ચ



સ્રોત: જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટ-SNU, ગાંધીનગર દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતી.

ઉચ્ચ પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્રોમાં પરિયોજનાઓ/કામો પરના ખર્ચમાંથી, 93.64 ટકા ખર્ચ પાંચ મુખ્ય સદરો હેઠળ કરવામાં આવ્યો હતો, જેમ કે શિક્ષણ, મહિલા અને બાળ કલ્યાણ, આરોગ્ય સંભાળ, કૌશલ્ય વિકાસ અને પીવાના પાણી પુરવઠા, જેમાં સૌથી વધુ 43.42 ટકા શિક્ષણનાં સદર હેઠળ ખર્ચ કરવામાં આવ્યો હતો. બાકીનાં ત્રણ મુખ્ય સદરો, જેમ કે પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા અને વૃદ્ધ અને દિવ્યાંગ લોકોના કલ્યાણ પર, ફક્ત 6.36 ટકા ખર્ચ કરવામાં આવ્યો હતો.

અન્ય પ્રાથમિકતાવાળા ક્ષેત્રોમાં પરિયાજનાઓ/કામો પરના ખર્ચમાંથી, 75.85 ટકા ખર્ચ ભૌતિક માળખાગત સુવિધાઓ પર અને બાકીના 24.15 ટકા સિંચાઈ, ઉર્જા અને વોટરશેડ વિકાસ અને અન્ય પર કરવામાં આવ્યો હતો.

2.9 પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ દેખરેખની પધ્ધતિ

આ કામગીરી ઓડિટનો પાંચમો ઉદ્દેશ્ય એ નક્કી કરવાનો હતો કે યોજનાના અમલીકરણનું નિરીક્ષણ અને મૂલ્યાંકન પૂરતું અને અસરકારક હતું કે કેમ. જવાબદારી અને પારદર્શિતા પદ્ધતિઓ સંબંધિત ઓડિટ અવલોકનો, જેમાં કારોબારી સમિતિ અને વહીવટી પરિષદની બેઠકો યોજવી, વાર્ષિક અહેવાલો અને ઓડિટ થયેલા હિસાબોની તૈયારી અને મંજૂરી, રાજ્ય વિધાનસભા સમક્ષ આ દસ્તાવેજોની રજૂઆત અને જિલ્લા ખનીજ નિધિના સામાજિક ઓડિટનું સંચાલન સામેલ છે, જેની વિગતો હવે પછીના ફકરાઓમાં છે.

2.9.1 જવાબદારી અને પારદર્શકતાની પધ્ધતિ

ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો 2016ના નિયમ 24 (2) મુજબ, જિલ્લા ખનીજ નિધિએ 1 એપ્રિલ થી શરૂ થતા અને 31 માર્ચના રોજ પૂરા થતા દરેક નાણાકીય વર્ષ માટે આવક અને ખર્ચનું પત્રક અને સરવૈયુ જાળવવાની જરૂર છે. ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો, 2016ના નિયમ 25 (1) મુજબ, જિલ્લા ખનીજ નિધિના હિસાબોનું વાર્ષિક ધોરણે નાણાકીય વર્ષ પૂર્ણ થયા પછી મહાલેખાકાર* દ્વારા સૂચવવામાં આવેલા લાયકાત ધરાવનાર ઓડિટરોની યાદીમાંથી વહીવટી પરિષદ દ્વારા નિમણૂંક પામેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા ઓડિટ કરાવવાની જરૂર છે. ઓડિટમાં જોવા મળ્યું હતું કે પ્રતિક ઓડિટ કરાયેલા નમૂનામાં હિસાબી માળખું સામાન્ય હિસાબી ધોરણો સાથે સુસંગત છે.

જાન્યુઆરી, 2024 ના ભારત સરકારના માર્ગદર્શિકામાં ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (CAG) દ્વારા જીલ્લા ખનીજ નિધિના ખાતાઓના ઓડિટ માટે જોગવાઈ કરવામાં આવી હતી. સપ્ટેમ્બર 2015માં ભારત સરકાર દ્વારા બહાર પડાયેલી અગાઉની માર્ગદર્શિકામાં ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા જીલ્લા ખનીજ નિધિના ખાતાઓના ઓડિટ માટે આ જોગવાઈ નહોતી.

2.9.2 જિલ્લા ખનીજ નિધિઓનું વહીવટી માળખુ

જિલ્લા ખનીજ નિધિઓના વહીવટી માળખાનું નિયમન ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો, 2016 મુજબ થાય છે. જિલ્લા ખનીજ નિધિ પાસે રાજ્ય સ્તર અને જિલ્લા સ્તરનો સમાવેશ કરતું દ્વિ-સ્તરીય વહીવટી માળખુ છે. જિલ્લા ખનીજ નિધિ રાજ્ય સ્તર અને જિલ્લા સ્તરનું વહીવટી માળખું આલેખ 2.4 માં દર્શાવ્યુ છે.

* ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા બહાર પાડવામાં આવેલ નિમણૂંક પામેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની યાદી.

આલેખ 2.4: જિલ્લા ખનીજ નિધિનું વહીવટી માળખુ

સ્રોત: જિલ્લા ખનીજ નિધિ-રાજ્ય કેન્દ્રવર્તી એકમ દ્વારા રજૂ કરવામાં આવેલા રાજ્ય સ્તરની સંકલન સમિતિ ના રેકર્ડ.

ગુજરાતમાં જિલ્લા ખનીજ નિધિના શાસન અને વહીવટમાં અનેક મુખ્ય સંસ્થાઓ અને સમિતિઓનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં અને ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ કમિશનરની સભ્ય સચિવ તરીકે સહાયમાં, રાજ્ય સ્તરની સંકલન સમિતિ જિલ્લાઓમાં જિલ્લા ખનીજ નિધિ સંકલન અને ભંડોળના સમયસર તબદીલીની દેખરેખ કરે છે. ઉદ્યોગ અને ખાણ વિભાગ ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ કમિશનર કે જે રાજ્યવ્યાપી ખાણકામ પ્રવૃત્તિઓનું સંચાલન કરે છે તેની કચેરીનું નિરીક્ષણ કરે છે. ગુજરાત ખનીજ સંશોધન અને વિકાસ સોસાયટી GMRDS, જેને 2016માં રાજય કેન્દ્રવર્તી તંત્ર તરીકે પદનામિત કરવામાં આવ્યું હતું, તે ગાંધીનગર સ્થિત તેના રાજ્ય કેન્દ્રવર્તી એકમ (જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ) દ્વારા જિલ્લા ખનીજ નિધિની કામગીરીને સરળ બનાવે છે. જિલ્લા સ્તરે, દરેક જિલ્લા ખનીજ નિધિમાં એક વહીવટી પરિષદ અને એક કારોબારી સમિતિ, જે બંને જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં હોય છે અને પરિયાજનાના આયોજન, મંજૂરી અને દેખરેખ માટે જવાબદાર હોય છે. જિલ્લા આયોજન અધિકારી ભંડોળની ચુકવણીનું સંચાલન કરે છે, જ્યારે જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી ખાણકામ નિયમો અને રોયલ્ટીની વસૂલાતનું પાલન સુનિશ્ચિત કરે છે. વધુમાં, ગ્રામ પંચાયતો ખાણકામથી અસર પામેલા ગામડાઓમાં પરિયોજનાઓની ઓળખ કરે છે અને અમલમાં મૂકે છે, જિલ્લા ખનીજ નિધિની પ્રવૃત્તિઓમાં પાયાના સ્તરની સંડોવણી સુનિશ્ચિત કરે છે.

ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ કમિશનરે પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની પરિયાજનાઓ માટે પરિયોજનાની રચનાથી લઈને પરિયોજના પૂર્ણ થવા સુધીની વહીવટી મંજૂરીઓ અને માનક પ્રક્રિયાઓ માટે માર્ગદર્શિકા બહાર પાડી હતી (ડિસેમ્બર 2019). તેમાં પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની પરિયોજનાઓના કામની પ્રગતિ, કામની ગુણવત્તા, સામૂહિક કલ્યાણ અને પરિયોજના દ્વારા ઉત્પન્ન થતા લાભો વગેરે અંગે તબક્કાવાર દેખરેખ માટેની પ્રક્રિયા નક્કી કરવામાં આવી હતી. જિલ્લા ખનીજ નિધિ દ્વારા પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાના પરિયોજનાની દેખરેખ/નિરીક્ષણ બે તબક્કામાં કરવામાં આવે છે (i) પરિયોજનાના અમલીકરણ દરમિયાન, અને (ii) પરિયોજના પૂર્ણ થયા પછી.

જિલ્લા ખનીજ નિધિઓ પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની પરિયાજનાઓના અમલીકરણ પર નજર રાખે છે અને જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગરને માસિક પ્રગતિ

અહેવાલ રજૂ કરે છે જેમાં કારોબારી સમિતિ અને વહીવટી પરિષદ દ્વારા મંજૂર કરાયેલી પરિયોજનાઓ, વહીવટી મંજૂરી માટે મંજૂર કરાયેલી પરિયોજનાઓ, અમલમાં મુકાયેલી પરિયોજનાઓ, હજુ શરૂ થવાની હોય એવી પરિયોજનાઓ અને રદ કરાયેલી પરિયોજનાઓની વિગતો આપવામાં આવે છે. જિલ્લા ખનીજ નિધિઓના માસિક પ્રગતિ અહેવાલમાં વિવિધ પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની પરિયોજનાઓ માટે મંજૂર થયેલો ખર્ચ અને ખર્ચની વિગતો પણ શામેલ છે..

ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોમાં ચોક્કસ રેકોર્ડ જાળવવા અને સરકારને રેકોર્ડ સુપરત કરવાની જોગવાઈ છે, જેની વિગતો નીચે જણાવેલ છે, જે જિલ્લા ખનીજ નિધિ તેમજ રાજ્ય સરકાર દ્વારા જિલ્લા ખનીજ નિધિની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ અને મૂલ્યાંકન કરવામાં મદદ કરશે.

રેકર્ડ અને રજિસ્ટરોની જાળવણી: નિયમ 24 નિયત કરે છે કે જિલ્લા ખનીજ નિધિ એ યોગ્ય હિસાબો અને અન્ય સંબંધિત રેકોર્ડ જેમ કે જુદા જુદા પ્રકારના રજિસ્ટર જાળવવા જોઈએ.

નાણાકીય ઑડિટ, વાર્ષિક અહેવાલ અને સામાજીક ઑડિટ: નિયમ 25માં નિયત કરવામાં આવ્યુ છે કે નાણાકીય વર્ષ પૂર્ણ થયા પછી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા જિલ્લા ખનીજ નિધિના હિસાબોનું વાર્ષિક ધોરણે ઓડિટ કરવામાં આવે. નાણાકીય ઓડિટ ઉપરાંત, એક સ્વતંત્ર સામાજિક ઓડિટ હાથ ધરવાનુ હોય છે અને વાર્ષિક અહેવાલ તૈયાર કરવાનો હોય છે. આ બધા અહેવાલો, એટલે કે નાણાકીય ઓડિટ અહેવાલ, સામાજિક ઓડિટ અહેવાલ અને વાર્ષિક અહેવાલ, રાજ્ય વિધાનસભા સમક્ષ રજૂ કરવા જરૂરી છે.

2.9.3 જિલ્લા ખનીજ નિધિઓની કારોબારી સમિતિ અને વહીવટી પરિષદની બેઠકો

ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો મુજબ, દરેક જિલ્લા ખનીજ નિધિની વહીવટી પરિષદ (GC) અને કારોબારી સમિતિ (EC) જિલ્લા ખનીજ નિધિની કામગીરીનું નિરીક્ષણ અને મૂલ્યાંકન કરવા માટે નિયમિત સમયાંતરે મળશે. ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોના નિયમ- 10 (1) અને 9 (1) માં જણાવવામાં આવ્યું છે કે કારોબારી સમિતિ અને વહીવટી પરિષદની બેઠક અનુક્રમે દર ત્રણ મહિનામાં ઓછામાં ઓછી એક વાર અને વર્ષમાં[5] એક વાર થવી જોઈએ. ઓડિટ દરમિયાન એવું અવલોક્ન કરવામાં આવ્યું હતું કે નિયમો અનુસાર યોજવી જોઇએ એટલી જરૂરી સંખ્યામાં કારોબારી સમિતિની બેઠકો અને વહીવટી પરિષદની બેઠકો યોજાઈ ન હતી. કારોબારી સમિતિ અને વહીવટી પરિષદની બેઠકો યોજવામાં નિષ્ફળતાથી નિયમોનું ઉલ્લંઘન થયું હતું અને તેના કારણે અનેક પ્રતિકૂળ પરિણામો આવ્યા હતા, જેમાં યોજના મંજૂરીમાં વિલંબ, જિલ્લા ખનીજ નિધિ ફાળાનો ઓછો ઉપયોગ, જિલ્લા ખનીજ નિધિ પર અપૂરતો રેકર્ડ રાખવો અને વાર્ષિક હિસાબો અને અહેવાલોને મંજૂરી આપવામાં વિલંબનો સમાવેશ થાય છે.

વધુમાં, ઓડિટમાં ધ્યાન પર આવ્યુ હતું કે રાજ્ય સ્તરે જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ દ્વારા એક વેબસાઇટ ચલાવવામાં આવી રહી હતી જે જિલ્લા ખનીજ નિધિની વ્યક્તિગત વેબસાઇટ અને દરેક જિલ્લા ખનીજ નિધિની માહિતી સાથે સંકલિત હતી. ઓડિટમાં જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ ની વેબસાઇટની સમીક્ષા કરવામાં આવી અને એવું અવલોકન કરવામાં આવ્યું (સપ્ટેમ્બર 2023) કે કારોબારી સમિતિ અને વહીવટી પરિષદની બેઠકોના સંદર્ભમાં

[5] ઉદ્યોગ અને ખાણ વિભાગના તારીખ 16મી સપ્ટેમ્બર 2017ના જાહેરનામા મુજબ.

કાર્યસૂચિ, કાર્યનોંધ અને કાર્યવાહીના અહેવાલો જાહેર ડોમેનમાં ઉપલબ્ધ નહોતા જે ગુજરાત જિલ્લા ખનીજ નિધિના નિયમોનું આંશિક પાલન તરફ દોરી ગયુ હતું.

જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગરે હકીકતો સ્વીકારી અને જવાબ આપ્યો (ઓક્ટોબર 2023) કે ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો અનુસાર માહિતી વેબસાઇટ પર અપલોડ કરવામાં આવશે.

ઓડિટમાં પાંચ જિલ્લા ખનીજ નિધિ દ્વારા યોજાયેલી કારોબારી સમિતિ અને ગવર્નિંગ કાઉન્સિલની બેઠકોની સંખ્યાની સમીક્ષા કરવામાં આવી અને તેના પરના અવલોકનો રિપોર્ટના ભાગ ખ ના ફકરા 3.5.1 માં વિગતવાર ચર્ચા કરવામાં આવ્યા છે

2.9.4 વાર્ષિક અહેવાલ અને ઓડિટ થયેલા હિસાબોની તૈયારી અને મંજૂરી

ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોના નિયમ 25 (3) માં જોગવાઈ છે કે દર વર્ષે, નાણાકીય વર્ષ પૂરું થયાની તારીખથી ત્રણ મહિનાની અંદર, કારોબારી સમિતિએ સંબંધિત નાણાકીય વર્ષ માટે તેની પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવો જોઈએ અને મંજૂરી માટે વહીવટી પરિષદ સમક્ષ રજૂ કરવો જોઈએ. વાર્ષિક અહેવાલની મંજૂરી પછી, તે સરકારને સુપરત કરવામાં આવશે.

ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોના નિયમ 6 (2)(સી) માં જણાવાયું છે કે વહીવટી પરિષદ સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ, 1860 હેઠળ નિયત કરેલા સમયગાળામાં અથવા પાછલા વર્ષના અંતથી ચાર મહિનાની અંદર જિલ્લા ખનીજ નિધિના વાર્ષિક અહેવાલ અને ઓડિટ થયેલા હિસાબોને મંજૂરી આપશે.

જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગર ખાતે 32 જિલ્લા ખનીજ નિધિઓના રેકર્ડની ચકાસણી દરમિયાન, ઓડિટમાં જોવામાં આવ્યુ હતું કે જિલ્લા સ્તરે જિલ્લા ખનીજ નિધિના વાર્ષિક હિસાબો અને વાર્ષિક અહેવાલોની તૈયારી અને આખરી રૂપ આપવામાં નોંધપાત્ર વિલંબ થયો હતો. કુલ 32 વાર્ષિક હિસાબો[6] અને 30 વાર્ષિક અહેવાલો[7] તૈયાર કરવામાં આવ્યા ન હતા (નવેમ્બર 2024 ની સ્થિતિએ).

2.9.5 રાજ્ય વિધાનસભા સમક્ષ વાર્ષિક અહેવાલ અને ઓડિટ થયેલા હિસાબો રજૂ કરવા.

વધુમાં, ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોના નિયમ 25 (4) માં જોગવાઈ છે કે જિલ્લા ખનીજ નિધિના હિસાબો, નાણાકીય ઓડિટ અહેવાલ, સામાજિક ઓડિટ અહેવાલ અને વાર્ષિક અહેવાલ સાથે, જિલ્લા ખનીજ નિધિ દ્વારા દર વર્ષે સરકારને મોકલવામાં આવશે. સરકાર આ અહેવાલો રાજ્ય વિધાનસભા સમક્ષ રજૂ કરશે.

જિલ્લા ખનીજ નિધિઓએ 2016-17 થી વાર્ષિક અહેવાલ અને ઓડિટ થયેલા વાર્ષિક હિસાબો તૈયાર કરીને જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગરને મોકલ્યા હતા જેથી રાજ્ય સરકાર દ્વારા આગળ તેને રાજ્ય વિધાનસભા સમક્ષ રજૂ કરી શકાય

જો કે, ઓડિટમાં એવું જોવામાં આવ્યુ હતું કે જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટ-એકલ કેન્દ્રવર્તી એકમે જિલ્લા ખનીજ નિધિ દ્વારા તૈયાર કરાયેલા કોઈપણ વાર્ષિક અહેવાલો અને ઓડિટ થયેલા હિસાબો

6 2022-23 માટે 9 અને 2023-24 માટે 23.

7 2021-22 માટે 3, 2022-23 માટે 5 અને 2023-24 માટે 22.

વિધાનસભા સમક્ષ રજૂ કરવા માટે રાજ્ય સરકારને સુપરત કર્યા ન હતા. પરિણામે, રાજ્ય સરકાર અને વિધાનસભા પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ કરવામાં આવતી કામગીરી અને પ્રવૃત્તિઓ વિશેની માહિતીથી વંચિત રહી ગઈ.

જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમે જવાબ આપ્યો હતો (નવેમ્બર 2024) કે સંકલન કર્યા પછી, વાર્ષિક અહેવાલો અને ઓડિટ થયેલા હિસાબો રાજ્ય વિધાનસભા સમક્ષ રજૂ કરવા માટે ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગને સુપરત કરવામાં આવ્યા હતા (5 ફેબ્રુઆરી 2024). ઉદ્યોગ અને ખાણ વિભાગે સૂચના આપી હતી (15 ફેબ્રુઆરી 2024) કે અહેવાલો ગુજરાતી ભાષામાં હોવા જોઈએ કારણ કે અહેવાલો અંગ્રેજી ભાષામાં છે. જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમે) બધા જિલ્લા કલેક્ટરોને ગુજરાતી ભાષામાં અહેવાલો તૈયાર કરવા સૂચના આપી હતી (29 ફેબ્રુઆરી 2024). નવેમ્બર 2024 ની સ્થિતિએ અહેવાલોની તૈયારી/રજૂઆતની સ્થિતિની ઓડિટને જાણ કરવામાં આવી નથી.

2.9.6 જિલ્લા ખનીજ નિધિનું સામાજીક ઑડિટ કરવું

રાજ્ય સ્તરની સંકલન સમિતિએ તેની બેઠક (નવેમ્બર 2016) માં ઠરાવ કર્યો હતો કે શરૂઆતના તબક્કે, ગુજરાત ખનીજ સંશોધન વિકાસ સોસાયટી (GMRDS) ગ્રામ વિકાસ વિભાગનો ટેકો મેળવશે અને ગ્રામ વિકાસ વિભાગ/પંચાયત વિભાગને પ્રથમ વર્ષમાં પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાના સામાજીક ઑડિટની કવાયત કરવા માટે વિનંતી કરશે. એક વર્ષ પૂર્ણ થયા બાદ, તે ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ કમિશનર દ્વારા સૂચવવામાં આવેલી માર્ગદર્શિકાનું પાલન કરશે.

ઑડિટમાં જોવા મળ્યુ હતું કે જિલ્લા ખનીજ નિધિઓની સ્થાપનાથી માર્ચ 2023 સુધી પસંદગીના પાંચ જિલ્લા ખનીજ નિધિઓમાંથી કોઇ પણ દ્વારા સામાજીક ઑડિટ હાથ ધરવામાં આવ્યુ ન હતું. ઑડિટના ધ્યાન પર એવુ પણ આવ્યુ હતું કે જિલ્લા ખનીજ નિધિઓનું સામાજીક ઑડિટ હાથ ધરવા માટેના કોઇ પણ ચોક્કસ આદેશો અને માર્ગદર્શિકા ગુજરાત ખનીજ સંશોધન વિકાસ સોસાયટી/ ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ કમિશનર દ્વારા માર્ચ 2023 સુધી સૂચવવામાં આવ્યા ન હતા.

આમ, સ્વતંત્ર સામાજીક ઑડિટ ન કરવું તે માત્ર ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોની વિરૂધ્ધ તો હતું, પણ આ જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા અમલમાં મુકવામાં આવેલી પરિયોજનાઓની સામાજીક અસરની બિન-આકારણી તરફ પણ દોરી ગયું હતું. આમ, સામાજીક ઑડિટ મારફત પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના નું સ્વતંત્ર મૂલ્યાંકન બાકી રહ્યુ હતું.

જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમે જણાવ્યુ હતું (નવેમ્બર 2024) કે માનવશક્તિની અછત અને કોવિડ-19 ના કારણે જિલ્લા ખનીજ નિધિનું સામાજીક ઑડિટ કરવામાં આવ્યુ નથી. વધુમાં, ગુજરાત જિલ્લા ખનીજ નિધિ 2024 ના સુધારેલા મુસદ્દારૂપ નિયમોમાંથી જિલ્લા ખનીજ નિધિના સામાજીક ઑડિટને બાકાત રાખવામાં આવ્યું છે.

જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમનો જવાબ ગ્રાહ્ય નથી કારણ કે ફક્ત સમયસર સામાજીક ઑડિટ દ્વારા જ સંબંધિત અધિકારીઓને ખાણકામથી અસર પામેલા લોકો અને તેમના પરિવારોમાં તેમના લાભની વહેંચણીનો વિસ્તાર, લાભની ચુકવણીની સમયસરતા, વિકાસલક્ષી યોજનાઓ/કામોની સમયસરતા, કામની પૂર્ણતાનો દર અને ઉપરોક્ત નિયમ 25 માં કલ્પના કરવામાં આવેલ કોઈપણ સંબંધિત મુદ્દાઓ વિશે જાગ્રુત કરી શકાય.

મહેસાણા અને સુરતના જિલ્લા ખનીજ નિધિઓએ જવાબ આપ્યો હતો (ડિસેમ્બર 2023/એપ્રિલ 2024) કે ગુજરાત ખનીજ સંશોધન વિકાસ સોસાયટી/ ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ કમિશનર તરફથી

સૂચના અને માર્ગદર્શિકા ન મળવાના કારણે સામાજીક ઑડિટ હાથ ધરવામાં આવ્યુ ન હતું. જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાએ જણાવ્યુ હતું (ઓક્ટોબર 2023) કે હવે પછીની કારોબારી સમિતિ અને વહીવટી પરિષદની બેઠકોમાં સામાજીક ઑડિટ માટેની દરખાસ્ત રજૂ કરવામાં આવશે. જિલ્લા ખનીજ નિધિ પોરબંદરે જણાવ્યુ હતું (ઓક્ટોબર 2023) કે સામાજીક ઑડિટ હાથ ધરવા માટે એક દરખાસ્ત જિલ્લા વિકાસ અધિકારી, પોરબંદરને મોકલવામાં આવી હતી (મે 2018), જેના માટે જવાબ મળ્યો નથી. જિલ્લા ખનીજ નિધિ, ભાવનગરનો અવલોકન પર જવાબ મળ્યો નથી (નવેમ્બર 2024).

આ જવાબને એ હકીકતને ધ્યાનમાં રાખીને જોઈ શકાય છે કે ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોના નિયમ 25 (2) માં નિયત કરવામાં આવ્યુ છે કે રાજ્ય સ્તરની સંકલન સમિતિએ નિર્દિષ્ટ કર્યા મુજબ વહીવટી પરિષદ દ્વારા સ્વતંત્ર સામાજિક ઓડિટ હાથ ધરવું જોઈએ અને તે નિયમિતપણે હાથ ધરવામાં આવે તેવી ખાતરી ન કરીને, યોજનાના પરિકલ્પિત ઉદ્દેશો કેટલી હદ સુધી પૂર્ણ થાય તે અંગે સંબંધિત અધિકારીઓ અજાણ રહે છે.

આમ, ઑડિટે જિલ્લા ખનીજ નિધિઓ માટે દેખરેખ અને મૂલ્યાંકનની પધ્ધતિની અસરકારકતાની આકારણી કરવા માટે સંબંધિત રેકર્ડની સમીક્ષા કરી હતી અને એવું અવલોકન કરવામાં આવ્યુ હતું કે કારોબારી સમિતિ અને વહીવટી પરિષદની બેઠકો જે જિલ્લા ખનીજ નિધિ નિયમો મુજબ યોગ્ય દેખરેખ સુનિશ્ચિત કરવા માટે જરૂરી છે તે નિયત કર્યા મુજબ વારંવાર યોજવામાં આવી ન હતી. નિયમિત બેઠકોના અભાવે સમયસર નિર્ણય લેવામાં અને પરિયોજનાના અમલીકરણમાં અવરોધ ઉભો થતો હતો. વધુમાં, વાર્ષિક અહેવાલ અને ઑડિટ થયેલા હિસાબો જે ભંડોળના ઉપયોગમાં પારદર્શિતા અને જવાબદારી જાળવવા માટે જરૂરી છે તેની તૈયારી અને રજૂઆતમાં નોંધપાત્ર વિલંબ થયો હતો. રાજ્ય સ્તરે જિલ્લા ખનીજ નિધિનું સંકલન કરવા માટે જવાબદાર જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટ-એકલ કેન્દ્રવર્તી એકમ, વિધાનસભા સમક્ષ રજૂઆત માટે રાજ્ય સરકારને કોઈપણ વાર્ષિક અહેવાલ અથવા ઑડિટ થયેલા હિસાબો રજૂ કરવામાં કરવામાં નિષ્ફળ ગયું, જેનાથી જવાબદારીની પ્રક્રિયા વધુ નબળી પડી.

વધુમાં, જરૂરી સામાજીક ઑડિટ, જે પરિયોજનાઓની સ્થાનિક સમુદાયો પર અસરની આકારણી કરવા માટે અને પ્રજાની ભાગીદારી માટે અતિ મહત્વના છે, તે હાથ ધરવામાં આવ્યા ન હતા જે જિલ્લા ખનીજ નિધિના ભંડોળનો અસરકારક રીતે અને અસરગ્રસ્ત સમુદાયોના શ્રેષ્ઠ હિતમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો તે સુનિશ્ચિત કરવામાં અંતર દર્શાવે છે.

ભાગ – ખ

પ્રકરણ III

પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓમાં પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાનું અમલીકરણ

ભાગ ખ

પ્રકરણ - III

પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓમાં પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાનું અમલીકરણ

કામગીરી ઓડિટના ઉદ્દેશ્યોને લગતા અવલોકનોને વર્ગીકૃત કરવામાં આવ્યા છે અને પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓની અંદર શક્તિઓ, નબળાઈઓ અને સુધારાની જરૂર હોય તેવા ક્ષેત્રોને પ્રકાશમા લાવવા માટે હવે પછીના વિભાગોમાં વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

3.1 પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓમાં સંસ્થાકીય વ્યવસ્થા અને આયોજન

આ કામગીરી ઓડિટનો પ્રથમ ઉદ્દેશ્ય એ મૂલ્યાંકન કરવાનો હતો કે યોજનાના સફળ અમલીકરણ અને પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાના ઉદ્દેશ્યોની સિદ્ધિ માટે જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટ દ્વારા અસરકારક આયોજન અને સંસ્થાકીય વ્યવસ્થા કરવામાં આવી હતી કે કેમ.

3.1.1 જિલ્લા ખનીજ નિધિ કચેરીઓની ટ્રસ્ટ તરીકે નોંધણી

જાહેર ટ્રસ્ટ તરીકે 32 જિલ્લા ખનીજ નિધિઓની નોંધણીમાં વિલંબની ચર્ચા અગાઉ ભાગ-ક ના ફકરા 2.1 માં કરવામાં આવી છે. પસંદ કરેલા પાંચ જિલ્લા ખનીજ નિધિઓનું વિગતવાર વિશ્લેષણ હવે પછીના ફકરાઓમાં આપવામાં આવ્યુ છે.

પાંચ જિલ્લા ખનીજ નિધિઓના રેકર્ડની ઑડિટમાં સમીક્ષા કરવામાં આવી હતી અને એવું ધ્યાન પર આવ્યુ હતું કે **કોઠો 3.1** માં આપ્યા પ્રમાણે પાંચ જિલ્લા ખનીજ નિધિઓએ ટ્રસ્ટ તરીકે નોંધણી કરાવવામાં છ થી 30 મહિનાનો સમય લીધો હતો:

કોઠો 3.1: પાંચ જિલ્લા ખનીજ નિધિઓની ટ્રસ્ટ તરીકે નોંધણીની વિગતો

ક્રમાંક	જિલ્લા ખનીજ નિધિનું નામ	ટ્રસ્ટ તરીકે નોંધણીની તારીખ	નોંધણી માટે લીધેલો સમય (મહિના)
1	મહેસાણા	20.04.2018	23
2	દેવભૂમિ દ્વારકા	05.10.2018	30
3	પોરબંદર	21.09.2017	18
4	સુરત	28.09.2017	18
5	ભાવનગર	29.09.2016	06

સ્રોત: જિલ્લા ખનીજ નિધિ- એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગર દ્વારા પુરા પાડવામાં આવેલા રેકર્ડ.

ઓડિટે અવલોકન કર્યું હતું કે ઉપરોક્ત ચાર જિલ્લાઓમાં જિલ્લા ખનીજ નિધિઓએ જિલ્લા ખનીજ નિધિ (DMF) ટ્રસ્ટ તરીકે નોંધણી કરવામાં વધુ સમય લીધો હતો. જિલ્લા ખનીજ નિધિઓએ જવાબ આપ્યો કે આ વિલંબના મુખ્ય કારણોમાં (1) જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ દ્વારા નિમણૂક પામેલ એજન્સી દ્વારા ટ્રસ્ટની નોંધણી સંબંધિત કાર્ય પૂર્ણ ન થવું (2) જિલ્લા ખનીજ નિધિઓમાં મહેકમનું અપૂરતું સ્તર (3) ટ્રસ્ટીઓ પાસેથી જરૂરી સંમતિ મેળવવામાં વિલંબ અને (4) નોંધણી માટેની અરજી પ્રક્રિયામાં વિલંબનો સમાવેશ થાય છે.

જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ અને જિલ્લા ખનીજ નિધિઓએ હકીકતોનો સ્વીકાર કર્યો હતો (ઓક્ટોબર 2023 થી ડિસેમ્બર 2023) અને જિલ્લા ખનીજ નિધિઓની ટ્રસ્ટ તરીકે નોંધણીમાં વિલંબ માટેના કારણોનું પુનરાવર્તન કર્યું હતું.

3.1.2 પસંદગીના જિલ્લા ખનીજ નિધિઓના પ્રત્યક્ષ રીતે અસર પામેલા વિસ્તારોની યાદીનું અદ્યતનીકરણ

આ અહેવાલના ભાગ ક ના ફકરા **2.2** અને **2.3** માં અગાઉ કરવામાં આવેલી ચર્ચા મુજબ, પ્રત્યક્ષ રીતે અસર પામેલા વિસ્તારો અને પરોક્ષ રીતે અસરગ્રસ્ત વિસ્તારોને કારોબારી સમિતિ દ્વારા તૈયાર કરવાની, જાળવણી અને અદ્યતન કરવાની જરૂર છે. પાંચ પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓની પ્રત્યક્ષ રીતે અસર પામેલા ગામોની વિગતો **કોઠો 3.2** માં દર્શાવેલ છે.

કોઠો 3.2: પાંચ જિલ્લા ખનીજ નિધિઓમાં પ્રત્યક્ષ રીતે અસર પામેલા ગામો

ક્રમાંક	જિલ્લા ખનીજ નિધિનું નામ	અસર પામેલા ગામોની સંખ્યા (માર્ચ 2023 નાં રોજ)
1.	જિલ્લા ખનીજ નિધિ મહેસાણા	40
2.	જિલ્લા ખનીજ નિધિ ભાવનગર	108
3.	જિલ્લા ખનીજ નિધિ પોરબંદર	67
4.	જિલ્લા ખનીજ નિધિ દેવભૂમિ દ્વારકા	30
5.	જિલ્લા ખનીજ નિધિ સુરત	73

સ્રોત: જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલા રેકર્ડ.

નિયમ 12(1)(એ) મુજબ, પ્રત્યક્ષ રીતે અસર પામેલા વિસ્તારો એવા વિસ્તારો છે જ્યાં ખાણકામ સંબંધિત કામગીરી (જેમ કે ખોદકામ, ખાણકામ, સ્ફોટન, ધાતુશોધન અને કચરાનો નિકાલ જેમ કે વધારાના ઢગલા, અવશિષ્ટ તળાવો, પરિવહન કોરીડોર વગેરે) આવેલા છે.

ઑડિટના અવલોક્ન કર્યું હતું કે જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકામાં. જ્યાં ખાણકામ પ્રવૃત્તિ થઇ રહી હતી એવા 67 ગામો પૈકી, 37 ગામોનો 31 માર્ચ 2023ની સ્થિતિએ પ્રત્યક્ષ રીતે અસર પામેલા ગામોની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો ન હતો. વહીવટી પરિષદની બેઠકમાં જેની જિલ્લા ખનીજ નિધિની વસૂલાત વાર્ષિક ₹ 10.00 લાખથી વધારે થતી હોય માત્ર તેવા ગામોને પ્રત્યક્ષ રીતે અસર પામેલા ગામો તરીકે ગણવા (ડિસેમ્બર 2019) તે પ્રકારના લેવામાં આવેલા નિર્ણયના કારણે આમ થયું હતું. ઑડિટના ધ્યાન પર આવ્યુ હતું કે જિલ્લા ખનીજ નિધિની વસૂલાતની આર્થિક મર્યાદાના આધારે પ્રત્યક્ષ રીતે અસર પામેલા ગામોનો સમાવેશ ન કરવો, જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાની વહીવટી પરિષદના આ પ્રકારના નિર્ણયને પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની માર્ગદર્શિકા અને ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોમા ક્યાંય પણ સમર્થન મળતું ન હતું.

ઓડિટમાં એ પણ જોવામાં આવ્યુ હતું કે પોરબંદરના જિલ્લા ખનીજ નિધિઓએ ખાણકામથી અસર પામેલા ગામોની યાદીમાં બે ગામો (કોટડા અને ભેટકડી), આ ગામો ખાણકામ કામગીરી માટે ખાણકામ અને/અથવા ખાણ ભાડાપટ્ટો ધરાવતા હતા છતાં, તેમનો સમાવેશ કર્યો ન હતો,

ઉપરોક્ત ગામોને બે જિલ્લા ખનીજ નિધિઓમાં પ્રત્યક્ષ રીતે અસર પામેલા ગામોની યાદીમાં સમાવિષ્ટ ન કરવાને કારણે, ખાણકામ થી અસર પામેલા આ 39 ગામોમાં વિવિધ વિકાસલક્ષી અને કલ્યાણકારી પરિયોજનાઓ/કાર્યક્રમોનો અમલ થઈ શક્યો નહીં.

જિલ્લા ખનીજ નિધિ, પોરબંદરે હકીકતોનો સ્વીકાર કર્યો હતો અને જવાબ આપ્યો હતો કે (ઓક્ટોબર 2023) બે ગામોનો સમાવેશ કરવા માટેની દરખાસ્ત નિયામક, જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ ગાંધીનગરને અગાઉ રજૂ કરવામાં આવી હતી (ડિસેમ્બર 2020). જો કે, બન્ને ગામો અસરગ્રસ્ત ગામોની યાદીમાંથી બાકાત રહ્યા છે. તેમણે એક નવી દરખાસ્ત નિયામક, જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગરને રજૂ કરવાની પણ ખાતરી આપી હતી. જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાનો જવાબ પ્રતીક્ષિત છે (નવેમ્બર 2024)

જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગરે હકીકતોનો સ્વીકાર કર્યો હતો અને જણાવ્યું હતું (નવેમ્બર 2024) કે જિલ્લા ખનીજ નિધિ, ગુજરાતે હજુ પ્રત્યક્ષ રીતે અસર પામેલા ગામોની યાદી અદ્યતન કરી નથી (સુધારા કરેલી છેલ્લી યાદીમાં 2,103 ગામોનો સમાવેશ થાય છે.)

આ જવાબ એ હકીકતને ધ્યાનમાં રાખીને જોઈ શકાય છે કે અસરગ્રસ્ત ગામોની યાદીમાં સમાવેશ ન થવાને કારણે, ઉપરોક્ત 39 અસરગ્રસ્ત ગામોમાં કોઈ વિકાસ અને કલ્યાણ પરિયોજના/કાર્યક્રમ હાથ ધરી શકાયો નથી.

પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની માર્ગદર્શિકા/ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો અનુસાર કોઈપણ જિલ્લા ખનીજ નિધિ દ્વારા ગુજરાતના કોઈપણ ગામડાની પરોક્ષ રીતે અસર પામેલા ગામ તરીકે ઓળખ કરવામાં આવી ન હતી તે હકીકતની ચર્ચા અત્યાર સુધીમાં રિપોર્ટના ભાગ ક ના ફકરા 2.3 માં કરવામાં આવી છે.

3.1.3 વાર્ષિક યોજનાઓની તૈયારી

ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોના નિયમ 15 (3) માં નિયત કરવામાં આવ્યુ છે કે કારોબારી સમિતિએ વાર્ષિક યોજના તૈયાર કરવી જોઇએ અને તે વહીવટી પરિષદને મંજૂરી માટે રજૂ કરવી જોઇએ. પ્રથમ વાર્ષિક યોજના સિવાયના નાણાકીય વર્ષ માટે વાર્ષિક યોજનાઓ પાછલા નાણાકીય વર્ષના ચોથા ત્રિમાસિક ગાળાના અંત સુધીમાં (એટલે કે નાણાકીય વર્ષની શરૂઆત પહેલાં પાછલા નાણાકીય વર્ષની 31 માર્ચ સુધીમાં) તૈયાર અને મંજૂર કરવામાં આવશે.

રાજ્ય સ્તરની સંકલન સમિતિએ વાર્ષિક યોજના તૈયાર કરવા અને 2014-15 થી 2018-19 સુધીના પાંચ વર્ષના સમયગાળા માટે સંકલિત વાર્ષિક યોજના તૈયાર કરવા માટે એજન્સીની નિમણૂક કરવાનો ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ કમિશનરને આદેશ આપ્યો હતો (નવેમ્બર 2016). ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ કમિશનરે (સપ્ટેમ્બર 2017) જિલ્લા ખનીજ નિધિના સંબંધિત કલેક્ટરને પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ વાર્ષિક યોજના તૈયાર કરવા માટે જિલ્લા સ્તરે એજન્સીઓની ભરતી કરવા માટે સૂચના આપી હતી. ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ કમિશનરે જિલ્લા ખનીજ નિધિઓને પેનલમાં સમાવિષ્ટ એજન્સીઓની યાદી પણ પૂરી પાડી હતી (મે 2018). ટેન્ડરની પ્રક્રિયાને અનુસર્યા પછી, જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા જિલ્લા સ્તરે એજન્સીઓની પસંદગી કરવામાં આવી.

વાર્ષિક યોજનાઓની તૈયારી અને તેની મંજૂરીના સંદર્ભમાં પાંચ જિલ્લા ખનીજ નિધિઓની વિગતોની ઓડિટમાં સમીક્ષા કરવામાં આવી હતી. ઓડિટમાં જોવામાં આવ્યુ હતું કે વાર્ષિક યોજનાઓ ફક્ત વર્ષ 2014-15 થી 2018-19 દરમિયાન જ તૈયાર કરવામાં આવી હતી અને કોઈપણ પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિ દ્વારા વર્ષ 2019-20 થી 2023-24 માટે વાર્ષિક યોજનાઓ તૈયાર કરવામાં આવી ન હતી. ઓડિટમાં 2014-15 થી 2018-19 ના સમયગાળા માટે પાંચ જિલ્લા ખનીજ નિધિઓમાં વાર્ષિક યોજનાઓની તૈયારી અને મંજૂરીની પદ્ધતિની પણ સમીક્ષા

કરવામાં આવી હતી. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે 2014-15 થી 2018-19 માટે વાર્ષિક યોજનાઓની તૈયારી માટે કાર્ય હુકમ 2018માં વિવિધ એજન્સીઓને આપવામાં આવ્યા હતા. વિગતો **કોઠો 3.3** માં આપવામાં આવી છે.

કોઠો 3.3: પાંચ જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા વાર્ષિક યોજનાની તૈયારીની વિગતો

ક્રમાંક	જિલ્લા ખનીજ નિધિનું નામ	પસંદગીની એજન્સીને કામના હુકમની તારીખ	મુસદ્દારૂપ યોજના રજૂ કરવાની નિયત તારીખ	મુસદ્દારૂપ યોજના રજૂ કરવાની વાસ્તવિક તારીખ	મુસદ્દારૂપ યોજના ની રજૂઆતમાં મહિનામાં વિલંબ	જિલ્લા ખનીજ નિધિની સંબંધિત વહીવટી પરિષદ દ્વારા વાર્ષિક યોજનાની મંજૂરીની તારીખ	વાર્ષિક યોજના તૈયાર કરવા માટે એજન્સીને કરેલી ચુકવણી (₹ લાખમાં)
1	મહેસાણા	16.10.2018	09.01.2019	02.12.2019	10	હજુ મંજૂરી મળવાની બાકી છે	12.86
2	ભાવનગર	10.05.2018	22.09.2018	25.10.2019	13	01.01.2021	45.63
3	પોરબંદર	14.05.2018	26.09.2018	30.01.2019	4	હજુ મંજૂરી મળવાની બાકી છે	56.21
4	દેવભૂમિ દ્વારકા	10.05.2018	22.09.2018	18.03.2021	29	25.05.2021	10.08
5	સુરત	10.01.2018	25.05.2018	08.08.2018	2	હજુ મંજૂરી મળવાની બાકી છે	33.25
કુલ							**158.03**

સ્રોત: સંબંધિત જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા આપવામાં આવેલા રેકર્ડ.

ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો મુજબ, પછીના નાણાકીય વર્ષ માટે વાર્ષિક યોજના નાણાકીય વર્ષ શરૂ થાય તે પહેલાં તૈયાર કરવાની હતી. ઓડિટ દરમિયાન, એવું ધ્યાનમાં આવ્યું કે પસંદ કરેલા તમામ પાંચ જિલ્લા ખનીજ નિધિઓએ સંબંધિત નાણાકીય વર્ષ શરૂ થાય તે પહેલાં વાર્ષિક યોજના તૈયાર કરી ન હતી. યોજનાના વર્ષ પછી યોજનાઓ તૈયાર કરવામાં આવી હોવાથી, વાર્ષિક યોજના તૈયાર કરવા માટે ₹ 1.58 કરોડનો ખર્ચ બિનફળદાયી રહ્યો હતો.

ભાવનગર અને દેવભૂમિ દ્વારકાના જિલ્લા ખનીજ નિધિઓની 2014-15થી 2018-19 માટેની વાર્ષિક યોજનાઓ જિલ્લા ખનીજ નિધિઓની વહીવટી પરિષદ દ્વારા અનુક્રમે જાન્યુઆરી 2021 અને મે 2021 માં મંજૂર કરવામાં આવી હતી, એટલે કે, 2018-19 માટે વાર્ષિક યોજનાની મંજૂરીની નિર્ધારિત તારીખથી અનુક્રમે 33 મહિના અને 37 મહિનાના વિલંબ સાથે (એટલે કે 31 માર્ચ 2018) વાર્ષિક યોજનાનો સંબંધિત વર્ષો/ગાળો પૂર્ણ થયા પછી. મહેસાણા, પોરબંદર અને સુરતના જિલ્લા ખનીજ નિધિઓના સંદર્ભમાં, 2014-15 થી 2018-19 સુધીની વાર્ષિક યોજનાઓ હજુ સુધી સંબંધિત જિલ્લા ખનીજ નિધિની વહીવટી પરિષદ દ્વારા મંજૂર કરવામાં આવી નથી (નવેમ્બર 2024).

ઓડિટમાં એવુ પણ જોવામાં આવ્યુ હતું કે મંજૂર થયેલી વાર્ષિક યોજનાઓના અભાવે, પાંચ પ્રતિક-ચકાસણી કરાયેલા જિલ્લા ખનીજ નિધિઓએ વિવિધ સરકારી વિભાગો/ગ્રામ પંચાયતો તરફથી મળેલી પ્રસ્તાવના આધારે તેમની પ્રવૃત્તિઓ હાથ ધરી હતી, જેને જિલ્લા ખનીજ નિધિની સંબંધિત કારોબારી સમિતિ/વહીવટી પરિષદ દ્વારા મંજૂર કરવામાં આવી હતી. ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ કમિશનરે જિલ્લા ખનીજ નિધિ દ્વારા અનુસરવાની પરિયોજનાની રચનાથી પરિયોજના પૂર્ણ થવા સુધીની વહીવટી મંજૂરી માટે જરૂરી માનક પ્રક્રિયા માટેની માર્ગદર્શિકા બહાર પાડી હતી

(ડિસેમ્બર 2019). જો કે, હકીકત એ રહી કે જિલ્લા ખનીજ નિધિએ તેની સ્થાપનાથી 2023-24 સુધી પૂર્વ મંજૂર વાર્ષિક યોજના વિના ખાણકામ પ્રભાવિત વિસ્તારોમાં પરિયોજના/કામ હાથ ધર્યું હતું.

ભાવનગર, દેવભૂમિ દ્વારકા અને મહેસાણાના જિલ્લા ખનીજ નિધિઓએ જવાબ આપ્યો હતો (નવેમ્બર/ઓક્ટોબર/ડિસેમ્બર 2023) કે કામ માટે એજન્સીની પસંદગીમાં વિલંબ થયો હતો અને વધુમાં એજન્સીએ વાર્ષિક યોજના તૈયાર કરવામાં વિલંબ કર્યો હતો. જિલ્લા ખનીજ નિધિ પોરબંદર અને સુરતે જવાબ આપ્યો હતો (નવેમ્બર 2023/ઓક્ટોબર 2024) કે કોવિડ-19 રોગચાળાને કારણે 2019-20 થી 2021-22 સમયગાળા માટે વાર્ષિક યોજના તૈયાર કરવામાં આવી ન હતી. જિલ્લા ખનીજ નિધિ સુરતના જવાબની રાહ જોવાઈ રહી હતી (સપ્ટેમ્બર 2024). વધુમાં, જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમે હકીકતો સ્વીકારી અને જવાબ આપ્યો હતો (ઓક્ટોબર 2023) કે વર્ષ 2019-20 પછી જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા વાર્ષિક યોજનાઓ તૈયાર કરવામાં આવતી ન હોવા છતાં, જિલ્લાઓના પરિયોજના સંબંધિત કામો અમલમાં મૂકવામાં આવ્યા હતા. વધુમાં, તેમાં જણાવવામાં આવ્યું હતું કે વાર્ષિક યોજના તૈયાર કરવા અને અમલમાં મૂકવા માટે જિલ્લા ખનીજ નિધિઓને સૂચનાઓ બહાર પાડવામાં આવશે.

જિલ્લા ખનીજ નિધિઓ અને જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકંમના જવાબમાં વાર્ષિક યોજનાઓની તૈયારીમાં વિલંબની હકીકતો અને કારણોનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો. એ ઉલ્લેખ કરવો પણ યોગ્ય છે કે પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાના કામો/પરિયોજનાઓ જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા હાથ ધરવામાં આવ્યા હોવા છતાં, તે કોઈ પણ મંજૂર થયેલી વાર્ષિક યોજનાઓ વગરના હતા.

3.1.4 પસંદગીના જિલ્લા ખનીજ નિધિઓમાં કરાર આધારિત લઘુત્તમ મહેકમની નિમણૂક

અગાઉ ભાગ-ક ફકરા 2.5 માં કરાર આધારિત લઘુત્તમ મહેકમની નિમણૂકમાં ખામીઓની ચર્ચા કરવામાં આવી છે. પાંચ પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓનું વિગતવાર વિશ્લેષણ હવે પછીના ફકરાઓમાં આપવામાં આવ્યું છે:

મંજૂર થયેલી જગ્યાઓ, નિમણૂંક કરાયેલ માનવશક્તિ અને પાંચ જિલ્લા ખનીજ નિધિઓમાં ખાલી જગ્યાની વિગતો **કોઠો 3.4** માં દર્શાવવામાં આવી છે:

કોઠો 3.4: માનવશક્તિની સ્થિતિ

જિલ્લો	મંજૂર થયેલી જગ્યાઓ	વર્ગ	નિમણૂંક કરાયેલ માનવશક્તિ	ખાલી જગ્યા	ખાલી જગ્યાની ટકાવારી
પોરબંદર	7	A	2	5	71
દેવભૂમિ દ્વારકા	7	A	5	2	28
મહેસાણા	3	C	1	2	67
ભાવનગર	5	B	3	2	40
સુરત	4	B	2	2	50

સ્રોત: જિલ્લા ખનીજ નિધિ - એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલા રેકર્ડ.

પાંચ જિલ્લા ખનીજ નિધિઓમાં, કરાર આધારિત મહેકમની અછત 28 ટકાથી 71 ટકાની વચ્ચે હતી. વધુમાં, ઓડિટમાં એ પણ જોવામાં આવ્યુ હતું કે 2016-17 (₹ 27.72 કરોડ) થી 2023-24 (₹ 43.49 કરોડ) સુધી પાંચ પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓના જિલ્લા ખનીજ નિધિ ફાળાની

વસૂલાતમાં નોંધપાત્ર વધારો થયો હોવા છતાં, મહેકમ અપૂરતુ રહ્યું હતું. આ બાબત જિલ્લા ખનીજ નિધિઓના રોજિંદા કાર્યને અસર કરી શકે છે.

જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગરે હકીકતોનો સ્વીકાર કર્યો હતો અને જવાબ આપ્યો હતો (ઓક્ટોબર 2023) કે જિલ્લાઓનાં વર્ગોમાં સુધારો આગામી રાજ્ય સ્તરની સંકલન સમિતિની બેઠકમાં કરવામાં આવશે અને ખાલી જગ્યા ભરવા માટે જિલ્લા ખનીજ નિધિઓનો ટૂંક સમયમાં સૂચિત કરવામાં આવશે.

3.2 પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓમાં ભંડોળનું વ્યવસ્થાપન

આ કામગીરી ઓડિટનો બીજો ઓડિટ ઉદ્દેશ્ય એ મૂલ્યાંકન કરવાનો હતો કે યોજનાના અમલીકરણમાં જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટનું ભંડોળનું વ્યવસ્થાપન આર્થિક અને કાર્યક્ષમ હતું કે કેમ. યોજનાના અમલીકરણમાં પરિકલ્પિત ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવા માટે ભંડોળ વ્યવસ્થાપન એ મૂળભૂત માપદંડ છે.

3.2.1 પસંદગીના જિલ્લા ખનીજ નિધિઓમાં પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ પરિયોજનાઓ માટે જિલ્લા ખનીજ નિધિના ભંડોળનો ઉપયોગ

અગાઉ ભાગ-ક ના ફકરા 2.6.2 માં પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળની પરિયોજનાઓ માટે જિલ્લા ખનીજ નિધિના ભંડોળના ઓછા ઉપયોગની ચર્ચા કરવામાં આવી છે. પસંદગીના જિલ્લા ખનીજ નિધિમાં પરિયોજનાઓ માટે જિલ્લા ખનીજ નિધિના ભંડોળના ઉપયોગ અંગે વિગતવાર વિશ્લેષણ નીચે ચર્ચામાં કરવામાં આવ્યું છે:

ઓડિટમાં પાંચ જિલ્લા ખનીજ નિધિઓમાં ખર્ચના એકંદર ભાતની સમીક્ષા કરવામાં આવી હતી અને અવલોકન કરવામાં આવ્યું હતું કે ફાળા અને તેના ઉપયોગ વચ્ચેનો તફાવત વર્ષ-દર-વર્ષના આધારે વધી રહ્યો છે. **આલેખ 3.1** પાંચ જિલ્લા ખનીજ નિધિઓ ના વર્ષ-વાર ફાળા અને ખર્ચની વિગતો દર્શાવે છે:

આલેખ 3.1: પાંચ જિલ્લા ખનીજ નિધિઓના ફાળા અને ખર્ચની વિગતો



સ્રોત: - જિલ્લા ખનીજ નિધિ, ગાંધીનગર દ્વારા રજૂ કરવામાં આવેલા રેકર્ડ

માર્ચ 2024 સુધીમાં, પાંચ જિલ્લા ખનીજ નિધિઓના કિસ્સામાં, એકત્રિત કરાયેલા જિલ્લા ખનીજ નિધિ ફાળાના કુલ 57.82 ટકા વણવપરાયેલા રહ્યા હતા. ભંડોળના ઓછા ઉપયોગ માટે જવાબદાર કારણોમાં જિલ્લા ખનીજ નિધિની કારોબારી સમિતિ અને વહીવટી પરિષદની બેઠકોનું વિલંબિત આયોજન, કોવિડ-19 રોગચાળો વગેરેનો સમાવેશ થાય છે.

3.2.2 વણવપરાયેલા ભંડોળનું રોકાણ

ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોના નિયમ 20 (4) મુજબ, જિલ્લા ખનીજ નિધિઓની વહીવટી પરિષદ જિલ્લા ખનીજ નિધિના બેંક ખાતાઓમાં કોઈપણ વણવપરાયેલા ભંડોળના રોકાણને મંજૂરી આપી શકે છે જેથી રોકાણો કોઈપણ સમયે વટાવી શકાય અને રોકાણ કરેલી મૂળ રકમ પર કોઈ જોખમ ન રહે.

ઓડિટમાં પાંચ જિલ્લા ખનીજ નિધિઓ માટે વર્ષ-વાર ઉપલબ્ધ બેંક ખાતા, રોકાણ અને બિનઉપયોગી ભંડોળની વિગતોની સમીક્ષા કરવામાં આવી હતી. વર્ષના અંતે જિલ્લા ખનીજ નિધિ

ફાળો અને આ પાંચ જિલ્લા ખનીજ નિધિઓ માટે રોકાણ માટે ઉપલભ્ય ભંડોળની વિગતો નીચે **કોષ્ટક 3.5** માં આપવામાં આવી છે:

કોઠો 3.5: પાંચ જિલ્લા ખનીજ નિધિઓના જિલ્લા ખનીજ નિધિ ફાળો અને ખર્ચની વર્ષ-વાર વિગતો

(₹ કરોડમાં)

વર્ષ	જિલ્લા ખનીજ નિધિના ફાળાની ખૂલતી સિલક	વર્ષ દરમિયાન મળેલું જિલ્લા ખનીજ નિધિનો ફાળો	ઉપયોગ માટે ઉપલભ્ય કુલ ભડોળ	કુલ ખર્ચ	વર્ષના અંતે જિલ્લા ખનીજ નિધિના ફાળાની વણવપરાયેલી સિલક
2016-17	0.00	27.72	27.72	0.00	27.72
2017-18	27.72	33.70	61.42	0.74	60.68
2018-19	60.68	44.50	105.18	24.00	81.18
2019-20	81.18	35.44	116.62	23.72	92.90
2020-21	92.90	37.53	130.43	22.03	108.40
2021-22	108.40	45.72	154.12	13.45	140.67
2022-23	140.67	50.42	191.09	32.02	159.07
2023-24	159.07	43.49	202.56	18.39	184.17
કુલ		**318.52**		**134.35**	

સ્રોત: જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગર તરફથી મળેલી માહિતી.

ઉપરોક્ત કોઠામાંથી જોઈ શકાય છે કે વણવપરાયેલ ભંડોળ 2016-17 માં ₹ 27.72 કરોડથી વધીને 2023-24 માં ₹ 184.17 કરોડ થયું હતું. ઓડિટમાં ધ્યાન પર આવ્યુ હતું કે તમામ પાંચ જિલ્લા ખનીજ નિધિઓ ચાર બેંક ખાતાઓ ચલાવતા હતા; જેમાંથી મુખ્ય ખનિજો માટે જિલ્લા ખનીજ નિધિના ફાળા માટેનું બેંક ખાતું ચાલુ ખાતા તરીકે ચલાવવામાં આવતું હતું; જ્યારે બાકીના ત્રણ બેંક ખાતાઓ (i) ગૌણ ખનિજો માટે જિલ્લા ખનીજ નિધિ યોગદાન, (ii) કર્મચારી ભવિષ્ય નિધિ અને (iii) જિલ્લા ખનીજ નિધિની રોજીંદી કામગીરી માટે આકસ્મિક ખાતું એમ બચત ખાતા તરીકે જાળવવામાં આવ્યા હતા. ઓડિટમાં જોવામાં આવ્યુ હતું કે ફક્ત જિલ્લા ખનીજ નિધિ પોરબંદરે વણવપરાયેલ જિલ્લા ખનીજ નિધિ ફાળાના રોકાણ માટે ઓટો-સ્વીપ ખાતું ખોલાવ્યું હતું જ્યારે સુરત, દેવભૂમિ દ્વારકા, મહેસાણા અને ભાવનગરના બાકીના ચાર જિલ્લા ખનીજ નિધિઓએ વણવપરાયેલ રકમના રોકાણ માટે કોઈ ફિક્સ્ડ ડિપોઝિટ ખોલાવી ન હતી.

વધુમાં, જિલ્લા ખનીજ નિધિ ફાળા ઉપરાંત, આ પાંચેય જિલ્લા ખનીજ નિધિઓમાં કર્મચારી ભવિષ્ય નિધિ હેઠળ એકત્રિત કરવામાં આવેલી કુલ રકમ પણ બેંકોમાં બચત ખાતા હેઠળ રાખવામાં આવી હતી અને તેનું બાંધી મુદતની થાપણોમાં રોકાણ કરવામાં આવ્યુ ન હતું.

આમ, નિયમ 20 (4) મુજબ બિનઉપયોગી જિલ્લા ખનીજ નિધિ યોગદાનનું રોકાણ એવી રીતે કરવામાં આવ્યું ન હતું કે તે કોઈપણ સમયે વટાવી શકાય અને રોકાણ કરેલી મુદ્દલ રકમ પર કોઈ જોખમ ન રહે. આ બાબત સરકારના ભંડોળ પર પૂરતું વ્યાજ ઉપાર્જીત ન કરવા તરફ દોરી ગઇ હતી..

જિલ્લા ખનીજ નિધિના જવાબની રાહ જોવાઈ રહી છે (નવેમ્બર 2024).

3.3 પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિ હેઠળ આવકની આકારણી, માંગણા અને વસૂલાત

આ કામગીરી ઓડિટનો ત્રીજો ઉદ્દેશ જિલ્લા ખનીજ નિધિ હેઠળની આવકનું મૂલ્યાંકન, માંગણા અને વસૂલાત કરવા માટેની પધ્ધતિની વિશ્વસનીયતા અને કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરવાનો હતો. પાંચ જિલ્લા ખનીજ નિધિઓના રેકર્ડની ચકાસણી કરતી વખતે, ઓડિટે મુખ્ય ખનિજો અને ગૌણ ખનિજોના પટેદારો પાસેથી જિલ્લા ખનીજ નિધિ ફાળાની ઓછી વસૂલાત માટેનું અવલોકન કર્યું હતું. વધુમાં, સંબંધિત પટેદારો પાસેથી બાકી જિલ્લા ખનીજ નિધિ ફાળાની વસૂલાત માટેની પદ્ધતિ ખામીયુક્ત હતી કારણ કે જિલ્લા ખનીજ નિધિ વિલંબિત ચુકવણી પર વ્યાજ વસૂલતા ન હતા. તેના પર ઓડિટ તારણોની ચર્ચા નીચે કરવામાં આવી છે.

3.3.1 જિલ્લા ખનીજ નિધિની ઓછી વસૂલાત – મુખ્ય ખનીજો

ગુજરાતમાં, કોલસા/ લિગ્નાઇટ સિવાયના મુખ્ય ખનિજો પર જિલ્લા ખનીજ નિધિ ફાળો 17 સપ્ટેમ્બર 2015 થી લાગુ પડતો હતો અને કોલસા/ લિગ્નાઇટના કિસ્સામાં તે 01 એપ્રિલ 2016 થી લાગુ પડતો હતો. તમામ પાંચ જિલ્લા ખનીજ નિધિઓમાં, ઓડિટ દ્વારા 17 સપ્ટેમ્બર 2015 થી 31 માર્ચ 2023[1] ના સમયગાળા માટે સંકલિત લીઝ વ્યવસ્થાપન પ્રણાલી (ILMS) મુજબ કાપવામાં આવેલી ઓનલાઈન રોયલ્ટી અને તે જ સમયગાળા માટે પટેદારો દ્વારા ચૂકવવામાં આવેલા જિલ્લા ખનીજ નિધિ ફાળાની માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

પાંચ જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતીના આધારે, જિલ્લા ખનીજ નિધિ મહેસાણા ખાતે કોઈ મુખ્ય ખનિજની લીઝ ન હતી. વધુમાં, જિલ્લા ખનીજ નિધિ, ભાવનગરના મુખ્ય ખનિજના પટેદારોના કિસ્સામાં, જિલ્લા ખનીજ નિધિ ફાળાની કોઈ રકમ બાકી ન હતી. પોરબંદર, દેવભૂમિ દ્વારકા અને સુરતના ત્રણ જિલ્લા ખનીજ નિધિઓના કિસ્સામાં, ઓડિટમાં જિલ્લા ખનીજ નિધિ દ્વારા રજૂ કરાયેલી કાપેલી રોયલ્ટી અને જિલ્લા ખનીજ નિધિના ફાળાની સમીક્ષા કરવામાં આવી હતી અને એવું ધ્યાન પર આવ્યું હતું કે જિલ્લા ખનીજ નિધિ ફાળો મળેલી રોયલ્ટીના જરૂરી પ્રમાણમાં ન હતો. વિગતો **કોઠો 3.6** માં આપવામાં આવી છે..

કોઠો 3.6: 2015-2023 ના સમયગાળા માટે મુખ્ય ખનીજનો જિલ્લા ખનીજ નિધિના બાકી ફાળાની વિગતો

ક્રમાંક	જિલ્લા ખનીજ નિધિની કચેરીનું નામ	મુખ્ય ખનીજો માટેના પટાની સંખ્યા	ખાણકામની કામગીરી કરતી પટાની સંખ્યા	જિલ્લા ખનીજ નિધિનો ફાળો બાકી હોય એવી પટાની સંખ્યા	જિલ્લા ખનીજ નિધિના ફાળાની કુલ બાકી રકમ (₹ કરોડમાં)
1	પોરબંદર	111	71	23	4.03
2	દેવભૂમિ દ્વારકા	152	110	49	18.43
3	સુરત	6	3	2	0.28
કુલ		**269**	**184**	**74**	**22.74**

સ્રોત: સંબંધિત જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતી.

[1] આ સંદર્ભમાં, જીલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગર પાસેથી મંગાવવામાં આવેલી વર્ષ 2023-24 (નવેમ્બર 2024) ની માહિતીની રાહ જોવાઈ રહી છે. તેથી, આ અવલોકન 17 સપ્ટેમ્બર 2015 થી 31 માર્ચ 2023 ના સમયગાળા માટેની માહિતી સાથે સંબંધિત છે.

એવું અવલોકવામાં આવ્યુ હતું કે 74 પટેદારોએ[2] સંબંધિત જિલ્લા ખનીજ નિધિ માં ₹ 86.50 કરોડનો ફાળો આપવાનો હતો. જો કે, ફાળો ફક્ત ₹ 63.76 કરોડ જેટલો રહ્યો હતો. આના પરિણામે આ જિલ્લા ખનીજ નિધિઓમાં ₹ 22.74 કરોડનો ફાળો ઓછો થયો હતો. આમ, જિલ્લા ખનીજ નિધિ ફાળે વસૂલ કરવાની પદ્ધતિ યોગ્ય ન હતી જેના કારણે ત્રણ જિલ્લા ખનીજ નિધિઓમાં મુખ્ય ખનિજો માટેના જિલ્લા ખનીજ નિધિના ફાળાની નોંધપાત્ર રકમ બાકી હતી.

જિલ્લા ખનીજ નિધિ, પોરબંદરે હકીકતોનો સ્વીકાર કરીને જવાબ આપ્યો હતો (નવેમ્બર 2023) કે સાત કેસોમાં ₹ 15.52 લાખના બાકી જિલ્લા ખનીજ નિધિ ફાળાની પૂરેપૂરી/આંશિક વસૂલાત કરવામાં આવી છે. જો કે, સમર્થનકારી દસ્તાવેજો હજુ પૂરા પાડવામાં આવ્યા નથી (નવેમ્બર 2024). બાકીના પટેદારો માટે બાકી જિલ્લા ખનીજ નિધિ ફાળાની ચુકવણી માટે નોટિસ બહાર પાડવામાં આવી હતી (ઓક્ટોબર 2023). જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાએ જવાબ આપ્યો હતો (ડિસેમ્બર 2023) કે બે પટેદારોએ[3] જિલ્લા ખનીજ નિધિ ફાળાની ચૂકવણી કરી દીધી છે. જો કે, વસૂલાત માટેના સહાયક દસ્તાવેજો અને તેની વિગતો હજુ પૂરી પાડવામાં આવી નથી. જિલ્લા ખનીજ નિધિ, સુરતે હકીકતો સ્વીકારીને જવાબ આપ્યો હતો (ડિસેમ્બર 2023) કે પટેદારોને બાકી જિલ્લા ખનીજ નિધિ ફાળા ના સમાયોજન અંગે સૂચના આપવામાં આવી હતી.

આમ, જિલ્લા ખનીજ નિધિઓએ એ હકીકત સ્વીકારી કે મુખ્ય ખનિજો માટે જિલ્લા ખનીજ નિધિનો ફાળો ઓછો એકત્રિત કરવામાં આવ્યો હતો. જો કે, હકીકત એ રહે છે કે નોટિસ બહાર પાડયા પછી પણ, બાકી જિલ્લા ખનીજ નિધિનો ફાળો સંબંધિત પટેદારો પાસેથી વસૂલવામાં આવ્યો ન હતો.

3.3.2 જિલ્લા ખનીજ નિધિની ઓછી વસૂલાત – ગૌણ ખનીજો

ગુજરાતમાં, ગૌણ ખનીજો પર જિલ્લા ખનીજ નિધિ ફાળો 26 સપ્ટેમ્બર 2016થી લાગુ કરવામાં આવ્યો હતો. તમામ પાંચ જિલ્લા ખનીજ નિધિઓમાં, ઓડિટ દ્વારા 26 સપ્ટેમ્બર 2016 થી 31 માર્ચ 2023[4] ના સમયગાળા માટે સંકલિત લીઝ વ્યવસ્થાપન પ્રણાલી મુજબ કાપવામાં આવેલી ઓનલાઇન રોયલ્ટીની માહિતી એકત્રિત કરવામાં આવી હતી અને તે જ સમયગાળા માટે પટેદારો દ્વારા ચૂકવવામાં આવેલી જિલ્લા ખનીજ નિધિ ફાળાની માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

પાંચ જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતીના આધારે, ઓડિટ દ્વારા જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા રજૂ કરવામાં આવેલી રોયલ્ટીની કપાત અને જિલ્લા ખનીજ નિધિ ફાળાની સમીક્ષા કરવામાં આવી હતી અને અવલોકન કરવામાં આવ્યુ હતું કે જિલ્લા ખનીજ નિધિ ફાળો મળેલી રોયલ્ટીના જરૂરી પ્રમાણમાં ન હતો. વિગતો **કોઠો 3.7** માં આપવામાં આવી છે.

[2] ₹ 500 કરતા ઓછા જિલ્લા ખનીજ નિધિના બાકી ફાળાને અવગણીને.

[3] (i) પટા નં. એમએલ 3002004821 અને (ii) પટા નં. એમએલ 3002010421.

[4] આ સંદર્ભમાં, જીલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગર પાસેથી મંગાવવામાં આવેલી વર્ષ 2023-24 (નવેમ્બર 2024) ની માહિતીની રાહ જોવાઈ રહી છે. તેથી, આ અવલોકન 26 સપ્ટેમ્બર 2016 થી 31 માર્ચ 2023 ના સમયગાળા માટેની માહિતી સાથે સંબંધિત છે.

કોઠો 3.7: માર્ચ 2023 સુધી ગૌણ ખનીજોના બાકી જિલ્લા ખનીજ નિધિ ફાળાની વિગતો

ક્રમાંક	જિલ્લા ખનીજ નિધિ કચેરીનું નામ	ગૌણ ખનીજો માટે પટા/ પરમીટની સંખ્યા	ખાણકામની કામગીરી કરતા પટા/પરમીટની સંખ્યા	જિલ્લા ખનીજ નિધિનો ફાળો બાકી હોય એવી પટા/પરમીટની સંખ્યા	જિલ્લા ખનીજ નિધિના બાકી ફાળાની કુલ રકમ (₹ કરોડમાં)
1	પોરબંદર	445	339	76	0.10
2	દેવભૂમિ દ્વારકા	98	94	8	0.09
3	સુરત	1757	1620	828	5.07
4	ભાવનગર	327	290	120	0.61
5	મહેસાણા	277	261	161	5.58
કુલ		**2904**	**2604**	**1193**	**11.45**

સ્રોત: સંબંધિત જિલ્લા ખનીજ નિધિઓએ પુરી પાડેલી માહિતી.

એવું અવલોકન કરવામાં આવ્યુ હતું કે 1,193 પટેદારો[5]એ સંબંધિત જિલ્લા ખનીજ નિધિમાં ₹ 33.45 કરોડના ચૂકવવાપાત્ર ફાળા સામે ₹ 22 કરોડના જિલ્લા ખનીજ નિધિ ફાળાની ચૂકવણી કરી હતી. આમ, જિલ્લા ખનીજ નિધિ ફાળો અને વસૂલાતની પ્રક્રિયા અપૂરતી હતી, જે પાંચ જિલ્લા ખનીજ નિધિઓમાં ગૌણ ખનીજ માટે 34 ટકા જેટલી નોંધપાત્ર રકમના જિલ્લા ખનીજ નિધિ ફાળાની વસૂલાત ન થવામાં પરિણમ્યુ હતું.

જિલ્લા ખનીજ નિધિ મહેસાણાએ હકીકતોનો સ્વીકાર કરીને જવાબ આપ્યો હતો (ડિસેમ્બર 2023) કે બાકી જિલ્લા ખનીજ નિધિ ફાળાનું સમાધાન કર્યા પછી વસૂલાત કરવામાં આવશે. જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાએ જવાબ આપ્યો હતો (ડિસેમ્બર 2023) કે ત્રણ પટેદારોએ[6] બાકી જિલ્લા ખનીજ નિધિ ફાળાની સંપૂર્ણ રકમ ચૂકવી દીધી છે. જો કે, તેના માટે સમર્થક દસ્તાવેજો રજૂ કર્યા નથી. વધુમાં, જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાએ જણાવ્યું હતું કે એક પટેદારે[7] જિલ્લા ખનીજ નિધિ, જામનગરના બેંક ખાતામાં જિલ્લા ખનીજ નિધિ ફાળો જમા કર્યો છે, જે જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાના બેંક ખાતામાં તબદીલ કરવામાં આવશે. જિલ્લા ખનીજ નિધિ, ભાવનગર, પોરબંદર અને સુરતના જવાબો પ્રતીક્ષિત છે (નવેમ્બર 2024).

જિલ્લા ખનીજ નિધિઓએ એ હકીકત સ્વીકારી કે ગૌણ ખનીજો માટે જિલ્લા ખનીજ નિધિ ફાળો ઓછો એકત્રિત કરવામાં આવ્યો હતો અને સંબંધિત પટેદારો પાસેથી વસૂલાતપાત્ર હતો.

3.3.3 બાકી જિલ્લા ખનીજ નિધિ ફાળા પર વ્યાજની વસૂલાત

ઉદ્યોગ અને ખાણ વિભાગના પરિપત્ર (25 એપ્રિલ 2018) મુજબ, મુખ્ય ખનીજો માટે જિલ્લા ખનીજ નિધિ ફાળાની ચુકવણીમાં વિલંબના કિસ્સામાં, નિયત તારીખથી વાર્ષિક 15 ટકા વ્યાજ વસૂલવાનું હતું. વધુમાં, ગૌણ ખનીજો માટે જિલ્લા ખનીજ નિધિ ફાળાની ચુકવણીમાં વિલંબના કિસ્સામાં, નિયત તારીખથી વાર્ષિક 18 ટકા વ્યાજ વસૂલવાનું હતું.

---

[5] ₹ 500 કરતા ઓછા જિલ્લા ખનીજ નિધિના બાકી ફાળાને અવગણીને.

[6] (i) ખાણ પટા નં. ક્યૂએલ 3003009215 (ii) ખાણ પટા નં. ક્યૂએલ 3003009015 અને (iii) ખાણ પટા નં. એમએલ 3004000604.

[7] (i) ખાણ પટા નં. ક્યૂએલ 3001001315.

ઓડિટમાં ધ્યાન પર આવ્યુ હતું કે ફક્ત જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાએ જિલ્લા ખનીજ નિધિ ફાળાની ચુકવણીમાં વિલંબને કારણે પટેદારો પાસેથી વ્યાજ વસૂલવા માટે ₹ 8.73 કરોડની નોટિસ ફટકારી છે. પોરબંદર, સુરત, ભાવનગર અને મહેસાણાના બાકીના જિલ્લા ખનીજ નિધિઓએ જિલ્લા ખનીજ નિધિ ફાળો બાકી હતો એવા સંબંધિત પટેદારો પાસેથી વસૂલવાપાત્ર વ્યાજ માટે નોટિસ ફટકારી ન હતી જેના પરિણામે ઉદ્યોગ અને ખાણ વિભાગના પરિપત્રનું પાલન થયું ન હતું.

3.4 પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા ઇચ્છિત પરિણામો પ્રાપ્ત કરવા માટે યોજનાનો અમલ

કામગીરી ઓડિટનો ચોથો ઓડિટ ઉદ્દેશ્ય એ હતો કે યોજનાનો અમલ ઇચ્છિત પરિણામો પ્રાપ્ત કરવા માટે અસરકારક રીતે કરવામાં આવ્યો હતો અને યોજનાના અમલીકરણ પછી અસરગ્રસ્ત લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી શકાયું કે કેમ.

ખાણકામથી અસર પામેલા વિસ્તારોમાં વિવિધ વિકાસલક્ષી અને કલ્યાણકારી પરિયોજનાઓ/ કાર્યક્રમોના અમલીકરણ માટે પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની કલ્પના કરવામાં આવી હતી. આમ, પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ પરિયોજનાઓનો અમલથી પ્રજાને ઇચ્છિત લાભ થાય તે પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની સફળતા માટે એક મુખ્ય ઘટક છે. પાંચ પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિ દ્વારા અમલમાં મુકાયેલી પરિયોજનાની વિગતવાર સમીક્ષામાં ઘણા મુદ્દાઓ બહાર આવ્યા છે જે ઇચ્છિત માળખા અને ઉદ્દેશ્યોથી વિચલનો દર્શાવે છે. આ અવલોકનો એવા ક્ષેત્રોને પ્રકાશમાં લાવે છે જ્યાં જિલ્લા ખનીજ નિધિએ નિર્ધારિત માર્ગદર્શિકાનું પાલન કર્યું નથી અથવા જ્યાં પરિયોજનાના અમલીકરણમાં બિનકાર્યક્ષમતા દર્શાવાઇ છે.

1. **ભંડોળની અયોગ્ય ફાળવણી**:

   એવા કિસ્સાઓ નોંધવામાં આવ્યા હતા જ્યાં ઉચ્ચ પ્રાથમિકતાવાળા ક્ષેત્રો અને અન્ય પ્રાથમિકતાવાળા ક્ષેત્રોમાં ખર્ચ નિર્ધારિત ટકાવારી સાથે સુસંગત ન હતો. આ ખોટી ફાળવણી ખાણકામથી અસર પામેલા વિસ્તારોમાં સંતુલિત અને સમાન વિકાસ સુનિશ્ચિત કરવાના હેતુવાળા પ્રાથમિકતાના માળખાને નબળી પાડે છે.

2. **પ્રક્રિયાગત અનિયમિતતાઓ**:

   પરિયોજનાઓની શરૂઆત અને અમલીકરણમાં નોંધપાત્ર પ્રક્રિયાગત ખામીઓ ધ્યાન પર આવી હતી, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

   - તાંત્રિક મંજૂરી મેળવવામાં વિલંબ: સંબંધિત લાઇન વિભાગો પાસેથી મંજૂરી સમયસર મેળવી શકાઈ ન હતી, જેના કારણે પરિયોજનાના અમલીકરણમાં વિલંબ થયો હતો.

   - કાર્યક્ષેત્રમાં ફેરફાર: મૂળ મંજૂર કાર્યક્ષેત્રમાં ફેરફારને કારણે અસંગતતાઓ અને સંભવિત બિનકાર્યક્ષમતાઓ થઈ.

   - અન્ય યોજનાઓ સાથે ઓવરલેપ: જિલ્લા ખનીજ નિધિ દ્વારા હાથ ધરવામાં આવેલી કેટલીક પરિયોજનાઓ અન્ય યોજનાઓ હેઠળ પણ અમલમાં મૂકવામાં આવી રહ્યા

હતા, જેના કારણે પ્રયાસોનું પુનરાવર્તન અને સંસાધનોની સંભવિત ખોટી ફાળવણી થઈ.

- પરિયોજનાઓ શરૂ ન થવી: કેટલાક કિસ્સાઓમાં, ફાળવણી છતાં પરિયોજનાઓ શરૂ થઈ શકી નથી, જે આયોજન અને અમલીકરણમાં બિનકાર્યક્ષમતા દર્શાવે છે.

આ તારણો સામૂહિક રીતે પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓમાં શાસન, આયોજન અને માર્ગદર્શિકાના પાલનમાં નબળાઈઓ તરફ નિર્દેશ કરે છે.

પાંચ પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓમાં, 386 પૂર્ણ થયેલી પરિયોજનાઓમાંથી, કુલ 149 પૂર્ણ થયેલી પરિયોજનાઓ ઓડિટ માટે પસંદ કરવામાં આવી હતી, જેનો પરિયોજનાનો ખર્ચ ₹ 0.35 લાખ થી ₹ 20.00 લાખ વચ્ચે હતો. આ પરિયોજનાઓની વિગતો **કોઠો 3.8** માં દર્શાવેલ છે.

કોઠો 3.8: કામગીરી ઑડિટમાં પસંદ કરેલી પરિયોજનાની વિગતો

ક્રમાંક	જિલ્લો	પસંદ કરેલા તાલુકાનું નામ	પસંદ કરેલા જિલ્લાઓમાં પૂર્ણ થયેલી પરિયોજનાઓની સંખ્યા	પરિયોજનાના ખર્ચની શ્રેણી (₹ લાખમાં)
1	ભાવનગર	ઉમરાળા, શિહોર અને મહુવા	12	5.00 to 9.99
2	દેવભૂમિ દ્વારકા	કલ્યાણપુર, ખંભાળીયા અને દ્વારકા	41	0.95 to 20.00
3	મહેસાણા	સતલાસણા, વિજાપુર અને બેચરાજી	20	0.50 to 5.47
4	પોરબંદર	રાણાવાવ, કુતિયાણા અને પોરબંદર	36	1.00 to 15.80
5	સુરત	માંડવી, મહુવા અને બારડોલી	40	0.35 to 6.93
કુલ			**149**	

સ્રોત: સંબંધિત જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતી.

ઓડિટમાં પાંચ જિલ્લા ખનીજ નિધિ દ્વારા અમલમાં મુકાયેલી પરિયોજનાઓના રેકર્ડની સમીક્ષા કરવામાં આવી હતી અને આ 149 પૂર્ણ થયેલી પરિયોજનાઓનું સંયુક્ત ભૌતિક નિરીક્ષણ પણ કરવામાં આવ્યું હતું. ઓડિટમાં ટેન્ડર પ્રક્રિયા અને અમલીકરણ એજન્સીઓની પસંદગીમાં ખામીઓ, કામો પૂર્ણ ન થવા અને અસરગ્રસ્ત વિસ્તારોની બહાર કામોના અમલીકરણ, જાહેર લાભને બદલે ખાનગી લાભ માટે અમલમાં મુકાયેલી પરિયોજનાઓના ઉદાહરણો, એજન્સીને અનુચિત લાભના ઉદાહરણો અને કામો માટે વધુ ચૂકવણીના ઉદાહરણો જોવા મળ્યા હતા. ઓડિટ અવલોકનોની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવી છે.

3.4.1 ભૌતિક પ્રગતિ અને પરિયોજનાઓ રદ કરવી

પરિયોજનાઓની મંજૂરી અને ખર્ચ માટેની વહીવટી પ્રક્રિયા મુજબ, લાઇન વિભાગોએ સંબંધિત જિલ્લા ખનીજ નિધિની વહીવટી પરિષદની સૈદ્ધાંતિક મંજૂરી માટે અંદાજિત પરિયોજનાના ખર્ચ સાથે દરખાસ્તો રજૂ કરી હતી. ત્યારબાદ, લાઇન વિભાગ દ્વારા વિગતવાર ખર્ચ અંદાજ સાથે તાંત્રિક મંજૂરી (TS) તૈયાર કરવામાં આવી હતી. કેટલાક કિસ્સાઓમાં, જો પરિયોજના અન્ય સરકારી યોજનાઓ હેઠળ હાથ ધરવામાં આવી હોય અથવા સૈદ્ધાંતિક મંજૂરીની તારીખથી ત્રણ મહિનાથી વધુ સમય માટે લાઇન વિભાગો તરફથી તાંત્રિક મંજૂરી મળવામાં વિલંબ થયો હોય તો તેને રદ કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ અમલમાં મૂકવાની

પરિયોજનાઓ માટે જિલ્લા ખનીજ નિધિ ની કારોબારી સમિતિના અધ્યક્ષ દ્વારા વહીવટી મંજૂરી મંજૂર થયેલા ખર્ચના અંદાજોના આધારે આપવામાં આવી હતી. ત્યારબાદ સંબંધિત લાઇન વિભાગો અથવા ગ્રામ પંચાયતોને અમલીકરણ માટે જાણ કરવામાં આવી હતી.

ઓડિટમાં પાંચ જિલ્લા ખનીજ નિધિના કિસ્સામાં પરિયોજનાઓના રેકોર્ડની સમીક્ષા કરવામાં આવી હતી, જેમાં સૈદ્ધાંતિક મંજૂરીવાળી પરિયોજનાઓ, વહીવટી મંજૂરી પહેલા રદ કરાયેલી પરિયોજનાઓ, વહીવટી મંજૂરી સાથેની પરિયોજનાઓ, મંજૂર ખર્ચ ધરાવતી પરિયોજનાઓ, પૂર્ણ થયેલી પરિયોજનાઓ, અમલીકરણ હેઠળની પરિયોજનાઓ, હજુ શરૂ કરવાની પરિયોજનાઓ અને કામના અમલીકરણ દરમિયાન રદ કરાયેલી પરિયોજનાઓનો સમાવેશ થાય છે. માર્ચ 2024 સુધીમાં, પાંચ જિલ્લા ખનીજ નિધિ માટે તેની વિગતો **કોઠો 3.9** માં દર્શાવવામાં આવી છે.

કોઠો 3.9: માર્ચ 2024 માં પાંચ જિલ્લા ખનીજ નિધિઓની પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની પરિયોજનાઓની સ્થિતિ

જિલ્લા ખનીજ નિધિ	સૈધ્ધાંતિક રીતે મંજૂર થયેલી પરિયોજનાઓ	વહીવટી મંજૂરી પહેલાં રદ થયેલી	વહીવટી મંજૂરી માટે શરૂ ન કરાયેલી પરિયોજનાઓ	વહીવટી મંજૂરી મળેલી પરિ-યોજનાઓ	રૂપાંતર નો ગણોત્તર (% માં)	વહીવટી મંજૂરી બાદ પરિયાજનાઓની સ્થિતિ			
						પૂર્ણ થયેલી પરિ-યોજનાઓ	અમલી-કરણ હેઠળ	અમલ શરૂ કરવાની પરિ-યોજનાઓ	રદ
મહેસાણા	293	11	136	146	49.83	77	68	1	0
ભાવનગર	581	56	228	297	51.12	52	155	61	29
પોરબંદર	1,531	274	308	949	61.99	423	8	482	36
દેવભૂમિ દ્વારકા	1,890	774	1	1,115	58.99	944	3	161	7
સુરત	1,127	90	0	1,037	92.01	739	20	242	36
કુલ	5,422	1,205	673	3,544	65.36	2,235	254	947	108

સ્રોત: સંબંધિત જિલ્લા ખનીજ નિધિઓના માસિક પ્રગતિ અહેવાલો.

3.4.2 પરિયોજનાની મંજૂરીમાં બિન-કાર્યક્ષમતા

ઓડિટમાં જોવામાં આવ્યુ હતું કે પાંચ પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓ માટે, 5,422 સૈદ્ધાંતિક રીતે મંજૂર કરાયેલી પરિયોજનાઓમાંથી કુલ 3,544 પરિયોજનાઓને વહીવટી મંજૂરી (AA) આપીને અમલીકરણ માટે મંજૂર કરવામાં આવ્યા હતા. બાકીની પરિયોજનાઓ ક્યાં તો રદ કરવામાં આવી હતી અથવા હજુ સુધી શરૂ કરવામાં આવી ન હતી કારણ કે સંબંધિત જિલ્લા ખનીજ નિધિની કારોબારી સમિતિ તરફથી વહીવટી મંજૂરી મળી ન હતી. આમ, પાંચ જિલ્લા ખનીજ નિધિઓમાં કુલ સૈદ્ધાંતિક રીતે મંજૂર કરાયેલી પરિયોજનાઓમાંથી માત્ર 65.36 ટકા પરિયોજનાઓને વહીવટી મંજૂરી આપવામાં આવી હતી, જેનાથી આ પરિયોજનાઓને વાસ્તવિક પરિયોજનાઓમાં રૂપાંતરિત કરવામાં આવી હતી જે પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ અમલમાં મૂકી શકાઇ હતી. જિલ્લા ખનીજ નિધિ, મહેસાણાના કિસ્સામાં આ રૂપાંતર ગુણોત્તર સૌથી ઓછો 49.83 ટકા અને જિલ્લા ખનીજ નિધિ સુરતના કિસ્સામાં સૌથી વધુ 92.01 ટકા હતો.

ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોના નિયમ 16(4) મુજબ, પરિયોજનાની કુલ મંજૂર રકમ ઉપલબ્ધ જિલ્લા ખનીજ નિધિ ફાળા/ભંડોળના 1.5 ગણાથી વધુ ન હોવી જોઈએ. ઓડિટે અવલોકન કર્યું હતું કે જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાના વહીવટી પરિષદના અધ્યક્ષે સૈદ્ધાંતિક રીતે (ઓક્ટોબર 2017) કુલ 1,052 પરિયોજનાઓને મંજૂરી આપી હતી જે ₹ 59.83 કરોડની હતી,

જ્યારે ઉપલબ્ધ ભંડોળ ₹ 4.36 કરોડ (સપ્ટેમ્બર 2017 સુધી) હતું. આ ઉપલબ્ધ જિલ્લા ખનીજ નિધિ ભંડોળના 13.72 ગણા હતા, જે ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો હેઠળ નિર્ધારિત 1.5 ગણાની મર્યાદા કરતાં વધુ હતા. ત્યારબાદ, ઓક્ટોબર 2017 માં મંજૂર કરાયેલી 1052 પરિયોજનાઓમાંથી ₹ 43.61 કરોડની 637 પરિયોજનાઓ વહીવટી પરિષદ દ્વારા રદ કરવામાં આવી હતી. જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકા દ્વારા જણાવવામાં આવેલા ઉપરોક્ત 637 પરિયોજનાઓ રદ કરવાનું કારણ એ હતું કે આ પરિયોજનાઓ બિનજરૂરી હતી અને તાંત્રિક મંજૂરી ઉપલબ્ધ ન હતી.

3.4.3 ઉચ્ચ પ્રાથમિકતાવાળા વિસ્તારો અને અન્ય પ્રાથમિકતાવાળા વિસ્તારોમાં જિલ્લા ખનીજ નિધિનો ખર્ચ

પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાના પરિકલ્પિત ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે, જિલ્લા ખનીજ નિધિએ લાઇન વિભાગો તરફથી મળેલી પરિયોજનાની દરખાસ્તને મંજૂરી આપતી વખતે ઉચ્ચ પ્રાથમિકતાવાળા ક્ષેત્રો અથવા અન્ય પ્રાથમિકતાવાળા ક્ષેત્રો હેઠળ ચોક્કસ પરિયોજના/કાર્યક્રમના વર્ગીકરણના નિયમો અને સૂચનાઓ ધ્યાનમાં લેવા પડશે. પરિયોજનાઓના વર્ગીકરણની તપાસ કરવા માટે પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ પરિયોજના/કામોની પસંદગી અને મંજૂરી માટે ઓડિટમાં પાંચ જિલ્લા ખનીજ નિધિઓના રેકોર્ડની સમીક્ષા કરવામાં આવી હતી.

પાંચ જિલ્લા ખનીજ નિધિઓના માર્ચ 2024 ના માસિક પ્રગતિ અહેવાલના પ્રતિક-ચકાસણી દરમિયાન, ઓડિટમાં અવલોકન કરવામાં આવ્યું હતું કે ₹ 142.78 કરોડની મંજૂર રકમની સામે 2,489 પૂર્ણ અને અમલીકરણ હેઠળની પરિયોજનાઓમાં ₹ 134.35 કરોડનો ખર્ચ થયો હતો. વધુમાં, એવું પણ જોવા મળ્યું હતું કે પાંચ જિલ્લા ખનીજ નિધિઓએ **કોઠો 3.10** માં વિગતવાર જણાવ્યા મુજબ ઉચ્ચ પ્રાથમિકતાઓ અને અન્ય પ્રાથમિકતાઓના તમામ ક્ષેત્રોને આવરી લીધા નથી.

કોઠો 3.10: બન્ને પ્રાથમિકતાઓના વિસ્તારોને આવરી લેતી પરિયોજનાઓની વિગતો

(આંકડા ટકાવારીમાં)

બન્ને પ્રાથમિકતાવાળા વિસ્તારો પર પૂર્ણ થયેલી અને ચાલુ પરિયોજનાઓની મંજૂર થયેલા ખર્ચની ટકાવારી						
વિસ્તારો	**પ્રાથમિકતાઓ**	**મહેસાણા**	**ભાવનગર**	**પોરબંદર**	**દેવભૂમિ દ્વારકા**	**સુરત**
પેય જળનો પુરવઠો	ઉચ્ચ પ્રાથમિકતા વિસ્તાર	8.83	26.22	9.35	17.37	10.55
પર્યાવરણ સંરક્ષણ અને પ્રદૂષણ નિયંત્રણ પગલા		0	0	0	0	2.29
સ્વાસ્થ્ય સંભાળ		14.36	0	1.95	3.18	31.11
શિક્ષણ		16.56	43.70	31.13	42.40	19.23
મહિલા અને બાળ કલ્યાણ		12.76	9.19	23.24	7.09	1.33
વૃધ્ધ અને વિકલાંગ લોકોનું કલ્યાણ		0	0	0	0	0
કૌશલ્ય વિકાસ-		0	0	9.97	2.41	4.13
સ્વચ્છતા		7.12	0	2.18	0.60	1.47
પેટા-સરવાળો (ઉચ્ચ પ્રાથમિકતા વિસ્તાર)		*59.63*	*79.11*	*77.83*	*73.05*	*70.12*
ભૌતિક માળખુ		40.37	0	21.72	26.38	29.71
સિંચાઇ		0	20.89	0.09	0	0.17

બન્ને પ્રાથમિકતાવાળા વિસ્તારો પર પૂર્ણ થયેલી અને ચાલુ પરિયોજનાઓની મંજૂર થયેલા ખર્ચની ટકાવારી						
વિસ્તારો	**પ્રાથમિકતાઓ**	**મહેસાણા**	**ભાવનગર**	**પોરબંદર**	**દેવભૂમિ દ્વારકા**	**સુરત**
ઊર્જા અને વોટરશેડનો વિકાસ	અન્ય પ્રાથમિકતા વિસ્તાર	0	0	0	0.58	0
ખાણકામના જિલ્લામાં પર્યાવરણીય ગુણવત્તા સુધારવા માટે અન્ય કોઇ પણ પગલા		0	0	0.36	0	0
પેટા-સરવાળો (અન્ય પ્રાથમિકતા વિસ્તાર)		***40.37***	***20.89***	***22.17***	***26.95***	***29.88***
કુલ		**100.00**	**100.00**	**100.00**	**100.00**	**100.00**

સ્રોત: જિલ્લા ખનીજ નિધિ, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલા રેકર્ડ.

ઉપર મુજબ જોઈ શકાય છે કે ભાવનગર, પોરબંદર અને દેવભૂમિ દ્વારકાના જિલ્લા ખનીજ નિધિઓના કિસ્સામાં મુખ્ય ખર્ચ શિક્ષણ પર હતો. જિલ્લા ખનીજ નિધિ, મહેસાણાના કિસ્સામાં તે ભૌતિક માળખા પર અને જિલ્લા ખનીજ નિધિ સુરતના કિસ્સામાં, આરોગ્ય સંભાળ પર હતો. પાંચ જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા ખર્ચ મુખ્યત્વે (i) શિક્ષણ, (ii) આરોગ્ય સંભાળ, (iii) ભૌતિક માળખાગત સુવિધા અને (iv) પીવાના પાણી પુરવઠા જેવા કેટલાક મુખ્ય મુદ્દાઓ પર કેન્દ્રિત હતો.

મહેસાણા, ભાવનગર, પોરબંદર અને દેવભૂમિ દ્વારકાના જિલ્લા ખનીજ નિધિઓએ પર્યાવરણ સંરક્ષણ અને પ્રદૂષણ નિયંત્રણ પગલાં સંબંધિત કોઈ પરીયોજના હાથ ધરી ન હતી. એવું પણ ધ્યાનમાં આવ્યું હતું કે (i) ઉર્જા અને વોટરશેડ વિકાસ, અને (ii) અન્ય બે મુખ્ય મુદ્દાઓમાં નજીવો ખર્ચ હતો. વધુમાં, વૃદ્ધ અને અપંગ લોકોના કલ્યાણના મુખ્ય મુદ્દાઓ પર કોઈ ખર્ચ/પરિયોજના નહોતી, જેના કારણે અસરગ્રસ્ત ગામોના લાભાર્થીઓ લાભોથી વંચિત રહેવા તરફ દોરી ગયું.

પોરબંદર, દેવભૂમિ દ્વારકા અને સુરતના જિલ્લા ખનીજ નિધિઓએ જવાબ આપ્યો (ઓક્ટોબર 2023) કે વિવિધ ઉચ્ચ પ્રાથમિકતા અને અન્ય પ્રાથમિકતા ક્ષેત્રોની પરિયોજનાઓ દરખાસ્તો ન મળવા, પરિયોજનાઓની મંજૂરી ન મળવા અને સૈદ્ધાંતિક રીતે મંજૂર થયેલા પરિયોજનાઓ રદ થવાને કારણે હાથ ધરવામાં આવ્યા ન હતા. જિલ્લા ખનીજ નિધિ, ભાવનગરના જવાબની રાહ જોવાઈ રહી હતી (નવેમ્બર 2024).

આમ, પરિયોજનાના અમલીકરણમાં ખામીઓ આયોજન, સંકલન અને દેખરેખ પદ્ધતિઓમાં નોંધપાત્ર ઉણપો દર્શાવે છે. પરિયોજના શરૂ કરવામાં અને પૂર્ણ કરવામાં વિલંબ, અપૂરતી દેખરેખ, જિલ્લા ખનીજ નિધિઓ અને લાઇન વિભાગો વચ્ચે નબળું સંકલન અને ભંડોળના બિનકાર્યક્ષમ ઉપયોગથી યોજનાના અભિપ્રેત ઉદ્દેશ્યને સામૂહિક રીતે નબળો પડ્યો છે. આ મુદ્દાઓ ન માત્ર અસરગ્રસ્ત સમુદાયોને લાભ પહોંચાડવામાં વિલંબ કરે છે પણ એકંદરે અમલીકરણ પ્રક્રિયાની અસરકારકતા અને જવાબદારી અંગે પણ ચિંતાઓ ઉભી કરે છે. આ ખામીઓને દૂર કરવા માટે, સમયસર અને અસરકારક પરિયોજનાના અમલીકરણ માટે સંસ્થાકીય માળખાને મજબૂત બનાવવું, આંતર-વિભાગીય સંકલન વધારવું અને મજબૂત દેખરેખ પ્રણાલીઓ લાગુ કરવી હિતાવહ છે.

3.4.4 કામ માટે એજન્સીની પસંદગીની પ્રક્રિયામાં ખામીઓ

રાજ્ય સ્તરની સંકલન સમિતિ ના આદેશ (નવેમ્બર 2016) મુજબ, જિલ્લા ખનીજ નિધિઓએ સરકારની માર્ગદર્શિકાનું પાલન કરવાનું હતું અને ગુજરાત રાજ્ય ખરીદી નીતિ 2016 નું પાલન કરવાનું હતું. આમ, ટેન્ડર આમંત્રિત કરવા, કામ આપવા અને કામ માટે એજન્સીની પસંદગી

કરવાની પ્રક્રિયા હાલની સરકારી માર્ગદર્શિકા અનુસાર કરવાની હતી. ઓડિટમાં એવા કિસ્સાઓ ધ્યાન પર આવ્યા હતા જેમાં જિલ્લા ખનીજ નિધિઓએ ટેન્ડર આમંત્રિત કર્યા વિના એજન્સીને કામો આપ્યા હતા જેનાથી એજન્સીને અનુચિત લાભ થયો હતો. અવલોકનોની નીચે ચર્ચા કરવામાં આવી છે.

3.4.4.1 ટેન્ડર આમંત્રિત કર્યા વિના નામાંકનના આધારે એજન્સીને પરિયોજના આપવી

ગુજરાત સરકારે રાજ્ય સરકારના તમામ સરકારી વિભાગો, બોર્ડ અને નિગમો વગેરેમાં 1 જૂન 2007 થી ₹ 10 લાખ અને તેથી વધુના વ્યવહાર મૂલ્ય માટે ઈ-પ્રોક્યોરમેન્ટ[8] નીતિ રજૂ કરી હતી (નવેમ્બર 2006). ત્યારબાદ, ઈ-પ્રોક્યોરમેન્ટ માટે વ્યવહાર મૂલ્ય ₹ 10 લાખથી ઘટાડીને ₹ 5 લાખ અને તેથી વધુ કરવામાં આવ્યું હતું (જુલાઈ 2011).

જિલ્લા ખનીજ નિધિ દેવભૂમિ દ્વારકા દ્વારા કામો/ પરિયોજનાઓ આપવાની પ્રક્રિયા સંબંધિત રેકોર્ડની સમીક્ષા કરતાં, એવું ધ્યાનમાં આવ્યું કે વહીવટી પરિષદે ચાર પરિયોજનાઓને મંજૂરી આપી હતી (ઓક્ટોબર 2017) જે ટેન્ડર આમંત્રિત કર્યા વિના આપવામાં આવી હતી. પરિયોજનાઓની વિગતો **કોઠો 3.11** માં દર્શાવેલ છે:

કોઠો 3.11: ટેન્ડર આમંત્રિત કર્યા વિના આપવામાં આવેલી પરિયોજનાઓની વિગતો

ક્રમાંક	પરિયોજનાનું નામ	વહીવટી પરિષદ દ્વારા સૈધ્ધાંતિક મંજૂરી આપેલો ખર્ચ	કાર્ય હુકમની તારીખ	એજન્સીનું નામ	મહિનામાં નર્મદા જિલ્લા ખાતે ટેન્ડર આમંત્રિત કરવાના આધારે સોંપેલું કામ	નોંધ
1	57 શાળાઓમાં 1000 લિટર ક્ષમતાની ટેરાફીલ ટાંકીઓ	₹ 1.71 કરોડ	ઑગષ્ટ 2018	વીર એન્ટરપ્રાઇઝીસ, બારડોલી	સપ્ટેમ્બર 2017	એજન્સીએ ડીપીઓને આ કામો સોંપવા વિનંતી કરી હતી કારણ કે નર્મદા જિલ્લામાં સમાન પરિયોજના માટે ટેન્ડરની પ્રક્રિયા દ્વારા હાથ ધરવામાં આવી હતી. જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાએ ટેન્ડરની પ્રક્રિયા વિના જ આ પરિયોજના તે જ એજન્સીને સોંપ્યા હતા.
2	57 પ્રાથમિક શાળાઓમાં રમતગમતના સાધનો	₹ 3.13 કરોડ (₹5,50,000 એકમ દીઠ)	જુલાઈ 2018	વીર એન્ટરપ્રાઇઝીસ, બારડોલી	જાન્યુઆરી 2018	
3	57 પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક સિરામિક ચાર્ટ	₹ 1.71 કરોડ (₹ 3,00,000 એકમ દીઠ)	માર્ચ 2018	વીર એન્ટરપ્રાઇઝીસ, બારડોલી	સપ્ટેમ્બર 2017	
4	55 આંગણવાડીઓમાં શૈક્ષણિક સિરામિક ચાર્ટ	₹ 1.43 કરોડ (₹ 2,60,000 એકમ દીઠ)	ફેબ્રુઆરી 2018	વીર એન્ટરપ્રાઇઝીસ, બારડોલી		

સ્રોત: જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાએ આપેલા રેકર્ડ.

8 ઈ-પ્રોક્યુરમેન્ટ એ એક એવી પ્રક્રિયા છે જેમાં ભૌતિક ટેન્ડરિંગ નીતિ ઈન્ટરનેટ અને સહાયક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઓનલાઈન હાથ ધરવામાં આવે છે.

ઓડિટે અવલોકન કર્યું હતું કે આ ચારેય પરિયોજનાઓ પૈકી દરેકનો ખર્ચ ₹ 5 લાખથી વધુ હતો અને તેથી નીતિ મુજબ ખુલ્લા ટેન્ડર આમંત્રિત કરવાની જરૂર હતી. જો કે, જીલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાએ વહીવટી મંજૂરી આપી અને (માર્ચ 2018 થી ઓગસ્ટ 2018 વચ્ચે) આ કામો મેસર્સ વીર એન્ટરપ્રાઇઝ, બારડોલી (એજન્સી) ને સોંપ્યા, અને વિનંતી સ્વીકારી કે ટેન્ડરની પ્રક્રિયા પછી નર્મદા જિલ્લામાં એજન્સી દ્વારા સમાન કામો[9] હાથ ધરવામાં આવ્યા હતા.

ખરીદી નીતિનું પાલન ન કરવાથી જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકા સ્પર્ધાત્મક દરો મેળવવાથી વંચિત રહ્યું અને એજન્સીને અનુચિત લાભ પણ થયો. વધુમાં, ઓડિટમાં ઉપરોક્ત એક કામમાં ₹ 63 લાખની વધારાની ચુકવણી પણ જોવા મળી, જેની ચર્ચા આ અહેવાલના **ફકરા 3.4.8** હેઠળ કરવામાં આવી છે.

જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાનો જવાબ પ્રતીક્ષિત છે. (નવેમ્બર 2024).

3.4.4.2 ટેન્ડર પ્રક્રિયાને બાજુ પર રાખવા માટે કામનું વિભાજન

ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગે, તમામ સરકારી સંસ્થાઓ માટે સરકારી ઈ-બજાર (GeM) પોર્ટલ દ્વારા માલની ખરીદીની પદ્ધતિ અંગે એક ઠરાવ બહાર પાડ્યો હતો (ફેબ્રુઆરી 2021). ઉપરોક્ત ઠરાવની કલમ 7 માં જણાવવામાં આવ્યુ છે કે ₹ 5 લાખથી વધુના માલની ખરીદીની નાણાકીય મર્યાદા ધરાવતું કોઈપણ કાર્ય જાહેર બોલી (ટેન્ડર) અને/અથવા રિવર્સ ઓક્શન પ્રક્રિયા દ્વારા ખરીદી શકાય છે અને ₹ 5 લાખથી ઓછી કિંમતના માલની ખરીદીની નાણાકીય મર્યાદા ધરાવતું કામ સરકારી ઇ-બજારે સૂચવેલ એલ1 દ્વારા ખરીદી શકાય છે.

શિક્ષણ વિભાગે (જાન્યુઆરી 2021) 50 શાળાઓમાં સીસીટીવી કેમેરા લગાવવાની પરિયોજના માટે જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાને એક ટેકનિકલ મંજૂરી સુપરત કરી હતી. જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાએ જિલ્લાની 34 પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં સીસીટીવી કેમેરા લગાવવાના પરિયોજના માટે ₹ 1.06 કરોડની રકમ માટે વહીવટી મંજૂરી આપી હતી (જાન્યુઆરી 2021). જિલ્લા સ્તરીય ખરીદી સમિતિ (DLPC) એ (માર્ચ 2021) સરકારી ઇ-બજાર દ્વારા વસ્તુઓ ખરીદવાનો નિર્ણય લીધો હતો.

શિક્ષણ વિભાગે શાળાઓમાં સીસીટીવી કેમેરા લગાવવા માટે પાંચ એજન્સીઓને કાર્ય હુકમો બહાર પાડ્યા હતા (માર્ચ 2021). આ પરિયોજના પૂર્ણ થઇ હતી (એપ્રિલ 2021). એજન્સીઓને સોંપાયેલ કામની વિગતો **કોષ્ટક 3.12** માં દર્શાવ્યા મુજબ છે.

કોઠો 3.12: એજન્સીઓને આપવામાં આવેલ સીસીટીવી કેમેરા લગાવવાનું કામ

ક્રમાંક	એજન્સીનું નામ	રકમ (₹ લાખમાં)
1	એડવાન્ટેજ નેટવર્કીંગ એન્ડ સોલ્યુશન્સ પ્રા. લિમિટેડ.	14.99
2	એશિયન સિસ્ટમ્સ, અમદાવાદ	21.23
3	જીનીયસ એન્ટરપ્રાઇઝ, અમદાવાદ	23.77
4	ગ્લોબલ ઇનફોસિસ્ટમ્સ, અમદાવાદ	27.44
5	શક્તિ એન્ટરપ્રાઇઝ અમદાવાદ	18.21
	કુલ	**105.64**

સ્રોત: જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકા દ્વારા આપવામાં આવેલા રેકર્ડ.

[9] નર્મદા જિલ્લામાં સમાન પરિયોજના માટે ટેન્ડર (સપ્ટેમ્બર 2017 અને જાન્યુઆરી 2018 વચ્ચે) મંગાવવામાં આવ્યા હતા.

ઓડિટમાં અવલોકન કરવામાં આવ્યુ હતું કે કામનું કુલ મૂલ્ય ₹ 1.06 કરોડ હોવા છતાં, શિક્ષણ વિભાગે સરકારી ઇ બજાર (GeM) પોર્ટલ પર જાહેર ટેન્ડર મંગાવ્યું ન હતું. તેના બદલે, શિક્ષણ વિભાગે વિવિધ શાળાઓમાં સીસીટીવી કેમેરા માટે જરૂરી ઘટકોને એવી રીતે વિભાજીત કર્યા કે તેમને GeM પોર્ટલ પર જાહેર ટેન્ડર મંગાવવાની જરૂર ન પડે અને GeM દ્વારા એલ-1 ખરીદવાનું સૂચન કર્યું. ઓડિટે નોંધ્યું હતું કે વસ્તુઓ વિભાજિત કરવામાં આવી હતી અને GeM પોર્ટલમાંથી સરખામણી શીટ રાખવામાં આવી હતી જેમાં દરેક કિસ્સામાં એલ-1 ₹ 5 લાખથી નીચે રહ્યો હતો. વધુમાં, એવા કિસ્સાઓ હતા કે જ્યાં એક જ વસ્તુની ખરીદી એક જ તારીખે બે અલગ અલગ સમયે કરવામાં આવી હતી અને બે અલગ અલગ સૌથી ઓછા બોલી લગાવનારાઓની પસંદગી એવી રીતે કરવામાં આવી હતી કે એક જ ઓર્ડરનું કુલ મૂલ્ય ₹ 5 લાખથી નીચે રહ્યું.

આમ, અંદાજિત ₹ 1.06 કરોડની પરિયોજના માટે જાહેર ટેન્ડર ન મંગાવવાને કારણે, પરિયોજના માટે સ્પર્ધાત્મક દરો ન મળવાની શક્યતા નકારી શકાય નહીં. અંતે, સ્થાપિત પ્રાપ્તિ નિયમો અને વિનીયમનો વિરુદ્ધ પાંચ અલગ અલગ એજન્સીઓ દ્વારા કુલ કામ ₹ 1.06 કરોડમાં હાથ ધરવામાં આવ્યું.

જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાએ જવાબ આપ્યો હતો (નવેમ્બર 2023) કે પરિયોજના પાંચ એજન્સીઓને સોંપવામાં આવી હતી જેમને સરકારી ઇ-બજાર દ્વારા એલ-૧ તરીકે સૂચવવામાં આવ્યા હતા.

જવાબ સ્વીકાર્ય નથી કારણ કે કામ જાહેર ટેન્ડર દ્વારા સોંપવામાં આવવું જોઈતું હતું અને કામનું વિભાજન ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરાયેલ ખરીદી નીતિની વિરુદ્ધ હતું..

3.4.5 છોટાઉદેપુર ખાતે રક્ત બેંક માટે પરિયોજના

ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ઓફ બ્લડ ટ્રાન્સફ્યુઝન (GSCBT)[10] તરફથી મળેલા પ્રસ્તાવ ના (ઓક્ટોબર 2018) આધારે, જિલ્લામાં રક્ત બેંક ન હોવાને ધ્યાનમાં રાખીને, જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ દ્વારા છોટાઉદેપુર જિલ્લામાં ₹ 3.74 કરોડના ખર્ચે ત્રણ વર્ષના સમયગાળા માટે રક્ત બેંક સ્થાપવાની પરિયોજના (ઓક્ટોબર 2018) હાથ ધરવામાં આવી હતી.

જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમે પરિયોજનાની અમલીકરણ એજન્સી (PIA) તરીકે ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ઓફ બ્લડ ટ્રાન્સફ્યુઝનને પરિયોજના માટે કાર્ય હુકમ સોંપ્યો છે (28 ફેબ્રુઆરી 2019). કાર્ય હુકમમાં આપેલા સમયગાળા મુજબ, માળખુ અને સાધનોની ખરીદી છ મહિનાના સમયગાળામાં પૂર્ણ કરવાની હતી અને કાર્ય હુકમ સોંપ્યાથી કુલ ત્રણ વર્ષના સમયગાળા માટે નવ મહિના આગળથી કામગીરી શરૂ કરવાની હતી.

જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગરે 08 મે 2019 ના રોજ રક્ત બેંકના મકાનના બાંધકામ અને નવીનીકરણ માટે પરિયોજના અમલીકરણ એજન્સીને ₹ 7.50 લાખનો પહેલો હપ્તો આપ્યો હતો. છોટાઉદેપુરના કલેક્ટરે જિલ્લા ખનીજ નિધિને રક્ત બેંકની સ્થાપના અને સંચાલન માટે જિલ્લા હોસ્પિટલમાં જમીન અને મકાન ફાળવ્યા હતા. રક્ત બેંકની સ્થાપના માટે તેને (નવેમ્બર 2019) સોંપવામાં આવ્યું હતું, જે જર્જરિત હાલતમાં હોવાનું જાણવા મળ્યું હતું. ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર બ્લડ ટ્રાન્સ્ફ્યુઝન (GSCBT) એ સપ્ટેમ્બર 2019 અને જાન્યુઆરી 2020 માં માર્ગ અને મકાન વિભાગ, છોટાઉદેપુર પાસેથી ₹ 50.17 લાખના ખર્ચે બાંધકામ અને વીજળી કામનો અંદાજ[11] મેળવ્યો. GSCBT એ (જાન્યુઆરી 2020) જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી

[10] આરોગ્ય કમિશ્નર, ગુજરાત સરકારનાં નેજા હેઠળ આ સોસાયટી કામ કરે છે.

[11] પ્રાપ્ત અંદાજો સપ્ટેમ્બર 2019માં - ₹ 16.25 લાખ અને જાન્યુઆરી 2020માં- ₹ 33.92 લાખ.

એકમને માળખાકીય કામનો ખર્ચ ₹ 25.00 લાખથી સુધારીને ₹ 50.17 લાખ કરવા વિનંતી કરી જે મંજૂર કરવામાં આવી હતી (ફેબ્રુઆરી 2020). આમ, પરિયોજનાનો ખર્ચ ₹ 3.74 કરોડથી વધારીને ₹ 3.99 કરોડ કરવામાં આવ્યો.

ભારત સરકારની સૂચનાઓ (જુલાઈ 2021) અનુસાર, રાજ્ય સ્તરે જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટના ભંડોળમાંથી કોઈપણ ખર્ચની પરવાનગી કે મંજૂરી આપવામાં આવશે નહીં. ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને, જિલ્લા ખનીજ નિધિ-એકલ નોડલ એકમે પરિયોજનાને આગળ અમલ માટે જિલ્લા ખનીજ નિધિ, છોટાઉદેપુરને તબદીલ કરવાનો નિર્ણય લીધો હતો (નવેમ્બર 2021).

ઓડિટે નોધ્યું હતું કે ફેબ્રુઆરી 2020 માં માળખાગત સુવિધાઓ માટે સુધારેલા ખર્ચની મંજૂરી પછી, પરિયોજના અમલીકરણ એજન્સીએ નવેમ્બર 2021 સુધી જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ નો સંપર્ક કર્યો ન હતો જેના પરિણામે પરિયોજના કાર્યરત થઇ ન હતી. જિલ્લા ખનીજ નિધિ, છોટાઉદેપુરે જાણ કરી હતી (ઓક્ટોબર 2023) કે ઓળખ કરાયેલ ઇમારતમાં બાંધકામ અને વીજળીનું કામ પૂર્ણ થઈ ગયું છે અને બાંધકામ માટે ₹ 25.16 લાખ અને સાધનો માટે ₹ 6.87 લાખના ભંડોળ (અનુક્રમે ફેબ્રુઆરી 2022 અને જૂન 2022) છૂટા કરવામાં આવ્યા હતા. જો કે, રક્ત બેંકના જરૂરી સાધનો ખરીદવામાં આવ્યા ન હતા, અને શરૂઆતમાં રક્ત બેંક ફેબ્રુઆરી 2024 સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા હતી, પરંતુ છોટાઉદેપુર જિલ્લામાં આ પરિયોજના સપ્ટેમ્બર 2024 ની સ્થિતિએ બિન-કાર્યક્ષમ રહી હતી.

આમ, પરિયોજના અમલીકરણ એજન્સી (PIA) દ્વારા કામના અમલીકરણમાં વિલંબ અને જિલ્લા ખનીજ નિધિ અને PIA વચ્ચે સંકલનના અભાવના કારણે છોટાઉદેપુર જિલ્લામાં મહત્વપૂર્ણ રક્ત બેંક પરિયોજના પૂર્ણ કરવામાં નોંધપાત્ર વિલંબ થયો. સુધારેલા અંદાજ (ફેબ્રુઆરી 2020) ની મંજૂરી પછી માળખાગત વિકાસ અને સાધનોની ખરીદી માટે છ મહિનાની અપેક્ષિત સમય મર્યાદા (ઓગસ્ટ 2020) હોવા છતાં, જરૂરી સાધનો હજુ સુધી ખરીદવામાં આવ્યા નથી. વધુમાં, રક્ત બેંક, જે નવ મહિના (નવેમ્બર 2020) માં કાર્યરત થવાની હતી, તે કાર્યરત થઇ નથી અને ₹ 39.53 લાખના ખર્ચ છતાં લાભાર્થીઓ ઇચ્છિત આરોગ્ય સંભાળ સેવાઓથી વંચિત રહે છે.

જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમે વિલંબનો સ્વીકાર કર્યો અને જવાબ આપ્યો (નવેમ્બર 2024) કે પરિયોજના પ્રગતિ હેઠળ છે.

3.4.6 ઉપલબ્ધ ભંડોળનો ઉપયોગ કરવા માટે એજન્સીને વારંવાર ઓર્ડર આપવાનો અનુચિત લાભ

જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાની વહીવટી પરિષદ દ્વારા જિલ્લાના તમામ 16 અસરગ્રસ્ત ગામોમાં શારીરિક કસરત સાધનો સ્થાપિત કરવાની પરિયોજનાને ₹ 2.40 કરોડ (શારીરિક કસરત સાધનોના સેટ દીઠ ₹ 15.00 લાખ) ના ખર્ચે મંજૂરી આપવામાં આવી હતી. પ્રાથમિક મંજૂરી (સપ્ટેમ્બર 2019) અને તાંત્રિક મંજૂરી (ઓક્ટોબર 2019) જિલ્લા રમતગમત અધિકારી (ડીએસઓ) દ્વારા આપવામાં આવી હતી. જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાએ 16 ગામોમાં પરિયોજના માટે વહીવટી મંજૂરી આપી હતી (ઓક્ટોબર 2019).

માત્ર પાંચ ગામોમાં જમીન ઉપલબ્ધ હોવાથી, જિલ્લા રમતગમત અધિકારીએ 16 ગામો પૈકી પાંચ[12] ગામોમાં શારીરિક કસરતના સાધનો ની સ્થાપના કરવા માટે ટેન્ડર મંગાવ્યું હતું (જુલાઈ 2020). ટેન્ડરની પ્રક્રિયાને અનુસરીને, જિલ્લા રમતગમત અધિકારીએ બારડોલીના મેસર્સ શ્રી વીર

[12] (i) રાણ, (ii) મેવાસા, (iii) મહાવેદીયા, (iv) ગોરીન્જા અને (v) બતીસા.

એન્ટરપ્રાઇઝ (એજન્સી) ને શારીરિક કસરતના સાધનો ના સેટ દીઠ ₹ 15.03 લાખના ટેન્ડર ખર્ચે કાર્ય હુકમ સોંપ્યો હતો (જુલાઈ 2020). આ પાંચ ગામોની ગ્રામ પંચાયત તરફથી ₹ 3.59 લાખના સૌર પ્રકાશિત બ્લોકના સ્થાને ₹ 4.67 લાખની વધારાની પાંચ વસ્તુ[13]ઓ માટે મળેલી વિનંતી (નવેમ્બર 2020) ના આધારે, જિલ્લા ખનીજ નિધિએ આ ગામો માટે ₹ 16.11 લાખના સુધારેલા ખર્ચને મંજૂરી આપી હતી (નવેમ્બર 2020). એજન્સી દ્વારા પાંચ ગામોમાં આ કામ ₹ 80.58 લાખના ખર્ચે પૂર્ણ થયું (માર્ચ 2021).

ત્યારબાદ, બાકીના 11 ગામોમાંથી, જિલ્લા રમતગમત અધિકારીઓએ જાણ કરી (માર્ચ 2021) કે ચાર ગામો[14]એ પરિયોજના રદ કરવાની વિનંતી કરી છે કારણ કે ગ્રામ પંચાયતો પાસે શારીરિક કસરતના સાધનોની સ્થાપના કરવા માટે જમીન નથી અને સાત ગામો[15]એ ₹ 4.11 લાખની કિંમતના સોલાર લાઈટીંગ બ્લોક અને મુખ્ય દરવાજાના બદલે ₹ 11.34 લાખની વધારાની 13 વસ્તુઓ[16]ની વિનંતી કરી છે. જિલ્લા ખનીજ નિધિએ આ દરખાસ્તને મંજૂરી આપી હતી (માર્ચ 2021) અને ઉપરોક્ત એજન્સીને ગામ દીઠ ₹ 15.03 લાખને બદલે ₹ 22.26 લાખના દરે સાત ગામોમાં શારીરિક કસરતના સાધનોની સ્થાપના કરવા માટે નવો કાર્ય હુકમ બહાર પાડ્યો હતો. એજન્સી દ્વારા સાત ગામોમાં આ કામ ₹ 155.79 લાખના ખર્ચે પૂર્ણ થયું (એપ્રિલ 2021)

ઓડિટે અવલોકન કર્યું હતું કે:

- જિલ્લાના તમામ 16 ખાણકામથી અસર પામેલા ગામોમાં શારીરિક કસરતના સાધનો પૂરા પાડવા માટે જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકા દ્વારા વહીવટી મંજૂરી અયોગ્ય હતી કારણ કે ચાર ગામોમાં જમીન ઉપલબ્ધ નહોતી જે મંજૂરી પહેલાં નક્કી થવી જોઈતી હતી.

- ગુજરાત રાજ્ય ખરીદી નીતિ, 2016 મુજબ, હાલની એજન્સીને પુનરાવર્તિત ઓર્ડર મૂળ કરાર મૂલ્ય / જથ્થાના 50 ટકાથી વધુ ન થાય તે રીતે આપી શકાય છે. ઓડિટે નોંધ્યું હતું કે એજન્સીને ટેન્ડર વિના નામાંકન ધોરણે સાત ગામોમાં શારીરિક કસરતના સાધનો માટે ₹ 155.79 લાખનો ઓર્ડર આપવામાં આવ્યો હતો જેના કારણે એજન્સીને અનુચિત લાભ થયો હતો. વધુમાં, સાત ગામોમાં શારીરિક કસરતના સાધનો માટે એજન્સીને આપવામાં આવેલા પુનરાવર્તિત ઓર્ડરનું મૂલ્ય પાંચ ગામોમાં શારીરિક કસરતના સાધનો માટે ₹ 75.15 લાખના મૂળ કરાર મૂલ્યના 207 ટકા કરતાં વધુ હતું..

આમ, પરિયોજના માટે મંજૂર થયેલી કુલ રકમ ગામડાઓના ખર્ચ અને જરૂરિયાતોમાં વિનિયોગના કારણે ખર્ચવામાં આવી હતી અને ટેન્ડર ન મંગાવવા અને પુનરાવર્તિત ઓર્ડર આપવાને કારણે એજન્સીને અનુચિત લાભ આપવામાં આવ્યો હતો. આ નાણાકીય સમજદારી અને કામ આપવા માટેના સ્થાપિત નિયમોની વિરુદ્ધ હતું.

પ્રતીક-ચકાસણી પામેલ ગામડાઓ હેઠળની ચાર પરિયોજનાઓનું[17] સંયુક્ત ભૌતિક નિરીક્ષણ (ઓગસ્ટ 2023) પણ ઓડિટ દ્વારા કરવામાં આવ્યું હતું. નીચે પ્રમાણે ફોટોગ્રાફ્સ દર્શાવેલ છે:

13 બે ગણેશ સ્લાઈડ, બે ચેસ્ટ પ્રેસ અને 4 ઇન 1 સેટનું એક સંયોજન.

14 (i) કેનેડી, (ii) ભોગાત, (iii) વીરપુર અને (iv) મોટા અસોટા.

15 (i) કંચનપુર, (ii) ધરમપુર, (iii)પછતર, (iv) પનેલી, (v) ગાંગડી, (vi) લાંબા અને (vii) ગંધવી.

16 ત્રણ સીટર પુલર, ત્રણ ચેસ્ટ પ્રેસ, ત્રણ ગણેશ સ્લાઈડ, ત્રણ 4 સીટર હિંચકા અને 300 ચો.ફૂટ. પેવર બ્લોક.

17 (i) ધરમપુર, (ii) ગોરીંજા, (iii) કંચનપુર અને (iv) જામ બતીસા.

ખંભાળીયા તાલુકા ખાતે ધર્મપુર માં ખુલ્લું જિમ
11.08.2023 ના રોજ લેવામાં આવેલો ફોટો

ખંભાળીયા તાલુકાના ખાંચણપુરમાં ખુલ્લું જિમ
10.08.2023 ના રોજ લેવામાં આવેલો ફોટો

દ્વારકા તાલુકાના ગોરીંજા માં ખુલ્લા જિમની પરિયોજના. 23.08.2023 ના રોજ લેવામાં આવેલો ફોટોગ્રાફ

દ્વારકા તાલુકાના જામ બાતીસા માં ખુલ્લા જિમની પરિયોજના. 24.08.2023 ના રોજ લેવામાં આવેલો ફોટોગ્રાફ

ઓડિટે અવલોકન કર્યું હતું કે મોટાભાગના સાધનો ખરાબ હાલતમાં હતા અને કેટલાક સાધનો ઉખડી ગયા હતા. વહીવટી મંજૂરી મુજબ, સાધનોની જાળવણી ગ્રામ પંચાયતોની જવાબદારી હતી. આમ, ગ્રામ પંચાયત દ્વારા યોગ્ય જાળવણી અને દેખરેખના અભાવે પરિયોજનાનો સામાન્ય જનતાને મોટો ફાયદો થયો ન હતો.

જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાનો જવાબ પ્રતીક્ષિત છે. (નવેમ્બર 2024).

3.4.7 શૈક્ષણિક સિરામીક ચાર્ટની પરિયોજના માટે એજન્સીને અધિક ચુકવણી

જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાએ 55 શાળાઓમાં શૈક્ષણિક સિરામીક ચાર્ટ લગાવવા માટેની પરિયોજના માટે ₹ 1.43 કરોડની વહીવટી મંજૂરી આપી હતી (ફેબ્રુઆરી 2018) અને એવું નક્કી કરવામાં આવ્યું હતું કે આ કામ મેસર્સ વીર એન્ટરપ્રાઇઝ, બારડોલી (એજન્સી) દ્વારા અમલમાં મૂકવામાં આવશે કારણ કે એજન્સીએ નર્મદા જિલ્લામાં ટેન્ડર પ્રક્રિયા દ્વારા પસંદ કરાયેલ સમાન કાર્ય હાથ ધર્યું હતું (સપ્ટેમ્બર 2017). એજન્સીને કાર્ય હુકમ (માર્ચ 2018) સોંપવામાં આવ્યો હતો. ત્યારબાદ, જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાએ 55 શાળાઓમાં શૈક્ષણિક સિરામિક ચાર્ટ (ઇસીસી) સ્થાપિત કરવાના પરિયોજના માટે વહીવટી મંજૂરીમાં સુધારો કર્યો હતો (જુલાઈ 2018) જેમાં શૈક્ષણિક સિરામિક ચાર્ટ દીઠ ₹ 3.00 લાખના દરે ₹ 1.65 કરોડનો ખર્ચ થયો હતો.

42 શાળાઓમાં કામ પૂર્ણ થયું હતું (જૂન 2018) અને બાકીના કામોની સ્થિતિ ઓડિટમાં રજૂ કરાયેલા રેકર્ડમાં જોવા મળી ન હતી. જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાએ અંતિમ ચુકવણીનો હુકમ બહાર પાડ્યો હતો (ઓગસ્ટ 2018) અને એજન્સીને કુલ ₹ 1.26 કરોડ ચૂકવવામાં આવ્યા હતા.

ઓડિટે અવલોકન કર્યું હતું કે નર્મદા જિલ્લામાં, એજન્સીએ શાળા દીઠ ₹ 2.60 લાખ[18]ના દરે શૈક્ષણિક સિરામિક ચાર્ટ અને ઇન્ડોર ગેમ ઇક્વિપમેન્ટ કીટનું કામ કર્યું હતું જ્યારે 42 શાળાઓમાં પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ હાથ ધરવામાં આવેલા કામો માટે, એજન્સીએ ફક્ત શૈક્ષણિક સિરામિક ચાર્ટ જ સ્થાપિત કર્યા હતા.

આમ, જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકા દ્વારા પરિયોજના માટેના અંદાજની ખામીયુક્ત ચકાસણીને કારણે, શૈક્ષણિક સિરામિક ચાર્ટ દીઠ ₹ 1.50 લાખના કામ માટે એજન્સીને શૈક્ષણિક સિરામિક ચાર્ટ દીઠ ₹ 3 લાખ ચૂકવવામાં આવ્યા હતા. આના પરિણામે એજન્સીને નામાંકનના ધોરણે કામ આપવાના અયોગ્ય લાભ ઉપરાંત ₹ 63.00 લાખ[19]ની વધારાની ચુકવણી કરવામાં આવી હતી.

જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાના જવાબની રાહ જોવાઈ રહી છે (ઓક્ટોબર 2024).

ઉપરોક્ત અવલોકનો દર્શાવે છે કે પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા યોજનાનું અમલીકરણ અસરકારક રીતે કરવામાં આવી રહ્યું નથી.

3.5 પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા દેખરેખ અને મૂલ્યાંકન

કામગીરી ઓડિટનો પાંચમો ઓડિટ ઉદ્દેશ્ય એ હતો કે યોજનાના અમલીકરણનું નિરીક્ષણ અને મૂલ્યાંકન પૂરતું અને અસરકારક હતું કે કેમ.

પરિયોજનાઓ અને કાર્યક્રમોની સફળતા સુનિશ્ચિત કરવામાં દેખરેખ અને મૂલ્યાંકન મુખ્ય ભૂમિકા ભજવે છે. વ્યવસ્થિત રીતે માહિતી એકત્રિત કરીને અને તેનું વિશ્લેષણ કરીને, દેખરેખ અને મૂલ્યાંકન અમલીકરણની પ્રગતિ અને અસરકારકતામાં મૂલ્યવાન આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે. તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય શક્તિઓ અને નબળાઈઓ અને એવા ક્ષેત્રોને ઓળખવાનો છે જેમાં સુધારાની

---

18 એકમ દીઠ ₹ 1.50 લાખના દરે શૈક્ષણિક સિરામિક ચાર્ટ અને એકમ દીઠ ₹ 1.10 લાખના દરે ઇન્ડોર ગેમ ઇક્વિપમેન્ટ કીટ.

19 ₹1.5 લાખ *42 શાળાઓ = ₹ 63.00 લાખ.

જરૂર હોય, જેથી યોજનાના ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે જાણકાર નિર્ણય લેવા અને વ્યૂહાત્મક આયોજનને સક્ષમ બનાવવામાં આવે.

પાંચ પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓ સંબંધિત ઓડિટ અવલોકનોની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવી છે.

3.5.1 જિલ્લા ખનીજ નિધિઓની કારોબારી સમિતિ અને વહીવટી પરિષદની બેઠકો

ઓડિટમાં પાંચ જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા યોજાયેલી કારોબારી સમિતિ અને વહીવટી પરિષદની બેઠકોની સંખ્યાની સમીક્ષા કરવામાં આવી હતી અને વિગતો નીચે કોષ્ટક 3.13 માં આપવામાં આવી છે:

કોઠો 3.13: પાંચ જિલ્લા ખનીજ નિધિઓની કારોબારી સમિતિ અને વહીવટી પરિષદની બેઠકોની વિગતો

જિલ્લા ખનીજ નિધિનું નામ	જિલ્લા ખનીજ નિધિની નોંધણીની તારીખ	કારોબારી સમિતિની બેઠકોની સંખ્યા:		વહીવટી પરિષદની બેઠકોની સંખ્યા:	
		નિયમો મુજબ યોજવાની[20]	ખરેખર યોજેલી	નિયમો મુજબ યોજવાની[21]	ખરેખર યોજેલી
મહેસાણા	20.04.2018	19	3	4	2
પોરબંદર	21.09.2017	22	7	5	5
સુરત	28.09.2017	22	13	5	10
ભાવનગર	29.09.2016	26	4	6	3
દેવભૂમિ દ્વારકા	15.10.2018	17	12	4	7
કુલ		**106**	**39**	**24**	**27**

સ્રોત: જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા આપવામાં આવેલી માહિતી.

કારોબારી સમિતિની બેઠકોના સંદર્ભમાં, ઓડિટમાં અવલોકન કરવામાં આવ્યું હતું કે સંબંધિત જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટોની નોંધણી પછી યોજાનારી 106 કરોબારી સમિતિની બેઠકો સામે ફક્ત 39 કારોબારી સમિતિની બેઠકો યોજાઈ હતી. પાંચ જિલ્લા ખનીજ નિધિઓમાંથી કોઈ પણ માં, ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોમાં ઉલ્લેખિત આવર્તન મુજબ કારોબારી સમિતિની બેઠકો યોજાઈ ન હતી. પાંચ જિલ્લા ખનીજ નિધિ માટે કારોબારી સમિતિની બેઠકોમાં ઘટાડો 29 થી 85 ટકા સુધીનો હતો.

વહીવટી પરિષદની બેઠકોના સંદર્ભમાં, ઓડિટમાં અવલોકન કરવામાં આવ્યું હતું કે જિલ્લા ખનીજ નિધિ, પોરબંદર, સુરત અને દેવભૂમિ દ્વારકા ખાતે વહીવટી પરિષદની બેઠકો ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોમાં ઉલ્લેખિત આવર્તન મુજબ યોજાઈ હતી. જો કે, મહેસાણા અને ભાવનગર ખાતે વહીવટી પરિષદની બેઠકો ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોમાં ઉલ્લેખિત બેઠકોના આવર્તન મુજબ યોજાઈ ન હતી.

20 જે ત્રિમાસિકમાં જિલ્લા ખનીજ નિધિની નોંધણી કરવામાં આવી હતી તેના માટેની કારોબારી સમિતિની બેઠક અવગણવામાં આવી છે.

21 જે વર્ષમાં જિલ્લા ખનીજ નિધિની નોંધણી થઇ હતી તે વર્ષ માટેની વહીવટી પરિષદની બેઠક અવગણવામાં આવી છે.

આમ, કારોબારી સમિતિની અને વહીવટી પરિષદની બેઠકોનું સંચાલન ન કરવું એ નિયમોની વિરુદ્ધ હતું અને પરિયોજનાઓની વિલંબિત મંજૂરી, જિલ્લા ખનીજ નિધિ ફાળાનો ઓછો ઉપયોગ, જિલ્લા ખનીજ નિધિમાં પૂરતા રેકર્ડની જાળવણી ન કરવી, વાર્ષિક હિસાબો અને વાર્ષિક અહેવાલોની વિલંબિત મંજૂરી વગેરે જેવી અસરો પણ તેના પર પડી હતી.

મહેસાણા અને પોરબંદરના જિલ્લા ખનીજ નિધિઓએ હકીકતો સ્વીકારી (ડિસેમ્બર 2023/ ઓક્ટોબર 2023) હતી અને ભવિષ્યમાં ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોનું પાલન કરવાની ખાતરી આપી હતી. જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાએ જવાબ આપ્યો હતો (ઓક્ટોબર 2023) કે 2021-22 માં વહીવટી પરિષદની રચનામાં માળખાકીય ફેરફાર થયો હતો અને ત્યારબાદ કારોબારી સમિતિ અને વહીવટી પરિષદની બેઠકો સંયુક્ત રીતે યોજવામાં આવી હતી જેથી કોઇ બાબત, જો હોય તો, અસરગ્રસ્ત લોકોના લાભાર્થે તેને ઝડપથી ઉકેલી શકાય. જિલ્લા ખનીજ નિધિ, સુરતે હકીકતો સ્વીકારી હતી અને જવાબ આપ્યો હતો (ઓક્ટોબર 2024) કે 2016-17 અને 2017-18 દરમિયાન મહેકમની ઘટ અને 2019-20 થી 2021-22 દરમિયાન કોવિડ-19 ના કારણે બેઠકો યોજાઈ ન હતી. ભાવનગરના જિલ્લા ખનીજ નિધિનો જવાબ પ્રતીક્ષિત છે. (ઓક્ટોબર 2024)

જિલ્લા ખનીજ નિધિ, દેવભૂમિ દ્વારકાનો જવાબ સ્વીકાર્ય નથી કારણ કે કારોબારી સમિતિની બેઠક ઓછામાં ઓછી દર ત્રણ મહિને એક વાર યોજવી જરૂરી હતી જ્યારે વહીવટી પરિષદની બેઠક વર્ષમાં ફક્ત એક જ વાર યોજાવાની હતી. આમ, જો વહીવટી પરિષદ અને કારોબારી સમિતિની બંને બેઠકો એકસાથે યોજાશે, તો ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો મુજબ કારોબારી સમિતિની બેઠકોમાં ઘટાડો થશે. આ વાત એ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે 2021-22 થી, આઠ કારોબારી સમિતિની બેઠકો યોજાવાની હતી તેની સામે ત્રણ કારોબારી સમિતિની બેઠકો યોજાઈ હતી.

3.5.2 જિલ્લા ખનીજ નિધિની પરિયોજનાઓના અમલીકરણમાં અનુસૂચિત વિસ્તારોની જોગવાઈનું પાલન

ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોના નિયમ 19 નિયત કરે છે કે અનુસૂચિત વિસ્તારોમાં પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાના ભંડોળના ઉપયોગ માટે અપનાવવામાં આવનારી પ્રક્રિયા અનુસૂચિત વિસ્તારો અને આદિજાતિ વિસ્તારોના વહીવટ અને પંચાયતો (અનુસૂચિત વિસ્તારોનું વિસ્તરણ) અધિનિયમ, 1996 અને અનુસૂચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વન નિવાસીઓ (વન અધિકારોની માન્યતા) અધિનિયમ, 2006 ની જોગવાઈઓ સંબંધિત બંધારણની અનુસૂચિ V અને અનુસૂચિ VI સાથે વાંચવામાં આવતાં કલમ 244 માં સમાવિષ્ટ જોગવાઈઓ દ્વારા સંચાલિત હોવી જોઈએ.

ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોના નિયમ 14(2) માં જણાવવામાં આવ્યું છે કે લાભાર્થીઓની ઓળખ માટે ગ્રામ સભાની મંજૂરી જરૂરી રહેશે. નિયમ 16(1) માં એવી જોગવાઈ છે કે અનુસૂચિત વિસ્તારના કિસ્સામાં, બધી યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓની રચના અને અમલીકરણ માટે ગ્રામ સભાની મંજૂરી જરૂરી રહેશે. વાર્ષિક યોજનાના અમલીકરણ સંબંધિત નિયમ 17(5) હેઠળ, એવું નક્કી કરવામાં આવ્યું હતું કે અનુસૂચિત વિસ્તારોમાં, દરેક નાણાકીય વર્ષ પૂર્ણ થયા પછી, દરેક નાણાકીય વર્ષમાં દરેક ગામમાં હાથ ધરવામાં આવેલા કાર્યનો અહેવાલ સંબંધિત ગ્રામ સભાને રજૂ કરવો જોઈએ.

ઓડિટમાં પાંચ જિલ્લા ખનીજ નિધિમાં અનુસૂચિત વિસ્તારો સંબંધિત ઉપરોક્ત જોગવાઈઓના અમલીકરણની સમીક્ષા કરવામાં આવી હતી. ઓડિટે નોંધ્યું હતું કે ફક્ત જિલ્લા ખનીજ નિધિ, સુરત પાસે અનુસૂચિત વિસ્તારો હતા અને અવલોકન કરવામાં આવ્યું હતું કે લાઇન વિભાગોએ ગ્રામ

સભામાંથી પરિયોજનાની સંમતિ મેળવ્યા વિના માંડવી, મહુવા અને બારડોલી બ્લોકના પરિયોજનાનો પ્રસ્તાવ જિલ્લા ખનીજ નિધિ, સુરતને સુપરત કર્યો હતો અને જિલ્લા ખનીજ નિધિ દ્વારા દરખાસ્ત સ્વીકારવામાં આવી હતી. આ બ્લોક સુરત જિલ્લાના અનુસૂચિત વિસ્તારોમાં આવરી લેવામાં આવ્યા હોવા છતાં જિલ્લા ખનીજ નિધિએ લાઇન વિભાગો પાસેથી ગ્રામ સભાની સંમતિ માંગી ન હતી.

ઓડિટમાં એવું પણ અવલોકન કરવામાં આવ્યું હતું કે જિલ્લા ખનીજ નિધિ, સુરતે દરેક નાણાકીય વર્ષ પૂર્ણ થયા પછી દરેક ગામમાં હાથ ધરાયેલા કામ અંગેનો કોઈ અહેવાલ સંબંધિત ગ્રામ સભાને રજૂ કર્યો ન હતો.

આમ, પરિયોજનાઓ હાથ ધરતા પહેલા ગ્રામ સભાની મંજૂરી ન લેવાથી અને કામો/ પરિયોજનાઓના અમલીકરણ અંગે કોઈ અહેવાલ ન આપવાથી ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોનું પાલન ન થયું. વધુમાં, આનાથી નિર્ણય લેવાની પ્રક્રિયા અને અનુસૂચિત વિસ્તારોમાં વિકાસલક્ષી કાર્યો/પરિયોજનાઓમાં ગ્રામ સભાની ભાગીદારી મર્યાદિત થઈ.

જિલ્લા ખનીજ નિધિ, સુરતે જવાબ આપ્યો હતો (સપ્ટેમ્બર 2023) કે અનુસૂચિત વિસ્તારોમાં હાથ ધરવામાં આવેલી પરિયોજનાઓના સંદર્ભમાં જરૂરી પ્રક્રિયાનું અત્યાર સુધી પાલન કરવામાં આવ્યું નથી. જો કે, હવેથી જ તે અમલમાં મૂકવામાં આવશે.

3.5.3 નિયત કરેલા રજિસ્ટરો જાળવવા

ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોના નિયમ 24(1) માં જણાવવામાં આવ્યુ છે કે જિલ્લા ખનીજ નિધિએ તેની બધી પ્રવૃત્તિઓના સંદર્ભમાં યોગ્ય હિસાબો અને સંબંધિત રેકર્ડ રાખવા જોઈએ. જિલ્લા ખનીજ નિધિ દ્વારા રજિસ્ટર જાળવવા જરૂરી છે જેમ કે: - (ક) ખાણકામ સંબંધિત કામગીરીનું રજિસ્ટર, (ખ) આવકનું રજિસ્ટર (ગ) ખર્ચનું રજિસ્ટર (ઘ) લાભાર્થીઓનું રજિસ્ટર, અને (ચ) વિવિધ સમિતિઓનું રજિસ્ટર.

પાંચ જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટોમાં જાળવવામાં આવતા રેકર્ડની સમીક્ષા દરમિયાન, ઓડિટે અવલોકન કર્યું હતું કે ઉપરોક્ત રજિસ્ટર અને રેકર્ડ દેવભૂમિ દ્વારકા, મહેસાણા, સુરત અને ભાવનગરના ચાર જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા જાળવવામાં આવતા ન હતા જ્યારે જિલ્લા ખનીજ નિધિ, પોરબંદરે તેને ઇલેક્ટ્રોનિક સ્વરૂપે રાખ્યા હતા. ઉપરોક્ત રજિસ્ટર જિલ્લા ખનીજ નિધિ સંબંધિત વિવિધ માહિતી જેમ કે આવક, ખર્ચ, લાભાર્થી, ખાણકામ સંબંધિત કામગીરી અને વિવિધ સમિતિઓ માટે મહત્વપૂર્ણ દસ્તાવેજો છે. આવકનું રજિસ્ટર, જિલ્લા ખનીજ નિધિઓને કરવામાં આવતી તમામ ચૂકવણીની વિગતો, જેમાં ખનિજ છૂટછાટો ધરાવતી વ્યક્તિઓ દ્વારા કરવામાં આવતી ચૂકવણીનો સમાવેશ થાય છે, ઓડિટ વ્યક્તિગત પટા/કન્સેશન ધારક દ્વારા જિલ્લા ખનીજ નિધિમાં કરવામાં આવેલી તારીખવાર ચુકવણી/ફાળો અને જિલ્લા ખનીજ નિધિને ચૂકવણી ન કરવાના/ઓછી ચુકવણી અથવા વિલંબિત ચુકવણીના કિસ્સામાં વસૂલવામાં આવતા વ્યાજની ચોકસાઈ ચકાસી શક્યું નથી.

જિલ્લા ખનીજ નિધિએ જવાબ આપ્યો હતો (ઓક્ટોબર 2023) કે માર્ગદર્શિકા અનુસાર નિર્ધારિત રજિસ્ટર અને રેકર્ડ જાળવવા માટે જિલ્લા ખનીજ નિધિને સૂચનાઓ આપવામાં આવશે. દેવભૂમિ દ્વારકા, મહેસાણા અને સુરતના જિલ્લા ખનીજ નિધિઓએ (ઓક્ટોબર/ડિસેમ્બર 2023/ઓક્ટોબર 2024) અવલોકનનો સ્વીકાર કર્યો હતો અને ખાતરી આપી હતી કે નિર્ધારિત રજિસ્ટર જાળવવામાં આવશે. અવલોકનો પર ભાવનગરના જિલ્લા ખનીજ નિધિના જવાબની રાહ જોવાઈ રહી હતી (નવેમ્બર 2024).

3.5.4 પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓમાં વાર્ષિક અહેવાલો અને ઑડિટ થયેલા હિસાબોની તૈયારી અને મંજૂરી

ભાગ-ક, ફકરા 2.9.4 માં વિગતવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે એ મુજબ આ ફકરો પસંદ કરેલા જિલ્લા ખનીજ નિધિઓ માટે વાર્ષિક અહેવાલ અને ઑડિટ થયેલા હિસાબોની તૈયારી અને મંજૂરીની ચર્ચા કરે છે.

ઓડિટમાં પાંચ જિલ્લા ખનીજ નિધિઓમાં વાર્ષિક હિસાબોની તૈયારી અને વાર્ષિક અહેવાલ અને મંજૂરીની સમીક્ષા કરવામાં આવી હતી. પૂરી પાડવામાં આવેલી માહિતીના આધારે, ઓડિટમાં અવલોકન કરવામાં આવ્યું હતું કે 2016-17 થી 2022-23[22] ના સમયગાળા માટે જિલ્લા ખનીજ નિધિના હિસાબોનું ઑડિટ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા એક મહિનાથી 40 મહિનાના વિલંબ સાથે કરવામાં આવ્યું હતું અને જિલ્લા ખનીજ નિધિઓના વાર્ષિક અહેવાલો બે થી 44 મહિનાના વિલંબ સાથે મંજૂર કરવામાં આવ્યા હતા.

આમ, જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટે વાર્ષિક અહેવાલો અને ઓડિટ થયેલા હિસાબો ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોની જોગવાઈઓ અનુસાર સમયસર તૈયાર અને મંજૂર કર્યા ન હતા. વધુમાં, નાણાકીય વર્ષ માટે તે જિલ્લા ખનીજ નિધિના નાણાકીય અને ભૌતિક કામગીરીનો વિવિધ હિસ્સેદારો અને સામાન્ય જનતાને જાણ કરવામાં કરવામાં પણ વિલંબમાં પરિણમ્યો હતો.

અવલોકન પર પાંચ જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટોના જવાબો મળ્યા ન હતા (નવેમ્બર 2024).

3.5.5 માહિતી, શિક્ષણ અને સંચાર પ્રવૃત્તિઓ

આ અહેવાલના ભાગ ક ના ફકરા 2.9.3 માં અગાઉ ચર્ચા કર્યા મુજબ, દરેક જિલ્લા ખનીજ નિધિ એક વેબસાઇટ જાળવશે જ્યાં ચોક્કસ મૂળભૂત માહિતી[23] પૂરી પાડવી જોઈએ અને સમયાંતરે તેને અદ્યતન કરવામાં આવશે અને તેમાં રાજ્ય સ્તરની સંકલન સમિતિની બેઠકોના સંદર્ભમાં કાર્યસૂચિ, કાર્યનોંધ અને કાર્યવાહીના અહેવાલો સામેલ હશે.

ઓડિટે પાંચ જિલ્લા ખનીજ નિધિઓની વેબસાઇટની સમીક્ષા કરી અને અવલોકન કર્યું (સપ્ટેમ્બર 2023) કે જિલ્લા ખનીજ નિધિઓની વેબસાઇટ પર નીચેની માહિતી/તથ્યો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા નથી જેના કારણે ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમોનું આંશિક પાલન થયું હતું:

- કારોબારી સમિતિ અને વહીવટી પરિષદની બેઠકોના સંદર્ભમાં કાર્યસૂચિ, કાર્યનોંધ અને કાર્યવાહીના અહેવાલો જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટની વ્યક્તિગત વેબસાઇટ પર અપલોડ કરવામાં આવ્યા ન હતા. જો કે, આ માહિતી જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમની વેબસાઇટ

22 આ સંદર્ભમાં, જિલ્લા ખનીજ નિધિ- એકલ કેન્દ્રવર્તી એકમ, ગાંધીનગર તરફથી વર્ષ 2023-24 માટે મંગાવવામાં આવેલી (નવેમ્બર 2024) માહિતીની રાહ જોવાઈ રહી છે. તેથી, આ અવલોકનો 2016-17 થી 2022-23 ના સમયગાળા માટેના માહિતી સાથે સંબંધિત છે.

23 જિલ્લા ખનીજ નિધિની રચનામાં વહીવટી પરિષદ અને કારોબારી સમિતિના સભ્યોની વિગતો, અસર પામેલા વિસ્તારો અને અસરગ્રસ્ત લોકોની વિગતો, જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટને આપેલ ત્રિમાસિક ફાળો, કાર્યસૂચિ, વહીવટી પરિષદ અને કારોબારી સમિતિની બેઠકોની કાર્યનોંધ અને તેના સંદર્ભમાં લેવાયેલા પગલાંના અહેવાલો, વાર્ષિક યોજના, વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ અને જિલ્લા ખનીજ નિધિ દ્વારા હાથ ધરવામાં આવતી તમામ યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓના અમલીકરણની સ્થિતિ અથવા પ્રગતિનો સમાવેશ થાય છે, જેમાં કાર્યનું વર્ણન, લાભાર્થીઓની વિગતો, અંદાજિત ખર્ચ, અમલીકરણ એજન્સીઓનું નામ, શરૂઆત અને પૂર્ણ થવાની અપેક્ષિત તારીખ તેમજ મંજૂર યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓના ભૌતિક અને નાણાકીય પ્રગતિ અહેવાલનો સમાવેશ થતો હોય.

પર ઉપલબ્ધ હતી જે ફક્ત જિલ્લા ખનીજ નિધિના કર્મચારીઓ દ્વારા જ જોઇ શકાય છે. આમ, દરેક જિલ્લા ખનીજ નિધિની કારોબારી સમિતિ અને વહીવટી પરિષદ વિશેની માહિતી જાહેર ક્ષેત્રમાં ઉપલબ્ધ નહોતી.

- વાર્ષિક યોજના, વાર્ષિક અહેવાલ અને ઓડિટ અહેવાલ વ્યક્તિગત જિલ્લા ખનીજ નિધિની વેબસાઇટ પર ઉપલબ્ધ નહોતા.

આમ, ઉપરોક્ત ખામીઓ દર્શાવે છે કે પસંદ કરાયેલ જિલ્લા ખનીજ નિધિ દ્વારા યોજનાના અમલીકરણનું નિરીક્ષણ અને મૂલ્યાંકન પૂરતું ન હતું અને બિનઅસરકારક હતું.

3.6 ઉપસંહાર

કામગીરી ઓડિટમાં પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાના અમલીકરણમાં અનેક મુદ્દાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. પ્રથમ, પ્રત્યક્ષ રીતે અસર પામેલા ગામોની યાદીનું અદ્યતનીકરણ ન કરવું, પરોક્ષ રીતે અસર પામેલા ગામો અને લાભાર્થીઓની ઓળખ ન થવાથી, ખાણકામ પ્રવૃત્તિઓથી પ્રભાવિત સમુદાયોના અસરકારક કલ્યાણમાં અવરોધ ઊભો થયો. પરિણામે, પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજનાની પરિયોજનાઓ માટે જિલ્લા ખનીજ નિધિઓ દ્વારા ઊભું કરાયેલ ભંડોળ મોટાભાગે ઓછું ઉપયોગમાં લેવાયું. વધુમાં, ગેરકાયદેસર ખાણકામને કારણે થતા પર્યાવરણીય નુકસાનને પહોંચી વળવા માટે રચાયેલ પર્યાવરણીય વળતર ભંડોળનો પણ ઉપયોગ ન થયો.

યોજના હેઠળ લાભોની સમાન વહેંચણી, ચુકવણીઓ સમયસર કરવી અને વિકાસ પરિયોજનાઓ ઝડપથી પૂર્ણ કરવા માટે સર્વગ્રાહી સામાજિક ઓડિટ આવશ્યક છે. સામાજિક ઓડિટ શરૂ થયું હોય તેવું લાગતું ન હોવાથી તે ઝડપથી શરૂ કરવા માટે પ્રયાસો કરવા જોઇએ. ગુજરાત જીલ્લા ખનીજ નિધિ નિયમો 2016 મુજબ સામાજિક ઓડિટ હાથ ધરવામાં આવ્યું ન હોવાથી, જીલ્લા ખનીજ નિધિ દ્વારા ચલાવવામાં આવેલા પરિયોજનાની સામાજિક અસરનું મૂલ્યાંકન કરવામાં આવ્યું ન હતું.

સુધારેલા જિલ્લા ખનીજ નિધિ નિયમો, 2024 નો અમલ કરતી વખતે, યોજનાની અસરકારકતા વધારવા માટે આ ખામીઓને દૂર કરવી અતિ મહત્વની છે.

3.7 ભલામણો

ભલામણ 1: ગુજરાત જિલ્લા ખનીજ નિધિ નિયમો અનુસાર જિલ્લા ખનીજ નિધિઓએ દરેક નાણાકીય વર્ષની શરૂઆત પહેલાં વાર્ષિક અહેવાલ તૈયાર કરવાનું સુનિશ્ચિત કરવું જોઇએ.

ભલામણ 2 જિલ્લા ખનીજ નિધિઓએ ખાણકામથી અસર પામેલા વિસ્તારોમાં વ્યાપક જનતાની જરૂરિયાતોને પૂર્ણ કરે એવી પરિયોજનાઓની ઓળખ કરવા માટે જિલ્લા ખનીજ નિધિ ફાળાનો સમયસર અને અસરકારક ઉપયોગ સુનિશ્ચિત થાય એ રીતે એક પ્રણાલી સ્થાપિત કરવી જોઈએ, જેથી.

ભલામણ 3: જિલ્લા ખનીજ નિધિઓએ નિયમો અનુસાર લાગુ પડતા વ્યાજ સાથે, બધા બાકી જિલ્લા ખનીજ નિધિના ફાળાની સમયસર વસૂલાત સુનિશ્ચિત કરવી જોઈએ.

ભલામણ 4: પરિયોજનાની અસરકારકતાનું મૂલ્યાંકન કરવા માટે સામાજિક ઓડિટ શરૂ કરવા માટે લેવામાં આવેલા પગલાં સહિત, જિલ્લા ખનીજ નિધિ દ્વારા વાર્ષિક અહેવાલ અને ઑડિટ થયેલા હિસાબો તૈયાર કરવા જોઈએ, અને જિલ્લા ખનીજ નિધિ-એકલ કેન્દ્રવર્તી એકમ દ્વારા રાજ્ય વિધાનસભામાં રજૂ કરવા જોઈએ.

(બિજિત કુમાર મુખર્જી)

અમદાવાદ
પ્રધાન મહાલેખાકાર (ઑડિટ-II), ગુજરાત

તાઃ **28 JULY 2025**

પ્રતિસહી

(કે. સંજય મૂર્તિ)

નવી દિલ્લી
ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક

તાઃ **29 JULY 2025**

પરિશિષ્ટો

પરિશિષ્ટ I

કામગીરી ઑડિટ હેઠળ વિગતવાર સમીક્ષા માટે પસંદ કરેલા જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતોના નમૂનાની યાદી

(ફકરા નં. 1.5માં સંદર્ભિત)

પસંદ કરેલા જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતોની યાદી		
જિલ્લો	**તાલુકો**	**ગ્રામ પંચાયત**
1. ભાવનગર	1. ઉમરાળા	1. ઉમરાળા
		2. હડમતાળા
		3. ગોલારામા
	2. શિહોર	1. જાંબળા
		2. પીપરાળા
		3. જુના જાળિયા
	3. મહુવા	1. ભાદરા
		2. નાના અસરાણા
		3. મોડા
2. દેવભૂમિ દ્વારકા	1. કલ્યાણપુર	1. ખાખરડા
		2. કલ્યાણપુર
		3. પ્રેમસર
	2. ખંભાળીયા	1. ધ્રામપુર
		2. કંચનપુર
		3. વિંજલપર
	3. દ્વારકા	1. ગોરીંજા
		2. જામ બતીસા
		3. વસઇ
3. મહેસાણા	1. સતલાસણા	1. હાડોઇ
		2. સમરાપુર
		3. વેડસ્મા
	2. વીજાપુર	1. દેવપુરા
		2. સંઘપુર
		3. ધનપુરી (ઘટુ)
	3. બેચરાજી	1. સૂરજ
4. પોરબંદર	1. રાણાવાવ	1. નારેણા
		2. દિગ્વિજયગઢ
		3. ચાદોત્રા
	2. કુતીયાણા	1. બિલડી
		2. વડાળા
		3. ધ્રુવાડા
	3. પોરબંદર	1. પટા
		2. અંબારામા
		3. કોળીખાડા
5. સુરત	1. માંડવી	1. ટિંટોઇ

		2. ઉન
		3. વાંકળા
	2. મહુવા	1. આમચાક
		2. જોલ
		3. વેલણપુર
	3. બારડોલી	1. વાઘેચા
		2. કડોદ
		3. મીયાવાડી

પરિશિષ્ટ II

જાહેરનામાની તારીખથી જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટની નોંધણી માટે લેવાયેલો સમય

(ફકરા નં. 2.1 માં સંદર્ભિત)

ક્રમાંક	જિલ્લા ખનીજ નિધિનું નામ	ટ્રસ્ટની નોંધણીની તારીખ	01.04.2016 ના જાહેરનામાની તારીખથી મહિનાઓમાં લેવાયેલો સમય
1	અમદાવાદ	31.03.2017	12
2	અમરેલી	08.07.2018	27
3	આણંદ	19.05.2017	13
4	અરવલ્લી	27.03.2019	36
5	બનાસકાંઠા	10.09.2018	29
6	ભરૂચ	28.03.2017	12
7	ભાવનગર	29.09.2016	06
8	બોટાદ	29.09.2016	06
9	છોટાઉદેપુર	22.12.2016	9
10	દાહોદ	27.05.2017	14
11	દેવભૂમિદ્વારકા	05.10.2018	30
12	ગાંધીનગર	16.02.2018	22
13	ગીરસોમનાથ	12.07.2017	15
14	જામનગર	21.06.2018	27
15	જુનાગઢ	12.06.2017	14
16	કચ્છ	05.01.2017	9
17	ખેડા	07.04.2017	12
18	મહેસાણા	20.04.2018	23
19	મહીસાગર	22.09.2017	18
20	મોરબી	20.09.2017	17
21	નર્મદા	14.02.2017	10
22	નવસારી	03.08.2018	28
23	પંચમહાલ	25.05.2017	14
24	પાટણ	20.04.2020	48
25	પોરબંદર	21.09.2017	18
26	રાજકોટ	19.07.2017	15
27	સાબરકાંઠા	28.03.2018	24
28	સુરત	28.09.2017	18
29	સુરેન્દ્રનગર	23.08.2017	17
30	તાપી	10.05.2017	13
31	વડોદરા	29.10.2016	7
32	વલસાડ	18.07.2018	27

સંક્ષેપોની શબ્દસૂચિ

સંક્ષેપ	પૂર્ણ સ્વરૂપ
AA	વહીવટી મંજૂરી
AMC	વાર્ષિક જાળવણી કરાર
CGM	ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ કમિશનર
DLPC	જિલ્લા સ્તરની ખરીદ સમિતિ
DMF-SNU	જિલ્લા ખનીજ નિધિ, રાજ્ય કેન્દ્રવર્તી એકમ
DMFT	જિલ્લા ખનીજ નિધિ ટ્રસ્ટ
DPO	જિલ્લા આયોજન અધિકારી
DSO	જિલ્લા રમતગમત અધિકારી
EA	કાર્યવાહક એજન્સી
EC	કારોબારી સમિતિ
ECC	શૈક્ષણિક સિરામિક ચાર્ટ
ECF	પર્યાવરણીય વળતર ભંડોળ
EE	કાર્યપાલક ઇજનેર
GC	વહીવટી પરિષદ
GDMF	ગુજરાત જિલ્લા ખનીજ નિધિ
GeM	સરકારી ઇ-બજાર
GMRDS	ગુજરાત ખનીજ સંશોધન અને વિકાસ સોસાયટી
GR	સરકારી ઠરાવ
GSCBT	ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ઓફ બ્લડ ટ્રાન્સફ્યુઝન
GWSSB	ગુજરાત પાણી પુરવઠો અને ગટર વ્યવસ્થા બોર્ડ
IBM	ભારતીય ખાણ બ્યુરો
ILMS	સંકલિત લીઝ વ્યવસ્થાપન પધ્ધતિ
IMD	ઉદ્યોગ અને ખાણ વિભાગ
MMDR	ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન)
MPR	માસિક પ્રગતિ અહેવાલ
PIA	પરિયોજના અમલીકરણ એજન્સી
PMKKKY	પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના
PEE	શારીરિક કસરતના સાધનો
R&B	માર્ગ અને મકાન
SLCC	રાજ્ય સ્તરની સંકલન સમિતિ
TDO	તાલુકા વિકાસ અધિકારી
TS	તાંત્રિક મંજૂરી

©ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક

www.cag.gov.in

https://cag.gov.in/ag2/gujarat/en